ગ્રંથોત્સવ

ભદ્રંભદ્ર
આત્મકથા
યુગયાત્રા
અખેગીતા
અમે બધાં
સરસ્વતીચંદ્ર
ચરિત્રકોશ
પાટણની પ્રભુતા
ધીમુ અને વિભા
ગ્રામલક્ષ્મી
ગુજરાતનો નાથ
બાંધ ગઠરિયાં ૧-૨
હિમાલયનો પ્રવાસ
સોરઠી બહારવટિયા
ઝેર તો પીધાં છે જાણી જાણી
મનુભાઈ પંચોળી 'દર્શક'
જનમટીપ
કાકાની શશી અને છીએ તે જ ઠીક
કલાપીનો કેકારવ
કરણ ઘેલો
તણખા
કુંવરબાઈનું મામેરું
દરિયાલાલ
લીલુડી ધરતી
ચુનીલાલ મડિયા
મહાદેવભાઈની ડાયરી
સૉક્રેટિસ
મહાન મુસાફરો

ગ્રંથોત્સવ

પ્રકાશક	:	માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
લેખક - સંપાદક	:	ચંદ્રેશ મકવાણા
પ્રોસેસિંગ અને મુદ્રણ	:	સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ
પ્રકાશન વર્ષ	:	૨૦૨૦-૨૧

લેખકના અનુભવ અને સંશોધનના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.
તેમાં વ્યક્ત થયેલા વિચારો કે મંતવ્યો સાથે રાજ્ય સરકાર સંમત જ છે એમ માનવું નહીં.

सत्यमेव जयते



સંદેશ

સારાં પુસ્તકો સમાજ માટે પ્રકાશ, અનુભૂતિ અને પ્રેરણારૂપ છે. લેખકે સર્જેલા શબ્દવિશ્વને વાચક જ્યારે પોતીકું બનાવી મનની આંખોથી પ્રવાસનો આરંભ કરે છે ત્યારે અભૂતપૂર્વ અનુભવોમાંથી પસાર થવાનો લ્હાવો માણે છે. વાંચનનો શોખ વ્યક્તિત્વને નિખારનારો-ઓપ આપનારો છે. ગુજરાતી ભાષામાં રચાયેલું સાહિત્ય ગુજરાતના સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાને સ્વયંમાં સમાવીને જીવંત કરે છે.

નર્મદ, ઉમાશંકર જોષી, હરિન્દ્ર દવે જેવા કવિઓ તેમજ કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ જેવા લોકપ્રિય વાર્તાકારોએ વાચકોના મનમાં જગ્યા બનાવીને ગુજરાતી સાહિત્યને અમરત્વ પ્રદાન કર્યું છે. ગુજરાતીમાં રચાયેલા સાહિત્યના તમામ પ્રકારો જેવા કે આત્મકથા, કવિતા, ગીતો, નવલિકા, નવલકથા તેમજ હાસ્યનિબંધોમાં ઉલ્લેખનીય અને નોંધપાત્ર ફાળો આપનાર કૃતિઓ તેમજ તેમના સર્જનકારોથી અવગત કરાવતો પ્રયાસ અભિનંદનીય છે.

રાજ્યના માહિતી વિભાગની લોકપ્રિય પુસ્તિકા 'ગ્રંથોત્સવ'ના પુનઃમુદ્રણ અવસરે વાચનપ્રેમી યુવાનો માટે ગુજરાતી ભાષાના પ્રમાણભૂત પુસ્તકોનો પરિચય આનંદ આપનારો નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. વાંચનના શોખીન વ્યક્તિ માટે 'ગ્રંથોત્સવ' સંતોષકારક તથા નવ-વાચકો માટે પ્રેરણાદાયી બની રહે તેવી અભિલાષા સહ...

આપનો,

(વિજય રૂપાણી)
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

અક્ષર આરાધકોની ઓળખ...

આપણે સૌ ગુજરાતની ભવ્ય સાહિત્યિક સાંસ્કૃતિક ધરોહરને તેમજ ગુર્જર અસ્મિતાના જ્યોતિર્ધરોને યાદ કરી તેમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરીએ તો જ આપણે ભાષાના મૂળથી જોડાયેલા ગણાય. આ પરંપરાને યુવાપેઢી સમક્ષ રજૂ કરવા ગ્રંથોત્સવ પુસ્તિકાનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે સરાહનીય છે.

આજે લખાયેલો કોઈ શબ્દ ભવિષ્યમાં કેટલા લોકો વાંચશે અને તેના જીવનમાં કેટલો સુધાર લાવશે તે કોઈ જાણતું નથી. પરંતુ સાહિત્યકારોએ લખેલા લેખો એક સદી પછી પણ ઘણા લોકોને જ્ઞાનરૂપી દીપકનું અજવાળું આપે છે.

રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા આ પુસ્તિકામાં લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારોની ઉત્તમ કૃતિઓનું સંકલન કરીને મહાકવિ દયારામ, ઝવેરચંદ મેઘાણી, ક. મા. મુનશી સહિત અનેક સાહિત્યકારો વિશે સંક્ષિપ્ત જાણકારી આપવાનો થયેલો પ્રયાસ આવકારદાયક છે.

ગુજરાતના સાંસ્કૃતિક વારસાને નવી પેઢીના યુવાનોમાં ઉજાગર કરવામાં આ પુસ્તિકા ઉપયોગી બની રહેશે એવી આશા સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

(અશ્વિની કુમાર, આઈ.એ.એસ.)
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



પુસ્તકોનો પ્રેરણાદાયી પંથ...

ગુજરાતી ભાષાના લોકપ્રિય પુસ્તકો સમાજનું ચિત્ર સમાવીને શાંત બેઠા હોય છે. આ પુસ્તકો સુધી પહોંચવાનો પ્રયાસ વ્યક્તિત્વને વિશેષ બનાવે છે. સમાજનો અરીસો પણ અને સમાજનો આદર્શ પણ આ પુસ્તકોના પાનામાં હોય છે. સુજ્ઞ વાચકો સુધી ગુજરાતી ભાષાના સાહિત્યિક વારસાને પહોંચાડવાના તમામ પ્રયત્નો આવકાર્ય છે.

આ ક્ષણ છે ક્ષણિકતામાંથી બહાર નીકળવાની, આ ક્ષણ છે જાગૃતિના અહેસાસ સાથે કાર્યક્ષિતિજે ડૂબેલા અક્ષરઆરાધકોને ઓળખીને નવી પેઢી સમક્ષ રજૂ કરવાની.

પ્રજ્ઞાવાન ઉષાને પોંખી જનસામાન્યને વિવિધ કૃતિઓનું રસપાન કરવા કવિ શ્રી ચંદ્રેશ મકવાણાને નિમંત્ર્યા, ભાઈ ચંદ્રેશે ભૂતકાળને સજીવન કરવાનું ખૂબ કપરું કાર્ય સ્વીકાર્યું. આજના આ ડિજીટલ યુગમાં શ્રેષ્ઠ ભાષાકીય સાહિત્યનું નિર્માણ કરવાનું કાર્ય પણ એટલું જ જટિલ બનતું જાય છે. વર્તમાન પેઢી અને આવનારી પેઢી પુસ્તકોને ઓળખશે, તેને વાંચી - સમજીને સ્વીકારશે. સારા પુસ્તકો ક્યારેય ખોટો માર્ગ બતાવતા નથી.

ગ્રંથોત્સવના પુનઃમુદ્રણની વેળા જાણે ગણપતિ પૂજા છે. ઈશ્વર આ અરુણ પ્રભાતે કલ્યાણ કરે અને સૌને શબ્દસુવાસ પહોંચાડે તેવી શુભકામનાઓ.

(અશોક કાલરીયા)

માહિતી નિયામક

ઉઘડતે પાને બે શબ્દ...

રાજ્યના લોકો રાજ્યના ઉત્તમ ગ્રંથપુષ્પો વિશે જાણે અને તેની સુગંધ રસપાસન કરે તેવા આશયથી પુષ્પોના જાણકાર એવા એક માળીને ઉત્તમ પુષ્પો પસંદ કરવાનું કાર્ય સોંપાયું. મુસીબત તો ત્યારે થઈ જ્યારે માળી બગીચામાં પહોંચ્યો. તે ભારે વિમાસણમાં મૂકાયો. તેને તો બગીચામાંથી ઉત્તમ પુષ્પો પસંદ કરવાનું કાર્ય સોંપાયું હતું, પણ બગીચામાં તો ઉત્તમ પુષ્પોની રેલમછેલ હતી અને માળી પાસે મર્યાદિત છાબડી હતી, અને આ મર્યાદા વચ્ચે એણે એની જવાબદારી સુપેરે પાર પાડવાની હતી. એ તો વિમાસણમાં મૂકાઈ ગયો અને પહોંચી ગયો એક એના અનુભવી મિત્ર માળી પાસે.

અનુભવી માળી મિત્રએ એના અનુભવના આધારે તરત જ રસ્તો બતાવ્યો. અનુભવી માળી મિત્ર સાથે એ બગીચામાં ગયો અને માળીની આંખે પાટો બાંધીને કહ્યું, “હવે જે તારા હાથમાં આવે તે પુષ્પો લઈ લે. બધાં જ પુષ્પો

ઉત્તમ છે તો પછી પસંદગીનો તો પ્રશ્ન જ ક્યાં છે?" માળીએ એમ જ કર્યું અને પોતાની પાસે રહેલી છાબડીમાં સમાય તેટલાં પુષ્પો બગીચામાંથી લઈ લીધાં.

આ ગ્રંથમાં પણ 'ગ્રંથોત્સવ' માટે ગ્રંથો પસંદ કરતી વખતે પસંદકર્તા એટલે કે હું, માળીની જેમ જ અવઢવમાંથી પસાર થયો છું. મેં પણ ઉત્તમ ફૂલોની રેલમછેલમાંથી નાનકડી છાબ ભરીને પુષ્પ વીણવાનું નાજુક કાર્ય કર્યું છે. મારી ઈચ્છા તો હોય જ કે હું મારી ભાષાના એ તમામ ઉત્તમ ગ્રંથોને આ પુસ્તકમાં સમાવી શકું કે જે પુસ્તકોએ મારી ભાષા અને મારા રાજ્યની અસ્મિતામાં વધારો કર્યો હોય પણ મારી પાસેની છાબની મર્યાદાને ધ્યાનમાં લઈને હું કેટલાંક જ ઉત્તમ ગ્રંથો આપની સમક્ષ મૂકી શક્યો છું. આ પુસ્તકમાં સાહિત્ય કૃતિ પર પ્રકાશ પાડવાનો મુખ્ય આશય છે. રચયિતાની એક, બે કે ત્રણ રચના પણ ગુજરાતની અસ્મિતાને ગૌરાન્વિત કરતી હોય તો તેને લેવામાં મને અને વાંચકને સાહજિકપણે ગૌરવ થાય એ સ્વભાવિક છે. અહીં મેં તમામ કૃતિઓને બારાક્ષરી પ્રમાણે લેવાનો અનુક્રમ રાખવાનો પ્રયાસ કર્યો છે. તેમાં હું કેટલી હદે સફળ રહ્યો છું, એ તો સુજ્ઞ વાચકોએ જ નક્કી કરવું રહ્યું.

આ ગ્રંથને નવા રંગરૂપ સાથે તેમજ જે તે સમયે પ્રસિધ્ધ થયેલ પુસ્તકના મુખપૃષ્ઠનું ચિત્ર પ્રસિધ્ધ કરવા માટે માહિતી નિયામક શ્રી અશોક કાલરીયા અને સ્નેહી શ્રી પુલક ત્રિવેદી તથા સમગ્ર માહિતી પરિવારનો હું આ તકે વિશેષ ઉલ્લેખ કરું છું.

- ચંદ્રેશ મકવાણા

અખેગીતા

- અખો



મધ્યકાલીન પદ્ય સાહિત્યમાં આધ્યાત્મિકતાને લઈને ઘણી રચનાઓ થઈ છે. જેમાં તત્વજ્ઞાનને આધારે જીવ-જગત-માયા અને બ્રહ્મને સમજવાના પ્રયત્નો થયા છે. અખાના પુરોગામી નરસિંહની જ્ઞાનગીતામાં આ વસ્તુ જોઈ શકાય છે. આ સિવાય પણ ઘણા રચનાકારોએ દર્શનશાસ્ત્રની છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે. અખો આ પરંપરામાં જ આગળ વધતાં 'અખેગીતા' લઈ આવે છે. અખાએ ગ્રંથના આરંભમાં તત્વજ્ઞાન વિશેની વાત કરી છે. જે ગ્રંથના વિષય-વસ્તુનો નિર્દેશ કરે છે.

અથ અખેગીતા મહામોક્ષદાયિની લિખ્તે - એટલે કે, હવે પછી મોક્ષ આપનારી 'અખેગીતા' લખવામાં આવે છે.

'અખેગીતા'માં અખાએ ભગવદ્‌ગીતાના તત્વજ્ઞાન પ્રધાન વિચારોથી પ્રેરાઈને તેમાં પોતાના વેદાંતી વિચારો અને તત્વજ્ઞાનનું મિશ્રણ કરી પદો રચ્યાં છે. આમ 'અખેગીતા'ને દર્શનશાસ્ત્રનો ગ્રંથ ગણી શકાય. 'અખે-ગીતા'માં ૪૦ કડવાં અને ૧૦ પદોમાં ચોપાઈ અને દોહા છંદમાં સરળતાથી ગાઈ શકાય તેવા સ્વરૂપે તત્વજ્ઞાન વિષયક વાતો વર્ણવાઈ છે. જે ક્રમશઃ અદ્વૈત, માયાનું સ્વરૂપ અને પ્રભાવ, ભક્તિનો મહિમા, પરબ્રહ્મ સ્વરૂપ, મત-મતાંતર, ગુરુમહિમા, અદ્વૈતઅનુભવ અને તેનો આનંદ જેવા વિષયો વણી લેવામાં આવ્યા છે. અખાએ તત્વજ્ઞાનીનાં લક્ષણો, બ્રહ્મ સ્વરૂપ, માયાનું સ્વરૂપ, ઈશ્વર સ્વરૂપ, જીવ અને જગતની ઉત્પત્તિ, સત્સંગનો મહિમા જેવા વિષયોની મુક્ત મને ચર્ચા કરી છે.

અખો વ્યવસાયે સોની હતો. જુવાનીમાં પિતાનું અવસાન, પત્નીનું અવસાન, બીજાં લગ્ન, બીજી પત્નીનું અવસાન, ધરમની માનેલી બહેનનો ચોરીનો આરોપ જેવા જીવનના ઘણા દુઃખદ અને કડવા અનુભવોએ અખાને નિર્વેદ તરફ ધકેલી દીધો. તેની વાણીમાં જે ચાબખા વાગે છે તે આ વાસ્તવિક અનુભવોથી ખેડાયેલી તેની જીવન યાત્રાનું પરિણામ છે.

હિન્દી સાહિત્યમાં જે સ્થાન કબીરનું છે તે જ સ્થાન ગુજરાતી સાહિત્યમાં અખાનું છે. કબીરે પ્રત્યેક વિષયને તટસ્થતાથી વાસ્તવિક સ્વરૂપે નિરૂપ્યો છે. એવું જ અખાનું પણ છે. અખાએ અનેક વિષયોને પોતાની અદ્‌ભુત કળા શક્તિથી ઉત્તમ રીતે રજૂ કર્યા છે. જે વાચક-પાઠક વિષયના ઊંડાણમાં જઈને રસપાન કરશે તે ભાવવિભોર થયા વગર રહેશે નહીં. ભલે એ વાત પોતાને જ લાગુ પડતી હોય અને કડવી હોય તો પણ વાચક અખાની સત્ય વાણીનો સ્વીકાર કર્યા વગર રહી શકતો નથી.

અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ

- નારાયણ દેસાઈ

મહાદેવભાઈ દેસાઈ. આ નામ વગર ગાંધીજી અધૂરા છે. ગાંધીવિચાર અધૂરો છે. ગાંધીજીવન અધૂરું છે. ગાંધીઆચાર અધૂરા છે, એમ પણ કહીએ તો જરા પણ ખોટું નથી. 'સત્યના પ્રયોગો' ઉપરાંત ગાંધીજીને ઓળખવા માટે મહાદેવભાઈ દેસાઈ પાસે જવું જ પડે. આટલી જ ઓળખાણ સુધી પહોંચેલા વાચકોને મહાદેવભાઈનો નમ્રતય સાહિત્ય સાધના, નેતાગીરી, પોતાના શ્રદ્ધેયમાં જાત ઓગાળનાર, ભક્તકવિ નરસૈંયાની યાદ અપાવતું ગાંધીભક્તિ, ભાષા સ્વામિત્વ જેવાં અપ્રગટ ગુણોથી અવગત કરાવતું સમગ્રદર્શી જીવનચરિત્ર એટલે નારાયણભાઈ દેસાઈનું પિતૃતર્પણ સમું પુસ્તક 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ'.

મહાદેવભાઈના અનેક આદરણીયો સાથેના સંબંધો, ગાંધીજીના સચિવની કામગીરી કરતાં-કરતાં સમાવાતો ગૃહસ્થાશ્રમ, ગાંધી છાયા સમું બ્રહ્મચર્ય-ની સાથે સાથે ગાંધીજી અને મહાદેવભાઈનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરી મહાદેવભાઈ માત્ર એક સચિવ જ નહીં, સચિવથી પણ વિશેષ કંઈક ગાંધીજી માટે કેમ હતા, એનો ઉત્તર પણ અહીં મળતો સમજાય છે. જે કથાની શરૂઆત છે. 'ઉઠો, મહાદેવ ઉઠો' ગાંધીજી મહાદેવભાઈના મૃતદેહને સંબોધે છે એ આશાએ, એ શ્રદ્ધાએ કે મહાદેવભાઈ મારી આજ્ઞા ક્યારેય ઉથાપે નહીં. બસ આટલું જ પૂરતું છે પરંતુ પ્રવાહ આગળ વધે છે. જમનાલાલ બજાજ અને ગાંધીજી વચ્ચે ગાંધીજીની પસંદગી કંઈ એમ જ નહોતી થઈ. એમાં આધ્યાત્મિકતાથી ભરપૂર એકનિષ્ઠા અને શૂન્યત્વની સાધના ભળેલી હતી. આવી સાધના અગ્નિકુંડ કરતાં ઓછી ઉતરતી નથી હોતી.

ગાંધીજી સાક્ષાત્કાર પહેલાંના મહાદેવભાઈનું જીવન વર્ણન વાંચતાં એવી સમજ ઊભી થયા વિના રહેતી કે એમના જીવનનો વિકાસ એમની જ્ઞાનકૌશલ્ય અને વીરતા-દૃઢતાનો પીંડ જાણે ગાંધીજીના સમર્પણ માટે જ તૈયાર ન થયો હોય? મહાદેવભાઈનું એક પાસું એમની વિશિષ્ટતા રજૂ કરે છે, તેઓ માત્ર ડાયરી નોંધનારા નથી, મૂલ્યાંકન કરી નોંધનારા છે. ગાંધીજીએ મહાદેવભાઈનું ઘડતર કર્યું કે મહાદેવભાઈએ ગાંધીજીનું ઘડતર કર્યું એવો પ્રશ્ન પણ ઊભો થયા વિના રહેતો નથી. કદાચ લેખકનો પિતૃપ્રેમ કે પિતૃતર્પણ. લેખકનું પૃથક્કરણ 'બાપુના વિચારોને એકબાજુ પ્રાચીન વેદ-ઉપનિષદ વગેરે શાસ્ત્રોનો આધાર આપવાનું કામ મહાદેવભાઈએ કર્યું. લેખક એમ પણ નોંધે છે કે, મહાદેવભાઈએ પોતાને ગાંધીજીમાં ઓગાળી દીધા હોવા છતાં ગાંધીજીથી જુદો મત રજૂ કરી, તર્કથી સમજાવી ગાંધીજીને પોતાનો મત ફેરવવા રાજી પણ કર્યા છે. આમ, મહાદેવભાઈનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઉઘડતું દેખાય છે. જે આ ગ્રંથની મોટી ઉપલબ્ધિ ગણી શકાય.



અભિનવનો રસવિચાર

- નગીનદાસ પારેખ

સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કૃતિ 'અભિનવનો રસવિચાર'નું આખું નામ 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' એમ છે.

૧૬૨ જેટલાં પાનાંમાં વિસ્તરેલ આ લેખમાળામાં આખેઆખું કાવ્યશાસ્ત્ર સમાયેલું છે એમ પણ કહી શકાય. રસવિચાર નામ જ કાવ્યરસના વિચાર વિશે પ્રેરે છે. જેમાં કાવ્યનાં લક્ષણો, સંજ્ઞા, વ્યાકરણ, ન્યાય, મીમાંસા, નિરૂપણ, રસ કેવી રીતે ઉત્પન્ન થાય છે જેવી કાવ્યને લગતી તમામ વાતોનો સમાવેશ વિવિધ લેખો દ્વારા કરી લીધો છે.

ઉલ્લેખનીય રીતે 'વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર', 'રમણીયતા : જગન્નાથનો કાવ્યવિચાર' તથા 'ક્ષેમેન્દ્રનો ઔચિત્યવિહાર' કાવ્યશાસ્ત્રના વિવરણ લેખો છે. તેમાં કાવ્યશાસ્ત્રીઓએ કરેલી ચર્ચાનું વિધિસર વિવરણ કરીને નવી જ મીમાંસા સર્જી છે. 'અર્થ' અને 'રસાભાસ' લેખોમાં લેખક પોતે પ્રગટી ઉઠે છે. 'અર્થ'માં અર્થનો અર્થ આપી મૂળથી અર્થ સમજવાનો દૃષ્ટિકોણ સરળ રીતે રજૂઆત પામ્યો છે. તો 'રસાભાસ'માં કાવ્યના મૂળ રસને તારવવાની સમજણ, તેના ખંડન-મંડન સ્વરૂપે ચર્ચીને આવશ્યકતા અનુસાર વધુ સારા વિવેચન માટે આગ્રહ દર્શાવી ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો પ્રેમ અને ચિંતા પ્રગટ કરી છે.

આ લેખો વાંચ્યા બાદ કવિતા એટલે શબ્દાનુપ્રાસ અલંકારિત છંદ, રાગ, મિશ્રિત પદ એવી જે સામાન્ય સમજ છે તેને ધરમૂળથી બદલી આ મૂળતત્ત્વો સિવાય વધારાના તત્ત્વોની ઓળખ કરાવી જાય છે.

લેખોના લેખક નગીનદાસ નારાયણદાસ પારેખે ખરેખર આ કૃતિ દ્વારા કાવ્યશાસ્ત્રની સારી સેવા કરી છે. ભારતીય કાવ્યશાસ્ત્રને સમજવા માટે આવા ગ્રંથો રચાતા રહે તે ખૂબ જરૂરી છે. તેના કારણે નવા દૃષ્ટિકોણો ઊભા થાય. વળી, ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકો ખૂબ ઓછી માત્રામાં છે ત્યારે આવું પુસ્તક બધી રીતે સ્વીકાર્ય બનવું જોઈએ.

અમે બધાં

- જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે /ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા



ગુજરાતી સાહિત્યમાં બે સમર્થ હાસ્ય લેખકોએ સાથે ભેગા થઈને આત્મકથનાત્મક શૈલીમાં એક નવલકથાનું સર્જન કર્યું છે. નામ આપ્યું છે 'અમે બધાં'.

બે કે તે કરતાં વધારે રચનાકારોએ સાથે ભેગા મળીને સર્જન કર્યાના અનેક કિસ્સાઓ ભારતના સાહિત્ય જગતમાં જોવા મળે છે. પણ ગુજરાતી ભાષાના સાહિત્યમાં જે તે સમયે આ પહેલો પ્રયોગ થયો હતો કે જેમાં બે સાહિત્યકારોએ ભેગા મળીને કોઈ કૃતિનું સર્જન કર્યું હોય. વળી, આ પ્રયોગ સફળ પણ રહ્યો છે અને નવલકથા લોકપ્રિય પણ થઈ છે.

જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ આ નવલકથામાં સુરતના ૧૯૩૫ની આસપાસના સમયની વાત રજૂ કરી છે. તે સમયે સુરતના લોકોની વિચારસરણી તેનાથી પ્રેરિત તેમની જીવનશૈલી કયા પ્રકારની હતી, તેમાંથી નિર્દોષ હાસ્ય ઊભું કરવાનો પ્રયાસ કર્યો છે.

કથા આત્મકથાની જેમ આરંભાય છે. કથાનાયક વિપિન પોતાના જ મોઢે પોતાની વાત કહે છે. તેના જીવનના સુખ-દુઃખભર્યા પ્રસંગો વિશે, તેનાં લગ્ન સુધીની વાતો આવે છે. આ કથાની સાથે જે તે સ્થળ-સમયની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓને પણ વણી લેવામાં આવી છે. બંને રચનાકારોએ ભેગા મળી ભૂતકાળને સ્મરિત કરવાનો પ્રયાસ કર્યો હોય તેવું લાગે છે. નવલકથાનું વસ્તુ હાસ્યશૈલીમાં ઢળતાં તે હાસ્યકૃતિ બને છે પણ તેના સટીક વ્યંગો ખૂબ ઉત્તમ અને ઊંચી કક્ષાના ગણાવી શકાય.

જ્યોતીન્દ્ર દવે વિશે એવું કહેવાય છે કે તેઓ રોજિંદા જીવનમાંથી કેટલાક પ્રસંગો અને પરિસ્થિતિઓને ઉપાડી લઈ તેમાંથી હાસ્ય શોધી કાઢે છે ત્યાં સુધી કે તેઓ પોતાની જાત પર પણ હસી લેવાનું ચૂકતા નથી. આ 'હાસ્યના દાતા' સાથે ધનસુખલાલ મહેતાનું જોડાણ થવાથી તે વધારે ખીલ્યું છે અને એટલા માટે જ આપણને એક સારી કૃતિ પ્રાપ્ત થઈ છે.

વળી, હાસ્ય ઊભું કરતી વખતે કૃતિમાં ક્યાંય પણ બનાવટ કરી હોય કે કૃત્રિમ હાસ્ય ઊભું કરવાના પ્રયાસો કર્યા હોય તેવું પણ નથી. અહીં હાસ્ય કથાની સાથે ગૂંથાઈને આવે છે. ચરિત્ર ચિત્રણથી લઈને ભાષા-શૈલી સુધીનાં બધાં જ પાસાં ખૂબ સબળ છે, જે કથાને વધારે મજબૂત અને વાંચવાલાયક બનાવે છે. આ નવલકથાની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખી શ્રી ધનસુખલાલ મહેતાએ તેનું 'સરી જતું સુરત' નામે નાટ્ય રૂપાંતર કરેલું છે.

આગગાડી

- ચંદ્રવદન ચીમનલાલ મહેતા

ચંદ્રવદન મહેતાની પ્રશંસા કરતાં ઉમાશંકર જોશીએ લખ્યું છે કે :

ચન્દ્રવદન એક ચીજ
ગુજરાતને ના જડવી સહેલ
એક અલકમલકની ચીજ
ચન્દ્રવદન તે ચન્દ્રવદન તે ચન્દ્રવદન...

- ઉમાશંકર જોશી

ચં. ચી. નામે ઓળખાતા ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ સાહિત્યનાં કવિતા, નાટક, આત્મકથા, પ્રવાસવર્ણન, વિવેચન જેવાં અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે. ‘આગગાડી’ તેમની ટ્રેજેડી છે. આ નાટકમાં રેલવેની એક આગવી દુનિયાનું દર્શન કરાવ્યું છે. તેમાં રેલવે સાથે સંકળાયેલા શ્રમજીવીઓ અને રેલવેના અન્ય કર્મચારીઓના જીવનને વાસ્તવિક ધરાતલ પર અંકિત કરવાનો પ્રયત્ન કર્યો છે. અંગ્રેજોના સમયથી ચાલી આવતી આ રેલવેમાં એક ગોરા અધિકારીથી શરૂ કરી આપણી સામાજિક વ્યવસ્થા અને તેમાં અટવાતા શ્રમજીવી પરિવારની દુર્દશા નાટકમાં નિરૂપાઈ છે.

બાળપણમાં રેલવે વિશે જે કંઈ છાપ બાલમાનસ પર અંકિત થઈ હતી તે સંવેદના બનીને અંદરને અંદર ઘૂંટાતી રહી, જ્યારે તે ચીસ બનીને બહાર આવી ત્યારે ‘આગગાડી’નું સર્જન થયું. આ કરુણરસથી ભરેલું નાટક છે. નાટકમાં જે કરુણતા દર્શાવી છે તે વિવિધ વેશ, બોલી, પાત્રો, દશ્યોને વધારે માણવાલાયક બનાવે છે.

નાટકનાં તત્ત્વોની દૃષ્ટિએ પણ નાટકને સારા નાટકની કક્ષામાં મૂકી શકાય. કેટલાક પ્રસંગોને બાદ કરતાં નાટ્યકાર બધી જ રીતે સફળ રહ્યાં છે. વળી, મર્યાદાઓ કોને નથી હોતી? બધી જ મર્યાદાઓને તોડીને અથવા તો નાટકનાં અન્ય પાસાં મજબૂત હોવાને કારણે નાટક વારંવાર રંગમંચ પર ભજવાયું છે, જોવાયું છે અને વખણાયું પણ છે.

‘આગગાડી’ ગુજરાતી સાહિત્યનું સીમાચિહ્નરૂપ નાટક છે, એમ કહેવામાં જરાય નાદાની નથી.

આપણો ધર્મ

- આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

ભારતીય ધર્મ અને સંસ્કૃતિ પોતાની અનેક આગવી વિશેષતાઓને કારણે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. દુનિયાનો સૌથી જૂનામાં જૂનો હિન્દુ ધર્મ અને દુનિયાનો સૌથી નવો ધર્મ શીખ ધર્મ. બંને ધર્મો હાલ ભારતમાં મોજૂદ છે. આ સિવાય બૌદ્ધ, જૈન, ઈસ્લામ, જરથોસ્તી, ખ્રિસ્તી વગેરે ધર્મોના અનુયાયીઓ પણ ભારતમાં રહે છે. આ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે.

આનંદશંકર બાપુભાઈ ધ્રુવે સંસ્કૃત, દર્શનશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર જેવા વિષયોનું અધ્યયન ખૂબ ઊંડાણથી કર્યું હતું. વળી, બાળપણથી જ ઘરમાં ધર્મના ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત થયા હતા. વારસા અને શિક્ષણના સમન્વયથી જે કંઈ તેમનામાં ઊગ્યું તે ફળ સ્વરૂપે આપણને 'આપણો ધર્મ' ગ્રંથમાં પ્રાપ્ત થાય છે.

આનંદશંકર ધ્રુવે હિન્દુ ધર્મ શું છે? તેની વિશેષતાઓ શી છે? હિન્દુ ધર્મે વિશ્વને શું આપ્યું છે? હિન્દુ ધર્મમાં પૂજા-પાઠનું શું મહત્ત્વ છે? સગુણ-નિર્ગુણની ભાવના શું છે? મૂર્તિપૂજાનું મહત્ત્વ શું છે? માણસને સુખી-સર્વગુણી અને સંતોષી બનાવવા માટે ધર્મની ભૂમિકા શું હોઈ શકે? આવા અનેક પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયાસ આ ગ્રંથમાં કર્યો છે. ગાંધીજીએ કહ્યું છે કે :

"આનંદશંકરભાઈની સેવાનું વર્ણન કરનાર હું હોણ?... સુધરેલા અને સનાતનીની વચ્ચે તેઓ એક પુલ છે. તેની ઉપર આવ-જા કરીને આપણે સહુ એકબીજાની ભેટ કરીએ છીએ." ગાંધીજીના આ શબ્દો તેમના આ ગ્રંથમાં આનંદશંકર ધ્રુવની ધર્મની સેવા વિશે ઘણું બધું કહી જાય છે.

હિન્દુ ધર્મની કેટલીક વિશેષતાઓ કે જે આ ગ્રંથ વાંચ્યા પછી આપણી સમક્ષ આવે છે.

- સત્ય અને અહિંસાના આધારસ્તંભો પર ઊભો છે.
- અનાદિ છે. કોઈ સ્થાપક નથી.
- મૃત્યુ પછી પણ તમારો ધર્મ તમારી સાથે રહે છે.
- સગુણ-નિર્ગુણની ભાવના અને ૩૩ કોટિ દેવો છે.
- પૂજા-પાઠની અનેક રીતો અને રૂપો છે.
- ધર્માંતરણ તરફ લઈ જતો નથી.

ગાંધીજીએ જે ધર્મ માનવીને નિર્ભય બનાવે તેને સાચા ધર્મની સંજ્ઞા આપી છે કારણ કે હિંસા અને આક્રમણ એ ભયનાં પરિણામો છે. જો માણસ નિર્ભય થઈ જાય તો તેનામાં અહિંસા, પ્રેમ, સત્ય અને શાંતિ જેવા ગુણો પ્રકટે છે. આવો માણસ ક્યારેય કોઈનું ખરાબ ઈચ્છતો નથી. આવા માણસ બનવા માટે તમારી પાસે ધર્મનો ચોક્કસ અર્થ હોવો જોઈએ. જે સાચો ધાર્મિક માણસ છે તે ક્યારેય કોઈને નુકસાન પહોંચાડતો નથી. તે સદૈવ પોતાની સાથે અન્યનું પણ કલ્યાણ કરતો રહે છે.



આપણો વૈભવ અને વારસો

- મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'

સમગ્ર વિશ્વમાં ભારતના વારસા અને વૈભવનું અદકેરું સ્થાન છે. એમાંય ગુજરાતનો તો જોટો જડે એમ નથી. ગુજરાતના વૈભવ અને વારસાને જ નહીં સમગ્ર ભારતવર્ષના વૈભવ અને વારસાને પોતાની કલમના સથવારે પુસ્તક સ્વરૂપે ઢાળ્યો છે 'દર્શક' ઉપનામથી ઓળખાતા મનુભાઈ રાજારામ પંચોળીએ. મનુભાઈ પંચોળી એક સાથે બે પ્રવાહ ખેડીને ચાલ્યા છે અને સફળ પણ થયા છે. શિક્ષણ અને સાહિત્ય- આ બંનેમાં તેમની નિપૂણતા જોવા મળે છે. 'આપણો વૈભવ અને વારસો' નામનું પુસ્તક (ખરેખર તો એક ગ્રંથ સમાન છે) તેમની ઉપયોગી રચનાઓમાંનું એક છે.

'આપણો વૈભવ અને વારસો'માં 'દર્શક' વિષયની ગહનતા માટે ક્યાં સુધી જતા તેનો પરિચય પણ મળે છે અને તેમની દિર્ઘદષ્ટિનો પણ. હિંદુઓની ભવ્ય પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવતો આ ગ્રંથ રાજકીય કે સામાજિક નહીં પણ સાંસ્કૃતિક ઈતિહાસ છે. વેદકાળથી માંડીને સાતમી સદી સુધીના ભારતના સાંસ્કૃતિક વારસાનું તેમાં વિગતવાર વર્ણન છે.

આ ગ્રંથ કુલ ૧૩ પ્રકરણમાં વિભાજિત કરીને ભારતના વારસાને 'દર્શક'એ પોતાની કલમથી કંડાર્યો છે. જેમાં લેખકે શરૂઆત કરી છે ઋગ્વેદમાં કહેલી આર્યોની સંસ્કૃતિના વર્ણનથી. બીજા અને ત્રીજા પ્રકરણમાં આર્યો-અનાર્યો વચ્ચેના સંબંધોની પૂર્વભૂમિકા તેનો વિકાસ તથા તેના પુરસ્કર્તા-પુરોધાનું વર્ણન છે. લેખકે યથાયોગ્ય સ્થાનેથી શરૂઆત કરી છે, જેને ટેકો મળે છે વ્યાસ અને વાલ્મીકિ જેવા મહાકવિઓનાં દૃષ્ટાંતોનો. લેખકે 'આપણો વૈભવ અને વારસો'માં તથ્યો સાથે લઈને વાત આગળ વધારી છે.

બ્રાહ્મણયુગ અને યજ્ઞાદિના વિકાસની વાત ચોથા પ્રકરણમાં કરી છે. તો સમકાલીન સમાજનું ચિત્રણ આલેખાયું છે પાંચમા અને છઠ્ઠા પ્રકરણમાં. જેમાં મહાભારત, ઉપનિષદ આદિ ગ્રંથોનો આધાર લેવાયો છે. સાતમા પ્રકરણમાં મનુભાઈએ બુદ્ધ અને મહાવીરના વિચારોની તુલના કરી છે. તો વળી, સંસ્કૃતિના ચાર આધારોની સમજ આઠમા અને નવમા પ્રકરણમાં જોવા મળે છે. એ આધારો એટલે વિવિધતામાં એકતા તથા અહિંસા, સ્ત્રી-સન્માનની ભાવના, વર્ણાશ્રમ વ્યવસ્થા તથા તર્ક અને પ્રમાણનો મહિમા છે. દસમામાં, પ્રાચીનકાળની શાસન પદ્ધતિઓનો ઈતિહાસ અને તેનું વર્ણન છે. લેખકે આપણા વારસા અને વૈભવને સંકિણ નજરે ન જોતાં સીમા પારના બૃહદ્ ભારતના વિકાસની પણ વાત કરી છે. અને છેલ્લે, બારમું-તેરમું પ્રકરણ છે તેમાં અશ્વમેઘ-પુનરુદ્ધારયુગનાં છસો વર્ષોનો ઈતિહાસ કાગળ પર ઊતાર્યો છે.

'આપણો વૈભવ અને વારસો' ગ્રંથનાં કુલ ૧૩ પ્રકરણોમાં 'દર્શક'નો પરિશ્રમ સહેજેય જણાઈ આવે છે. પરિશ્રમપૂર્વક તથ્યો તારવીને દાર્શનિક ભૂમિકા પર તથ્યોનું મંડાણ છે. ટૂંકમાં, આ ગ્રંથ સૌએ વાંચવા જેવો છે.



એક વખતની વાત

અનુવાદક - રમણલાલ પીતાંબર સોની

જે યુગ વિશે આપણને જાણ નથી હોતી તેનાં કેટલાંક રહસ્યો આપણી સમક્ષ ખુલતાં આપણે તેની તરફ આકર્ષિત થઈએ છીએ. આવું આકર્ષણ આપણને જાણકારી અને જ્ઞાન વિશે માહિતગાર કરે છે. 'એક વખતની વાત'માં પણ આવી જ વાત રજૂ થઈ છે.

મૂળ લેખક મ. ચોક્સી અને મ. પ. જોષી, મૂળ ભાષા અંગ્રેજી. ગુજરાતી અનુવાદ રમણલાલ પીતાંબર સોનીએ આ કામ કરીને એક અદ્ભુત જાણકારીસભર પુસ્તક આપણને આપ્યું છે.

મોંહેજો ડેરો અને સિંધુ સંસ્કૃતિના પ્રાચીન કાળમાં ઝાઝી મથામણ કર્યા વિના ડોકાવું હોય તો માત્ર ૬૪ પાનાંની આ પુસ્તિકા નામે 'એક વખતની વાત' લઈ આવો.

અતિ પ્રાચીન સમયમાં સુઘડ નગરરચના, સ્નાનઘરો, ગટર વ્યવસ્થા સહિતની સગવડો સાથેનાં ભવ્ય નગરો જેવી સિંધુ સંસ્કૃતિ હતી. લોકો વિકાસશીલ હતા, એવું ભણીએ છીએ પરંતુ સ્પષ્ટપણે ખ્યાલ આવતો નથી, તેને બદલે હજાર પ્રશ્નોમાં મગજ અટવાઈ જાય છે. પરંતુ આ પુસ્તક આ મૂંઝવણમાંથી મુક્તિ અપાવે છે.

માતા, હિરપ, વિરોચન, સંદીપના, ઝંઝાર અને ઝેબરનાં પાત્રો દ્વારા એક કલ્પનાવિહાર શરૂ થાય છે. જેમાં ઐતિહાસિક સામગ્રીનો આધાર છે અને વાસ્તવિકતાનો ચિતાર છે, જે આપણી નજરો નજર આખી સંસ્કૃતિનો સમય ઊભો કરી દે છે.

સળંગ વાર્તામાં નવી-નવી ઘટનાઓ નવા વળાંક આપે છે. જુદી-જુદી જીવનપદ્ધતિનું દર્શન કરાવતા લગભગ બે હજાર વર્ષ પૂર્વેના ભારતીય ઈતિહાસથી અવગત કરાવે છે. બાળવાર્તા કહી શકાય એ સ્વરૂપનું આ નાનકડું પુસ્તક ખરેખર તો સૌ લોકો માટે છે.



ઓતરાતી દીવાલો

- કાકાસાહેબ કાલેલકર

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ” એ ન્યાય શું છે, તેની સમજણ આપતો ગ્રંથ એટલે ‘ઓતરાતી દીવાલો’. જેની દૃષ્ટિમાં જ સૌંદર્ય રહેલું હોય તેની દૃષ્ટિને કોઈ દિવાલો રોકી શકતી નથી એ વાત આ ગ્રંથમાં મળી આવે છે.

ગાંધીજીના અસહકાર આંદોલનમાં હોંશે-હોંશે ભાગ લેનાર કાકા સાહેબને અંગ્રેજોએ પકડી લઈને સાબરમતીના કારાગૃહમાં પૂરી દીધા.

જેલના વાતાવરણમાં શું હોય એવી સામાન્ય દૃષ્ટિ કે સમજણ કાકા સાહેબમાં ન હતી. તેઓ તો દરેક જગ્યાએ સૌંદર્ય જ જોતા હતા. એટલે જેલની પ્રકૃતિ અને તે પ્રકૃતિમાં તેમના સહાયક કોણ છે તે પણ તેમણે શોધી લીધું.

જેલમાં કીડી-મંકોડા, વંદા, ચકલી, કબૂતર, કાગડા, કાનખજૂરા, વાંદરા, સમડી, પતંગિયાં જેવા જીવોને તેમણે પોતાના સાથી સમજ્યા. તેઓ આ પ્રકૃતિમાં કઈ રીતે જીવે છે. પ્રકૃતિ સાથેના તેમના આંતર સંબંધોની વાત તેમાં આવે છે.

વળી રાત્રે તારામંડળની શોભા અને આકાશી પ્રકૃતિ કેટલી સુંદર છે તે પણ તેમણે જોયું. આ બધા જાત અનુભવો તેમના ગ્રંથમાં સરળ, સહજ, વિનોદી ભાષા અને મનને ગમે તેવી હળવી શૈલીમાં તેમણે રજૂ કર્યા છે.

કરણ ઘેલો

- નંદશંકર તુળજાશંકર મહેતા



ગુજરાતી સાહિત્યમાં સુરતના જે ત્રણ 'ન'ની વાત આવે છે તે પૈકીના એક નંદશંકર છે. બીજાં બે નામો નર્મદ અને નવલરામ છે. નંદશંકરનો જન્મ ૧૮૩૫માં સુરતમાં થયો હતો. માતૃભૂમિ અને જન્મભૂમિ સુરત પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ છે, જેની સાબિતી તેમની નવલકથા 'કરણ ઘેલો'માં છે.

ઈ.સ. ૧૮૬૬માં રચાયેલી નંદશંકરની 'કરણ ઘેલો' નવલકથાને ગુજરાતી ભાષાની પ્રથમ મૌલિક નવલકથા કહી શકાય.

'કરણ ઘેલો' નવલકથાની કથા કંઈક આ પ્રમાણે છે. ગુજરાતના વાઘેલા વંશનો છેલ્લો રાજપૂત રાજા કરણદેવ આ કથાનો નાયક છે. કરણદેવની કુદ્રષ્ટિ રાજ્યના બ્રાહ્મણ પ્રધાન માધવની પત્ની પર છે. તે માધવને ખોટા બહાના હેઠળ રાજ્યની બહાર મોકલી દે છે. એ પછી બળજબરીથી માધવની પત્ની રૂપસુંદરીને ઉઠાવી લાવે છે. આ વખતે સિપાઈઓ સાથે સંઘર્ષમાં ઊતરતાં માધવના નાના ભાઈ કેશવનું મૃત્યુ થાય છે. કેશવની વિધવા પત્ની સતી થઈ જાય છે. સતી થતાં પહેલાં તે રાજા કરણ અને પાટણના પતનનો શાપ ઉચ્ચારે છે. જ્યારે માધવ પાછો ફરે છે ત્યારે તેને આ આખી ઘટનાની જાણ થાય છે. વેરની ભભકતી જ્વાળા લઈ માધવ દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીને મળે છે. ગુજરાત પર આક્રમણ થાય છે. યુદ્ધમાં રાજા કરણદેવ ઘાયલ થઈ જવા છતાં નાસી જાય છે. તેની પત્ની અને પુત્રીઓ દુશ્મનોના હાથે કેદ થાય છે. અંતે રાજાનું પણ કોઈ અજાણ્યા સૈનિકના હાથે મૃત્યુ થાય છે.

આ નવલકથામાં વિલાસી રાજાની પ્રજાના કેવા હાલ થાય છે તે અને ગુજરાતમાં મુસ્લિમ શાસનની શરૂઆતની વાત પણ કેન્દ્રમાં છે. નંદશંકરે સુરતમાં બનેલી ઘણી ઘટનાઓમાં કલ્પનાનું તત્ત્વ ભેળવી સારી રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે, પણ ત્યાં અનાયાસે તેમની નવલકથાકાર તરીકેની ઓછપ દેખાઈ આવે છે. તેમ છતાંય ગુજરાતી પદ્યના આરંભના સમયમાં આવી કૃતિ રચી નંદશંકરે ગુજરાતી ગદ્યને દૃઢ કરવાના પાયા નાખ્યા છે. 'કરણ ઘેલો' પછી ગુજરાતી નવલકથાને એક નવી દિશા મળી.

નવલરામે કોઈ જગ્યાએ નોંધ્યું છે કે, તત્કાલીન સમયમાં 'કરણ ઘેલો' ખૂબ વંચાતી લોકપ્રિય કૃતિ હતી.

કલાપીનો કેકારવ

- સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

માત્ર છવ્વીસ વર્ષની કાચી વયે જ આ ફાની દુનિયા છોડી જનારા લાઠીના રાજવી કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલને કોણ નથી ઓળખતું. આ નામથી નહીં પણ 'કલાપી'ને નામે તો બધા જ.

કલાપીના પસંદ કરાયેલાં કાવ્યોના નાના સંગ્રહો તો સમયાંતરે પ્રગટ થતા જ રહ્યા છે, પણ 'કલાપીનો કેકારવ'એ તેમની સમગ્ર કાવ્યરચનાઓનો સંગ્રહ છે. કલાપીના પરમ શિષ્ય એવી શ્રી સાગર મહારાજે એનું સંપાદન કર્યું છે.

કલાપીએ ગોવર્ધનરામ ત્રિપાઠીને એક પત્ર લખ્યો હતો તેમાં તેમણે લખ્યું છે કે, "ગુજરાતી ભાષાનાં સારાં પુસ્તકોમાં એવું ભાગ્યે જ હશે જેનું મે મનન ન કર્યું હોય." 'કલાપીના કેકારવ' કવિતાઓમાં આ વાત સાબિત પણ થાય છે.

આટલી નાની વયે તેમની ધર્મ અને અધ્યાત્મની સમજણ પણ તેમાં દેખાઈ આવે છે. પ્રણય, પ્રકૃતિ અને પ્રભુ આ ત્રણ વિષયો તેમની કવિતાઓના કેન્દ્રમાં છે. 'મરણશીલ પ્રેમી', 'ત્યાગમાં કંટક', 'વિદાય', 'કેલી સ્મરણ', 'સીમ', 'બે કળી', 'અતિ મોડું', 'નદીને સિંધુનું આમંત્રણ' વગેરે કાવ્યોમાં તેમની પ્રણયભાવના વ્યક્ત થઈ છે. 'તુષાર', 'એક આગિયાને', 'કમલિની', 'ગ્રામમાતા' વગેરે તેમનાં પ્રકૃતિચિત્રણનાં કાવ્યો છે. 'આપની યાદી', 'સનમ ને', 'નવો સૈકો' જેવાં કાવ્યોમાં તેમની પ્રભુ ભક્તિ ઊતરી આવી છે.

"જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી છે આપની
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની"

આમ કેકારવની કવિતા અનેક વિષયોને સાથે લઈને ચાલે છે. વળી કવિતામાં જે પ્રણયભાવના વ્યક્ત થઈ છે તેના જ કારણે આજે પણ કાવ્યરસિક યુવાનો કલાપીની કવિતા તરફ આકર્ષાય છે.

કવીશ્વર દલપતરામ

- ન્હાનાલાલ દલપતરામ ત્રવાડી

પુત્રની પિતા તરફની અને પિતાની પુત્ર તરફની જે ફરજો હોય છે તે ફરજોમાં પિતા તો બધી જ ફરજો પૂરી કરે છે. પણ ઘણા ઓછા પુત્રો એવા હોય છે જે પોતાની બધી જ ફરજોમાં ખરા ઉતરે. આજે જ્યારે આ સંબંધો વચ્ચેની ખાઈ પહોળી થતી જાય છે ત્યારે દલપતરામના પુત્ર ન્હાનાલાલને યાદ કરવા જ રહ્યા.

કવિ ન્હાનાલાલે પોતાનું પિતા કવિ દલપતરામનું જીવન ચરિત્ર દોઢ હજાર જેટલાં પાનાંમાં ચાર ગ્રંથોમાં આલેખ્યું છે. આ તેમની પિતૃભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત છે. આ ગ્રંથમાં ન્હાનાલાલના જાત અનુભવો અને દલપતરામે કહેલી અને નોંધાવેલી પોતાના જીવનની તમામ હકીકતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. દલપતરામના જીવનના અનેક પ્રસંગો આ ગ્રંથોમાં નિરૂપાયા છે. જેમાં મુખ્ય ન્હાનાલાલનું બાળપણ, પિતા-પુત્ર સંબંધ, દલપતરામનું ફાર્બસ-મિલન, દલપતરામનું કાવ્ય સર્જન અને સમાજ સુધારક કર્તૃત્વ વગેરે ગણાવી શકાય.

આ ગ્રંથમાં ચરિત્ર લેખક અને ચરિત્ર નાયક બંનેનાં ચરિત્રો મળી આવે છે. પોતાના પિતા પ્રત્યેની અપાર ભક્તિ અને પ્રેમને કારણે ન્હાનાલાલે ઘણી જગ્યાએ દલપતરામના ચરિત્રને ઉચ્ચ સ્થાનના અધિકારી તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. ત્યાં કદાચ તેઓ એક રચનાકાર તરીકે એટલા સફળ ન ગણાય પણ એક પુત્ર તરીકે તેઓ ચોક્કસ સફળ થયા છે. એકંદરે આ ગ્રંથ દલપતરામ વિશે જાણકારી મેળવવા માંગતા સાહિત્યરસિકો કે સંશોધકો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ડૉ. ધીરુભાઈ ઠાકરના મત મુજબ :

"દલપતજીવનની સાથે ન્હાનાલાલે સમગ્ર ઓગણીસમી સદીના ગુજરાતના શિક્ષણ, સાહિત્ય, સમાજ અને ધર્મના પ્રવાહોનું દર્શન કરાવ્યું છે તે ખૂબ ઉપયોગી અને પ્રેરક છે."

કાકાની શશી

- કનૈયાલાલ માણેકલાલ મુનશી

મુનશી સફળ નવલકથાકારની સાથે સફળ નાટકકાર પણ છે તેનો પુરાવો આપતું નાટક છે 'કાકાની શશી'. આ નાટક મુનશીને સફળ નાટકકાર તરીકે તો સ્થાપિત કરે જ છે સાથે સાથે તે રંગભૂમિ પર પણ સફળ નીવડ્યું છે.

મુનશીનાં જે નાટકો તત્કાલીન સમયમાં કૉલેજિયનોમાં પ્રિય રહ્યાં હતાં તેમાં 'કાકાની શશી'નું સ્થાન ટોચ પર છે.

'કાકાની શશી' મુનશીનું સુખાન્ત સામાજિક નાટક છે. લગ્નનો પ્રશ્ન નાટકમાં કેન્દ્ર સ્થાને છે. લગ્ન જેવા પ્રશ્નને મુનશીએ હાસ્યના તત્વને આધારે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ નાટકની કથા વિશે મુનશીએ 'સ્વપ્ન સિદ્ધિની શોધ' પુસ્તકમાં લખ્યું છે કે પોતે પંચગનીમાં જે બંગલામાં રહેતા હતા તે બંગલાના માળી અને તેની પત્નીની કથાનો આધાર લઈ તેમણે આ નાટક રચ્યું છે.

મૂળ કથામાં ઘણા બધા ફેરફારો કરી મુનશીએ સ્ત્રી પુરુષ સંબંધ, સ્ત્રી સ્વતંત્રતા, પુરુષોનો સ્ત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ, સ્ત્રીઓની નિર્બળતા જેવા વિષયોને રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. માનવ સ્વભાવના સારા-ખરાબ ગુણોને મુનશીએ સહજતાથી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રહસન હોવા છતાં, તેમાં ફાર્સનાં ઘણાં તત્ત્વોનો અભાવ હોવા છતાં ઈલ્સન શૈલીનું આ નાટક સફળ નાટકોમાં સ્થાન પામ્યું છે. લગ્ન જેવા ગંભીર પ્રશ્નને પણ હાસ્યના માધ્યમથી મુનશીએ ખૂબ માર્મિકતાથી રજૂ કર્યો છે.

મુનશીના આ નાટકની પ્રશંસા કરતાં પ્રા. વિનોદ અધ્વર્યુએ લખ્યું છે :

"કાકાની શશી પરંપરાગત વ્યવસાયી રંગભૂમિ અને સાહિત્યિક નાટક વચ્ચે સેતુરૂપ છે, તો પરંપરાગત અને અર્વાચીન નાટક વચ્ચેની પણ એ કડી છે."

કાનહડદે પ્રબંધ

કાન્હડદે પ્રબન્ધ

- પદ્મનાભ

પ્રબન્ધ' શબ્દ 'પ્ર બન્ધ' એ રીતે બનેલો છે. જેનો અર્થ થાય છે સારી રીતે બાંધવું. આ પરથી કહી શકાય કે 'કોઈ પણ વાતને સારી રીતે બાંધીને રજૂ કરવી એટલે પ્રબંધ. પ્રબંધમાં મુખ્યત્વે ઐતિહાસિક વ્યક્તિના ચરિત્રનો આધાર લઈ તેની આસપાસ ગૂંથાતી વાર્તાને વણી લેવાનો પ્રયાસ હોય છે. માત્ર ઐતિહાસિક જ નહી સમયાંતરે સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, પૌરાણિક અને સાંસ્કૃતિક એવા ઘણા મુદ્દાઓનો આધાર લઈ પ્રબંધો રચાયા છે.

કવિ પદ્મનાભે વિક્રમ સંવત ૧૫૧૨માં આ પ્રબંધ રચ્યું હશે. જેની કથા જાલોરના રજા કાન્હડદેના જીવન-ચરિત્રની આસપાસ ગૂંથાઈ છે. કથા કંઈ આ પ્રકારે છે. ગુજરાતના વીર રાજા કર્ણદેવ વાઘેલાથી હેરાન-પરેશાન થયેલા તેના મંત્રી માધવે કર્ણદેવના પતન માટે દિલ્હીના સુલતાન સલાઉદ્દીન ખિલજીને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરિત કર્યો. ખિલજીએ ઉલુધખાનને લશ્કર લઈ ગુજરાત પર આક્રમણ કરવા કહ્યું. આ લશ્કરે પાટણ જીતી લીધું અને સોમનાથ પાટણને ભાંગી એનું પ્રસિદ્ધ મંદિર તોડી પાડ્યું. ખિલજીના સૈન્યને પસાર થવા માટે માર્ગ ન આપનાર જાલોરના રાજા કાન્હડદે પર રોષે ભરાયેલા ઉલુધખાને જાલોર પર આક્રમણ કર્યું પણ તે ફાવી શક્યો નહી. બાદશાહે ફરીથી નાહર મલિક નામના બીજા સેનાપતિ સાથે મોટું લશ્કર મોકલ્યું. આ લશ્કરને માર્ગમાં જ સમિયાણા રાજા અને કાન્હડદેના ભત્રીજા સાંતલદેએ ભૂંડી હાર આપી. આ હારથી ક્રોધિત ખીલજીએ પોતાની બધી તાકાત કામે લગાડી. વર્ષો સુધી લડતા રહી સમિયાણા જીતી લીધું. ત્યાંથી આગળ વધતાં તે જાલોર તરફ ગયો. બાદશાહના લશ્કરે આઠ વર્ષ સુધી કિલ્લાનો ઘેરો ગાળ્યો પણ સફળતા મળી નહીં. અંતે વીકા સેજપાલ નામના એક લોભી અને દેશદ્રોહી રાજપૂતે ગઢનો છૂપો રસ્તો બતાવી દીધો અને એ રીતે બાદશાહે દગો કરી જાલોર જીતી લીધું. કાન્હડદે પ્રબંધમાં આ ઐતિહાસિક વાત એ કથાનકનો મુખ્ય આધાર છે.

કાન્હડદેની ઐતિહાસિકતાના પુરાવા ઘણા ગ્રંથોમાં મળી આવે છે. આ કાવ્ય વીરરસ પ્રધાન છે. અદ્‌ભુત, રૌદ્ર અને શ્રૃંગાર જેવા રસો પણ જ્યાં જરૂર હોય ત્યાં જોઈ શકાય છે.

પ્રભાવશાળી અને સુદૃઢ શૈલીમાં રચાયેલું આ કાવ્ય તે સમયની સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજનૈતિક જેવી બાબતો પર પણ પ્રકાશ પાડે છે. પદ્મનાભની આ રચના પદ્મનાભને ગુજરાતના અગ્રણી પ્રબંધ રચનાકારોની હરોળમાં બેસાડે છે.

"મહાકવિ પદ્મનાભરચિત 'કાન્હડદે પ્રબંધ' રાજસ્થાનના ચૌહાણકુળ શિરોમણી, વીર, શક્તિશાળી એવા કાન્હડદેએ સ્વધર્મ અને સ્વદેશ રક્ષાને નિમિત્તે જે અનુપમ બલિદાન આપ્યું એની કીર્તિગાથા છે. પ્રાચીન ગુજરાતી ભાષાની એ એક સર્વશ્રેષ્ઠ કૃતિ છે."

- આચાર્ય જિનવિજયજી મુનિશ્રી

કુસુમમાળા

- નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા

કુસુમમાળા' અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળમાં જ એક નવિન પ્રયોગ છે. ‘કુસુમમાળા’ અંગ્રેજીમાં જે ઊર્મિકાવ્યો રચાય છે તે જ ઢબે નરસિંહરાવે કરેલો પ્રયાસ ‘કુસુમમાળા’માં સફળ થયો છે. તે સમયના ઘણા સર્જકોએ આ ઢબે રચના કરવાનો પ્રયાસ કર્યો છે છતાંય સફળતા માત્ર નરસિંહરાવને જ મળી છે.

‘કુસુમમાળા’ની કવિતામાં વિષય વૈવિધ્ય જોઈ શકાય છે. પ્રકૃતિ, પ્રણય, માનવપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને ચિંતન જેવા વિષયો કલાત્મક રીતે રજૂ થયા છે. આ સંગ્રહનાં કાવ્યો કાવ્યરસિકજનો અને સમીક્ષકો બધાંને પ્રભાવિત કરવામાં સફળ થયાં છે. આ સંગ્રહનાં કાવ્યોને લઈને એ સમયે ઘણી વૈવિધ્યસભર સારી-નરસી ચર્ચાઓ ગુજરાતી સાહિત્યમાં થઈ હતી.

‘કુસુમમાળા’નાં કાવ્યોની એક વિશેષતા એ પણ છે કે તે જે તે સમયના કવિઓને સર્જન માટેની એક નવી દિશા ખોલી આપે છે. આ સંગ્રહની કવિતાઓની પ્રશંસા કરતાં રમણભાઈ નીલકંઠ કહે છે કે :

“‘કુસુમમાળા’ની કવિતાએ ગુજરાતી કવિતાના સૂકા અરણ્યમાં લીલીકુંજ સમાન છે.

આનંદશંકર ધ્રુવે પ્રશંસા કરતાં કહ્યું છે કે :

“આ સંગ્રહનાં કાવ્યોએ અમારા હૃદય ઉપર અદ્‌ભુત અસર કરી હતી.”

‘કવિતાસંગ્રહ’ની કેટલીક કવિતાઓ જેવી કે પ્રકૃતિ સંબંધી - ‘મેઘ’, ‘મધ્યરાત્રિએ’, ‘કોયલ’, પ્રણયસંબંધી જેવી કે - ‘તારી છબિ નથી’, ‘પ્રેમીજનોનો મંડપ’, ‘અગ્નિરોગ’, ‘જીવનસાથીને ઉપહાર’, આ સિવાય ‘વિદાય’, ‘ઉનાળાના એક પરોઢનું સ્મરણ’ પ્રશંસનીય અને માણવા જેવી થઈ છે.

જયંત પાઠકના શબ્દોમાં કહીએ તો :

“નરસિંહરાવની કવિતાની કેટલીક મોટી મર્યાદાઓ હોવા છતાં એમની કવિતાએ ‘કુસુમમાળા’ના પ્રકાશન પછી બે દાયકા સુધી આકર્ષણ કર્યું હતું. એમની પછીના કલાપી-બોટાદકર જેવા કવિઓએ કંઈક અંશે એમની કવિતાનું અનુસરણ પણ કરેલું.

કુળ કથાઓ

- સ્વામી આનંદ

સ્વામી આનંદકૃત ચરિત્રકથાઓનો સંગ્રહ 'કુળ કથાઓ' નામે ૧૯૬૬માં સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ ગુજરાતી પુસ્તક સ્વરૂપે ચૂંટાયું. આ પુસ્તકમાંનાં લગભગ બધાં ચરિત્રો મુંબઈ સાથે વણાયેલાં છે, જેમાંનાં કોઈ મૂળ મુંબઈવાસી છે તો કોઈ કચ્છ મુંબઈકર છે. આ ગ્રંથમાં ગ્રંથકારે ગુજરાતના જુદા જુદા પ્રાંતમાંથી આવી વસેલાં ગુજરાતી ચરિત્રોની સાથે સાથે જ એ ચરિત્રોના માધ્યમથી મુંબઈ નગરની વિકાસકથા પણ રજૂ કરી છે.

આ ગ્રંથમાં સર્જક દ્વારા થયેલા ગુજરાતી-મરાઠી શબ્દોના મિશ્રણનું પણ તાદાત્મ્ય ગજબનું છે, જે આપણે ભાષાજ્ઞાન તરફ આકર્ષે છે.

આમ તો 'કુળ કથાઓ'માં આલેખાયેલાં પાત્રો મુંબઈ નગરીના વેપાર-વાણિજ્યમાં પરોવાઈ ગયેલાં કે ગૂંથાઈ જઈને સમય ખોઈ બેઠેલા લોકોનાં માનસ, લાગણીનું દર્શન કહી શકાય એમ છે. ધનીમાના ચરિત્ર દ્વારા ભારતીય નારીત્વની ઊંચાઈને એક શિખર સુધી મૂકવાનું કામ સુપેરે પાર કર્યું છે. ચરિત્રની સાથે સાથે મુંબઈના કબીલાઓનો પરિચય પણ લેખક કરાવે છે.

સ્વામી આનંદ ઘણીવાર કહેતા કે ભાષામાં મને સમજ ન પડે પરંતુ આ ચરિત્ર લેખો વાંચ્યા પછી એમના આ કવન વિશે વિચારીએ તો તેમની નમ્રતા નજરે ચઢી જાય એવી રીતે ગુજરાતી ભાષાના શબ્દોનો પ્રયોગ પોતાની લેખની દ્વારા કર્યો છે.

આ ગ્રંથનાં ચરિત્ર ચિત્રોમાં આવતાં પાત્રો, કિશોર જીવો, જેની જીવનસફર જીવરાજ શેઠ વગેરે આપણને આપણા જીવનનો જ એક ભાગ - એક અંગ હોય તેવું મહેસુસ થયા વિના રહેતું નથી.

આ ચરિત્રકથામાં માત્ર મનુષ્યોની વાર્તા નથી પણ અબોલ એવા અશ્વની વાત મૂકીને માનવ-પ્રાણીનો પ્રેમસંબંધ, મૈત્રીસંબંધ, લાગણીના તાણાવાણા એવી રીતે આલેખ્યા છે કે આપણને ગામડામાં વિતાવેલા બાળપણની યાદ અચૂક આંખ ભીંજવી જાય.

આખી ચરિત્ર કથાઓને અલંકૃતા કરીને ખરેખર સાહિત્ય અકાદમીએ એવોર્ડને નવાજ્યો છે એમ કહી શકાય.



કુંવરબાઈનું મામેરું

- પ્રેમાનંદ



'સુદામાચરિત્ર'ની હરોળનું જ કહી શકાય તેવું ૧૬ કડવામાં રચાયેલું 'કુંવરબાઈનું મામેરું' પ્રેમાનંદનું એક નિર્દોષ આખ્યાન છે.

આપણે પાઘડી પહેર્યા વગરના પ્રેમાનંદના ચિત્રથી સારી રીતે પરિચિત છીએ. એક વખત હિંદી ભાષામાં રચના કરતાં પ્રેમાનંદને એના ગુરુએ કહ્યું : "ઉંબર મૂકી અને તું ડુંગરને પૂજે કેમ?" આ વાતથી પ્રેમાનંદને લાગી આવ્યું. પ્રેમાનંદે ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ કરવાનું નક્કી કરી પ્રતિજ્ઞા લીધી કે "જ્યાં સુધી ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા બીજી ભાષાઓ જેવી સમૃદ્ધ ન કરું ત્યાં સુધી પાઘડી નહી પહેરું." આ મહાકવિ બીજું કોઈ નહીં એ જ વડોદરાના વતની પ્રેમાનંદ કૃષ્ણરામ ભટ્ટ. પોતે જે પ્રતિજ્ઞા લીધી એને પૂરી કરવા 'પ્રેમાનંદે' અનેક કૃતિઓ રચી છે જે પૈકીની એક છે 'સુદામાચરિત્ર'.

ભક્ત કવિ નરસિંહ મહેતા અને તેમની પુત્રી કુંવરબાઈને મુખ્ય ચરિત્રો તરીકે પસંદ કરી પ્રેમાનંદે એક અદ્‌ભુત આખ્યાન રચ્યું છે. કથા કંઈ આ પ્રમાણે છે : ઘરે દીકરી કુંવરબાઈના સીમંતનો પ્રસંગ આવ્યો છે. ત્યારે નરસિંહ તો પોતાની ભક્તિમાં જ લીન છે. તેમ છતાંય સમાજના વ્યવહાર તો કરવા જ પડે, છૂટકો જ નથી. એટલે નરસિંહ સાધુ-સાધ્વીઓ સાથે વેવાઈને ત્યાં જાય છે. નરસિંહની આવી દયનીય દશા હાસ્યનું કારણ બને છે. કુંવરબાઈને પણ પોતાની જાત પર દયા આવે છે. વળી વેવાઈ પક્ષના લોકો મામેરા માટે પહેરામણીની લાંબી યાદી આપે છે.

ભગત હવે શું કરી શકવાના? પણ નરસિંહને તો પોતાના ભગવાનમાં ભારોભાર વિશ્વાસ છે એટલે કોઈ દુઃખ નથી. મહેતાના આ વિશ્વાસને કાયમ ટકાવી રાખવા સ્વયં ભગવાન દામોદર શેઠ અને પત્નીને કમળા શેઠાણી બનાવી ભક્તની વહારે આવે છે. પહેરામણી મુજબની બધી જ વસ્તુઓ આપી વેવાઈ પક્ષની બોલતી બંધ કરી દે છે.

આ કથાને પ્રેમાનંદે ભક્તિ, દયા, કરુણા, પ્રેમ અને વિશ્વાસ જેવી લાગણીઓના રસમાં બોળી રસિકજનોને વધારે પસંદ આવે તેવી રીતે રચી છે.

ગઠરિયાં

- ચંદ્રવદન ચીમનલાલ મહેતા

ઉમાશંકર જોશીએ ચંદ્રવદન મહેતાને 'એક અલક મલકની ચીજ' એમ કહી સંબોધ્યા છે. એ વાત ગઠરિયાં શ્રેણીમાં સત્ય સાબિત થઈ જાય છે. 'ગઠરિયાં' એટલે ગાંઠડી/પોટલું કે પોટલી. જીવનમાં જે કંઈ અનુભવો થયા તેનું ભાથું કે પોટલું એટલે 'ગઠરિયાં'.



'ગઠરિયાં' શ્રેણીએ ચંદ્રવદન મહેતાની આપવીતી છે. ગુજરાતી સાહિત્યમાં આટલી વિશિષ્ટ રીતે આત્મકથા આપનારાઓમાં તેઓ સદાય યાદ રહેશે.

જીવનના જુદા-જુદા પ્રસંગોને શબ્દમાં ઢાળીને ચંદ્રવદન મહેતાએ એક અદ્‌ભુત ગ્રંથ શ્રેણી આપી છે. અહીં એક કરતાં વધારે પુસ્તકો સમયાંતરે આપવીતી દોહરાવતાં રહ્યાં છે. જેમાં, બાંધ ગઠરિયાં, છોડ ગઠરિયાં, સફર ગઠરિયાં, રંગ ગઠરિયાં, રૂપ ગઠરિયાં, નાટ્ય ગઠરિયાં, અંતર ગઠરિયાં, ધ્રુવ ગઠરિયાં, ગાંઠ બંધનિયાં અને રેડિયો ગઠરિયાં જેવાં પુસ્તકો મુખ્ય છે. આ બધાં જ પુસ્તકોમાં રચનાકારે જીવનના વિભિન્ન અનુભવોને કાગળ પર જીવંત કર્યા છે.

લેખકને માનવજીવન અને જગતનાં જુદાં-જુદાં પાસાંને જોવામાં અને તેને સમજવામાં ઊંડો રસ છે. એટલે જ તેઓ જે વિષયને સ્પર્શે છે તેનું ઊંડાણથી અધ્યયન કરી સૂક્ષ્મથી સૂક્ષ્મ જાણકારી મેળવવાનો પ્રયાસ કરે છે. આ માહિતી માત્ર કોરી માહિતી ન બની રહે તે આશયથી લેખકે ઉત્તમ ભાવ-શૈલીથી તેને વધુ રસપ્રદ બનાવવાનો પ્રયોગ કર્યો છે.

કેટલીક જગ્યાએ લોકબોલીના શબ્દપ્રયોગથી પ્રસંગમાં વધુ જીવંતતા લાવવાનો પ્રયાસ પણ કર્યો છે. ટૂંકાં અને અસરકારક વાક્યો, ભાષામાં કહેવતોનો વિશેષ પ્રભાવ, લેખકની કથનીની આગવી છટા અને આ બધામાં ભળતો એક વિશેષ પ્રકારનો લય 'ગઠરિયાં' શ્રેણીને વધુ રસપ્રદ બનાવે છે.

ગરબી-સંગ્રહ

- દયારામ

સંસારમાં કેટલીય વસ્તુઓ એવી હોય છે જે એકબીજાનો પર્યાય બની જાય છે. ગુજરાતી સાહિત્યમાં ગરબીઓ અને દયારામને આ વાત લાગુ કરી શકાય. ગરબી અને દયારામ, દયારામ અને ગરબી એકબીજાના પર્યાય બની ગયા છે.

નાનપણથી જ ભક્તિના રંગે રંગાયેલા દયારામે ભક્તિને લગતી અનેક રચનાઓ કરી છે. વલ્લભ સંપ્રદાયને લગતી તેમની રચનાઓ ઘણી પ્રશંસનીય બની છે પણ તેમની સાચી ઓળખ તો ગરબીઓથી જ છે. તેમના સમગ્ર સાહિત્યમાં દયારામે ગરબીઓ તો ઓછી માત્રામાં જ રચી છે, તેમ છતાંય તેમની ઓળખ બની ગઈ છે. ગરબીઓમાં વિષય તરીકે કૃષ્ણ, રાધા અને ગોપીઓની પ્રેમલીલા અને રાસલીલાનું મનને હરી લે તેવું ચિત્રણ થયું છે. ગોપીઓના મનને હરી લેનારા કૃષ્ણના પ્રેમમાં ગોપીઓ ઘેલી થઈ છે. સૂધબૂધ ભૂલીને ગોપીઓ કૃષ્ણ પ્રેમના રંગમાં રંગાઈ જવા માગે છે. તેમાં વિરહ પણ આવે અને મિલનની ક્ષણોમાં પણ દયારામ દરેક જગ્યાએ સુંદર ચિત્રો ખડાં કરી દે છે.

પોતાની સખીઓ સામે પોતાના વ્હાલા કૃષ્ણના ગુણગાન કરતાં ગોપી કહે છે :

“શોભા સલૂણા શ્યામની તું જો ને સખી
શોભા સલૂણા શ્યામની
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું
ફિક્કી પડે છે કળા કામની.”

આવો મનભાવતો રસિયો પ્રિયતમ ન મળે તો ગોપી વિરહનો અનુભવ કેમ ન કરે? આ પીડામાં તે ભમરા (મધુકર)ને સંબોધીને કહે છે :

“પ્રેમની પીડા તે કોને કહિએ રે હો મધુકર
થાતાં ન જાણી પ્રીત, જાતાં પ્રાણ જાયે,
હાથનાં કર્યાં તે વાગ્યાં હૈયે રે.”

દયારામની ગરબીઓમાં જે રાસલીલાનું ચિત્રણ છે, જે પ્રણયભાવ ઊભરી આવ્યો છે તે આહ્‌લાદક છે.

“આઠ કૂવાને નવ વાવડી રે લોલ
વાંકા રે વાંકા શું રે હીડોં છો? આવડું શું રે ગુમાનજી
નેણ નચાવતા નંદના કુંવર, પાધરે પંથે જી
શ્યામ સલખણા રહો, કહું છું શિખામણ લો માની જી.
ઊભા રહો તો કહું વાતડી, બિહારીલાલ
મારું મન મોહ્યું વાંસલડીને શબ્દે કાનડ કાળા
સામું જો નંદના છોગાળા, મારું ચિત્ત ચોરણવાળા
માડી નન્દનો કુંવર મારી કેડે પડ્યો રે
નન્દનો કુંવર, પરણાવરે હો માડી મુને, નન્દનો કુંવર.”

ગરબીઓના રસપાનથી મુગ્ધ મુનશીએ દયારામની ગરબીઓને ‘પરફેક્ટ આર્ટ’ કહીને ખૂબ વખાણી છે.

ગાતા આસોપાલવ

- ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'

'સ્નેહરશ્મિ' એવા તખલ્લુસથી ગુજરાતી સાહિત્યજગતમાં ખ્યાતિ પામેલા ઝીણાભાઈ રતનજી દેસાઈ ૧૯૨૦માં મેટ્રીકનો અભ્યાસ કરતા હતા. એ સમયથી જ ગાંધીજીના સ્વરાજ્ય આંદોલનની પ્રવૃત્તિમાં જોડાયા હતા. આ લડત દરમિયાન કારાવાસ પણ ભોગવ્યો. આ કારાવાસ દરમિયાન તેમને થયેલા કડવા-મીઠા અનુભવોનું મિશ્રણ એટલે તેમનો સંગ્રહ 'ગાતા આસોપાલવ'. શીર્ષક સાંભળતાં જ કોઈ ગીત સંગ્રહ, ગઝલ સંગ્રહ, કાવ્ય સંગ્રહ કે નિબંધ સંગ્રહ હોવાનું અનુમાન થાય છે. પણ 'ગાતા આસોપાલવ' સ્નેહરશ્મિનો વાર્તા સંગ્રહ છે.



રોજિંદા કાર્ય-વ્યવહારમાં, જીવન વ્યવહારમાં આપણે ઘણી બધી વાતો કરીએ છીએ જે આપણા આસપાસના વાતાવરણ પર આધારિત હોય છે. જેમાં કલ્પનાવિહાર કે શબ્દચાતુર્ય જેવું કંઈ ખાસ હોતું નથી. 'સ્નેહરશ્મિ'એ કારાવાસમાં જીવન અને જગતની ઘણી નક્કર વાસ્તવિકતાઓ જોઈ. આ જોઈ તેમણે જે અનુભવ્યું એ અનુભવ જગતનો નીચોડ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. તેમાં તત્કાલીન સમાજ, કેળવણી, સાંપ્રત રાજકીય પરિસ્થિતિને વધારે સારી રીતે સમજવાનો પ્રયત્ન થયો છે. પાત્રોના મનોમંથનને પણ 'સ્નેહરશ્મિ' સારી રીતે સમજી શક્યા છે. ઘણાં પાત્રો આપણી આસપાસ જીવતા માણસો જેવા લાગે છે.

'ગાતા આસોપાલવ'ની 'હસનની ઈજાર', 'ગરીબનો દીકરો' જેવી વાર્તાઓ ધ્યાન ખેંચે છે. ઘણી બધી વાર્તાઓ કવિતા વાંચતા હોય તેવી લાગે છે. એકંદરે 'ગાતા આસોપાલવ' સર્જકની ઉત્કૃષ્ટ રચના ગણાવી શકાય.

સુરેશ દલાલના શબ્દોમાં કહીએ તો :

"સ્નેહરશ્મિ યુગની સાથે પણ ચાલે છે અને યુગથી આગળ પળ જવાનો પ્રયત્ન કર્યો છે."

- સુરેશ દલાલ

ગ્રામલક્ષ્મી

- રમણલાલ વસંતલાલ દેસાઈ

રમણલાલ વસંતલાલ દેસાઈએ ગુજરાતી સાહિત્યને ચિરસ્મરણ રહે તેવી નવલકથાઓ આપી છે. સાહિત્યના અન્ય ક્ષેત્રોમાં ખેડાણ કર્યું હોવા છતાં રમણલાલ નવલકથાના ક્ષેત્રમાં વધુ સફળ રહ્યા છે. તેમની સામાજિક નવલકથાઓ તત્કાલીન સમાજમાં ઘેર ઘેર વેચાતી હતી.

તેમણે પોતાની નવલકથાઓમાં દોરેલાં સમકાલીન મધ્યમવર્ગી પરિવારનાં ચિત્રો આજે પણ તત્કાલીન સમયના રસિકજનોના માનસ પટ પર અંકિત થઈ ગયાં છે.

ગાંધી વિચારથી પ્રભાવિત એવા રમણલાલ દેસાઈએ ગાંધીજીની ગ્રામ સુધારણાની પ્રક્રિયાને વળગી રહી એ જ સ્વરૂપના વિચારોને ચિત્રિત કરતી ‘ગ્રામલક્ષ્મી’ નવલકથા લખી છે. આ નવલકથામાં ગ્રામસેવાનું મહત્ત્વ નિરૂપિત થયું છે. સાચું ભારત તો ગામડાંમાં વસે છે તે વાતને રજૂ કરવાનો અહીં પ્રયાસ થયો છે.

કથા કંઈક આ પ્રમાણે છે : ગામડામાં ઉછરેલો અને શહેરમાં જઈ શિક્ષણ લઈ નોકરી માટે ફરતો અશ્વિન ચારે બાજુથી નિરાશ થઈ આપઘાત કરવાનો વિચાર કરે છે. તે જીવન ટૂંકાવી નાખવા માટે તળાવમાં પડવા જાય છે પણ તળાવમાં તેને ‘ગ્રામલક્ષ્મી’નાં દર્શન થાય છે. બન્ને વચ્ચેના સંવાદથી ગ્રામસેવાનો ખ્યાલ જન્મે છે. અશ્વિન એ તરફ વધે છે. એ પછી ગામડાની ખટપટો, આંતરિક વિખવાદો, તેમની સમસ્યાઓ, ગ્રામીણ જીવન જેવા આધારોથી કથાનક વેગવંતું બને છે. અંતે અશ્વિન ‘ગ્રામસેવા’નો ખ્યાલ બધાની સામે મૂકે છે.

આ નવલકથા ગ્રામીણ પરિવેશમાં રચાયેલી હોવા છતાં ગ્રામજીવન યોગ્ય અને તાદૃશ ચિત્ર ખેંચવામાં રમણલાલ દેસાઈને ધારી સફળતા મળી નથી. નવલકથામાં પરિવેશ કરતાં રમણલાલ દેસાઈના વિચારો અત્ર-તત્ર જોવા મળે છે. જોકે, એ પણ તેમની આગવી વિશેષતા ગણાવી શકાય.

ગુજરાતનો નાથ

- કનૈયાલાલ માણેકલાલ મુનશી

કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથા 'પાટણની પ્રભુતા'ની કથાને આગળ વધારતી સોલંકી યુગના ઈતિહાસ પર આધારિત 'ગુજરાતનો નાથ' તેમની બીજી નવલકથા છે. સિદ્ધરાજ જયસિંહના જીવનકાળની કેટલીક ઐતિહાસિક ઘટનાઓમાં કલ્પનાનું તત્ત્વ ભેળવી મુનશીએ આ નવલકથાનું સર્જન કર્યું છે.

કથામાં આવતાં ત્રણ પાત્રો સિદ્ધરાજ, જયસિંહ, મુંજાલ અને કાક પોતાની બુદ્ધિ અને વાક્ચાતુર્ય તેમજ સામર્થ્યથી 'ગુજરાતનો નાથ' કોણ? એ સાબિત કરવા જે યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવે છે, તેની વાત ઈતિહાસ આધારિત પ્રસંગોમાં સાંકળી લઈ મુનશીએ એક અદ્‌ભુત રચના સાહિત્યને ભેટ ધરી છે.

જૂનાગઢના રાજા રા'નવગણ અને પાટણના રાજા વચ્ચે ચાલતા સંઘર્ષની સાથે મુંજાલ અને કાકની વાત પણ ચાલે છે. જેમાં મુંજાલનાં પુનર્લગ્ન, મુંજાલ મહેતા અને કીર્તિદેવના વિચારોમાં મતભેદ જેવા ઘણા પ્રસંગો આવે છે. આ બધાની સાથે કાક ભટ્ટ અને મંજરીની કથાને એવી સુંદર રીતે વણી લીધી છે કે તે રસિકજનોને ખૂબ જ આનંદ આપે છે.

પાત્રોનું ચરિત્ર-ચિત્રણ, તેમની વચ્ચે ચાલતા સંવાદો, પ્રસંગોનું ચિત્રણ અને પ્રસંગોપાત જુદાં જુદાં વર્ણનો તેમજ પાત્રોનો સંઘર્ષ અને તેમની વચ્ચે ઊભું થતું ઘર્ષણ આ બધું જ મુનશીએ સુંદર રીતે રજૂ કરીને આ નવલકથાને સર્વોત્તમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. નવલકથાની ઘણી ઘટનાઓ ઈતિહાસ સાથે બિલકુલ મેળ નથી ખાતી તે માત્ર કર્તાની સર્જનશક્તિ અને કલ્પનાશક્તિનું પરિણામ છે. છતાં તે માનવ સ્વભાવનાં વિવિધ પાસાંને ખુલ્લાં પાડી તેનું નિરૂપણ કરવામાં સફળ રહ્યા છે.

'મુનશી'એ જે ઐતિહાસિક કથાત્રયીનું સર્જન કર્યું છે તેમાં આ બીજી નવલકથા છે. 'ગુજરાતનો નાથ'ની કથા આગળ વધતાં આ કથાત્રયી શ્રેણીની ત્રીજી નવલકથા 'રાજાધિરાજ'માં આગળ વધે છે.

છિન્નપત્ર

- સુરેશ હ. જોશી

સુરેશ જોશીના સાહિત્યપ્રદાનની પ્રશંસા કરતાં શિરીષ પંચાલે લખ્યું છે કે :

"સુરેશ જોશીનું આગમન ગુજરાતી સાહિત્યમાં એક મહત્ત્વની ઘટના પુરવાઈ થઈ. આ ઘટના માત્ર ઐતિહાસિક પુરવાર થઈ હોત તો તો એ બહુ જલદીથી ભુલાઈ જાત પરંતુ એમના દ્વારા ગુજરાતી સાહિત્યને જે ઘાટ અને દિશા પ્રાપ્ત થયાં તેને કારણે તેમનું અર્પણ ગુજરાતી સાહિત્યનાં આગામી વર્ષોમાં પણ વિશિષ્ટ લેખાશે."

- શિરીષ પંચાલ

૫૦ જેટલાં પાનાંનું ક્ષેત્રફળ ધરાવતી સુરેશ જોશીની નવલકથા કોઈ મોટી નવલકથાના એક પ્રકરણ જેટલી ગણાવી શકાય. માનવીય શરીર કરતાંય વિશેષ કંઈ છે તો તે તેનું આત્માનું તત્ત્વ છે. એવું શું છે, અંતર મનને કોરી ખાય છે. તેની વિડંબના, અંતરમનને સમજવાનો પ્રયાસ, તેમાંથી ઊભી થતી મૂંઝવણ અને આ બધાની સાથે સંકળાયેલી માનવીય સંવેદનાઓ કથાને વધારે મજબૂત બનાવે છે. કથામાં નાયક-નાયિકા અજય અને માલાની વાત કેન્દ્રમાં છે. એની સાથે લીલા નામના એક અન્ય ચરિત્રનું સર્જન કથાને વધારે રોચક બનાવવા કરાયું હોય તેવું લાગે છે. કથાનક ફ્લૅશબૅક ટેકનિકથી ચાલે છે. એક જબરદસ્ત ધક્કા સાથે ટ્રેન ઉપડે છે તે જ વખતે માલાના ખોળામાં અજયની નોંધપોથી પડે છે. જેનાં પાનાં એટલે જ 'છિન્નપત્ર'. બસ પછી પાનાં ફરતાં જાય છે અને કથાવસ્તુ આગળ વધતું જાય છે.

'જાતને વિખેરી દઈને જાતને પામી શકાય?'

આવા પ્રશ્નોનો જવાબ શોધતી કથા વાચકને બાંધી રાખવામાં સફળ થાય છે. કથાવસ્તુ ખૂબ મજબૂત હોવાથી કથા વાચક નિરાશ થતો નથી. તે કૃતિને મન ભરીને માણે છે.

કંઈક નવું જ કરવાની આદતવાળા સુરેશ જોશીને ઉશનસ્‌ે 'બળવાખોર' કહ્યા છે તે ઠીક જ છે. તેમની આ વૃત્તિ તેમનાં સર્જેલાં ઘણાં ચરિત્રોમાં જોઈ શકાય છે. ગુજરાતી સાહિત્યમાં તે આધુનિક યુગના અગ્રણી ગણી શકાય તેવા રચનાકાર તરીકે ઓળખાય છે. ગુજરાતી સાહિત્યમાં તેમના સાહિત્ય પ્રદાનની નોંધ પણ લેવાઈ છે.

છંદોલય

- નિરંજન ભગત

અમદાવાદ શહેરના હૃદયસમા એવા ખાડિયા વિસ્તારમાં જન્મેલા કવિ નિરંજન ભગતનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' ૧૯૪૯માં પ્રગટ થયો હતો. 'છંદોલય' કાવ્યસંગ્રહમાં કવિએ પ્રણયની અનુભૂતિ કરાવતાં કાવ્યો પ્રગટાવ્યાં છે. જેની સાબિતી 'છંદોલય'નું પ્રથમ કાવ્ય 'જાગૃતિ' જ આપે છે. ગુજરાતી કવિતામાં પહેલી જ વાર હાડોહાડ પ્રેમનો અનુભવ કરાવતાં નિરંજનનાં કાવ્યોને ઉમાશંકર જોશીએ 'સ્વપ્નનો સુરમો' તરીકે ઓળખાવ્યાં છે.

'મૃત્તિકા' કાવ્ય આ સંદર્ભમાં ધ્યાનાકર્ષક છે. નિરંજન ભગતનાં કાવ્યોમાં વિકાસ અને વિસ્તાર બંને જોવા મળે છે. તેમનાં કાવ્યોમાં પ્રેમ એ માત્ર સ્ત્રી-પુરુષના સંબંધો પૂરતો જ મર્યાદિત રહ્યો નથી પણ માનવ-માનવ વચ્ચેના પ્રેમ સુધી તે વિસ્તરેલો જોઈ શકાય છે. 'છંદોલય'ના કાવ્યનો નાયક મુખ્યત્વે રોમેન્ટિક પ્રેમીજન છે. એનામાં આરંભમાં મુગ્ધતા, ભાવમયતા અને આદર્શમયતા છે પણ ઉત્તરોત્તર એનામાં વિષાદ અને વેદના પ્રગટ થતાં જોવા મળે છે. આમ, આવાં અનેક લક્ષણોયુક્ત નિરંજનની પ્રેમકવિતા પ્રેમનાં અનેક સ્થિત્યંતરોનો ખ્યાલ આપી આપણી પ્રેમની સમજને વ્યાપક અને નક્કર બનાવી રહે છે. આ ઉપરાંત, તેમણે 'છંદોલય'માં નગરજીવન વિષયક કેટલીક આધુનિક કવિતાઓ પણ ખૂબ સરસ રીતે કંડારી છે. કાવ્યસંગ્રહના શીર્ષક પ્રમાણે જ તેમનાં કાવ્યોમાં છંદ અને લય બંનેનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. એમની કવિતાનો પ્રત્યેક શબ્દ ઉચ્ચારણ પામતાં જ જીવંતતાની અનુભૂતિ કરાવે છે. ઉચિત શબ્દપસંદગી સાથે છંદ તેમજ પ્રાસની સૂઝ તેમની પ્રત્યેક કવિતાને આગવું વ્યક્તિત્વ અર્પે છે. કવીના મુંબઈના વસવાટ દરમિયાન સ્વાતંત્ર્યસંગ્રામ, દેશવિભાજન, કોમી રમખાણો, રાષ્ટ્રપિતાની હત્યા જેવી અનેક ઘટનાઓ બને છે જે કવિને અંદરથી હચમચાવી મૂકે છે, જેના ભાવ કવિની અનેક આધુનિક કવિતાઓમાં જોવા મળે છે.

આ કાવ્યસંગ્રહનાં નોંધપાત્ર કાવ્યો ગણાવવાં હોય તો સોણલું, સ્વપ્ન, હૃદયની ઋતુઓ, મૃત્તિકા, એક સ્મિતે, અશ્રુ, રે પ્રીત, અંતિમ મિલન, તું હતી સાથમાં - જેવાં પ્રણય કાવ્યો તથા પારેવાં, શ્વેત શ્વેત, કૂવાને કાંઠે, અષાઢ, ગ્રીષ્મ-મધ્યાહ્નમાં, તડકો, તારલી જેવાં પ્રકૃતિકાવ્યો અને મુંબઈનગરી, આધુનિક અરણ્ય, ફાઉન્ટનના બસસ્ટોપ પર, ચર્ચ ગેટથી લોકલમાં, હૉર્ન બી રોડ, ફોકલૅન્ડ રોડ, પાત્રો, ગાયત્રી વગેરે જેવાં આધુનિક નગરસંસ્કૃતિને લગતાં કાવ્યોને ગણાવી શકાય.

'છંદોલય' કાવ્યસંગ્રહનાં નોંધપાત્ર કાવ્યોની કાવ્યપંક્તિઓ આ મુજબ છે :

(૧) જાણ્યું ના એય તે એથી તે કઈ ક્ષણે
વાયુની લ્હેર શું તું ય ચાલી ગઈ
ને અચાનક મને શૂન્યતા શી ય સાલી ગઈ
એ જ ક્ષણ જાણ્યું કે તું ન'તી સાથમાં!

(૨) મૃત્યુ પણ મૌન ધારી ગયું જે ક્ષણે
એ ક્ષણોને વૃથા વણી તે શું વણે?

(૩) હું સ્વપ્નનો સુરમો લઈ જન્મ્યો હતો,
પણ હવે તો મેશ પણ મળતી નથી.

જનમટીપ

- ઈશ્વરભાઈ મોતીભાઈ પેટલીકર

નારીશક્તિ, સાચો પ્રેમ અને ખાનદાનીને આલેખતી 'જનમટીપ' ઈશ્વર પેટલીકરની ચરોતર પ્રદેશના લોકજીવનને જીવંત કરે છે. કેટલાક રચનાકારો માત્ર એક કૃતિથી જ જાણીતા બને છે. 'જનમટીપ' નવલકથાએ ઈશ્વર પેટલીકરને એ ફળ આપ્યું છે.

'જનમટીપ' ગુજરાતના મહી કાંઠાના આસપાસના પ્રદેશના પાટણવાડિયા સમાજના ગ્રામજીવનની સુખ-દુઃખથી ધબકતી દાસ્તાન છે. કથામાં નાયક ભીમા અને નાયિકા ચંદાના પ્રણયની વાત છે. અલ્લડ મિજાજની નાયિકા ચંદા પાણિયાળા પુરુષને પરણવાનું નક્કી કરી બેઠી છે. લગ્નને પણ ન ગણકારી એક વાર મેળામાં જે ગમી ગયો છે તેવા ભીમાને તે પતિ માની લે છે. કેટલીક શરતો પછી બંને પરણે છે. સાસરીમાં દીકરીની જેમ રહેનારી ચંદા બધાનાં દિલ જીતી લે છે. ગામનો એક યુવાન પૂજો ચંદાનું અપમાન કરે છે, જે ચંદાથી સહન થતું નથી એટલે પોતાનો પતિ ભીમો જ્યાં સુધી આ અપમાનનો બદલો ન લે ત્યાં સુધી સાસરીમાં પાછી નહીં ફરું એવું નક્કી કરી ચંદા પિયરની વાટ પકડે છે. નાયક ભીમો એ ચંદાનો પતિ છે અને ચંદાએ તેને પતિ તરીકે કેમ પસંદ કર્યો છે તે સારી પેટે જાણે છે. એટલે તે વેર લેવાનું નક્કી કરે છે. આ વેર લેતાં ભીમાને 'જનમટીપ'ની સજા થાય છે. જ્યારે ચંદાને આ વાતની જાણ થાય છે ત્યારે તે ગર્વથી સાસરીમાં પાછી ફરે છે. આખી જિંદગીના વિરહને વિસરી જઈ ચંદા ભીમાના એટલે કે પોતાના જ સમગ્ર કુટુંબની જવાબદારી પોતાને માથે ઉપાડી લે છે.

આ કથાને પેટલીકરે અદ્‌ભુત માવજતથી ઉત્તમ બનાવી છે. આ માત્ર પ્રણયકથા નથી

પણ એક આખા સમાજના રીત-રિવાજ, વેર-ઝેર, પ્રેમ-લાગણી, ઉત્સવ-તહેવાર, વાણી-વચન અને વ્યવહાર તેમજ રીત-ભાતને આલેખતી કથા છે અથવા એમ પણ કહી શકાય કે આ કોઈ એક પ્રદેશ વિશેષની, સમાજ વિશેષની, જ્ઞાતિ વિશેષની વિશેષતાઓથી ભરેલી કથા છે, એક દસ્તાવેજ છે.

કથામાં આવતાં ચંદા અને ભીમો બંને અવિસ્મરણીય ચરિત્રો છે, જે ઈશ્વર પેટલીકરની ઉત્તમ કલમ શક્તિનો નમૂનો પૂરો પાડે છે. એમની પ્રશંસા કરતાં 'શ્રી યશવંત શુક્લ' લખે છે :

> "અવલોકન, નિરીક્ષણ, વૈચારિક પ્રતિભાવ અને વૈચારિક સ્પષ્ટતાએ પ્રક્રિયામાં રાચતા પેટલીકર વિચારપુરુષ થવાને નિર્માયેલા હોવા જ જોઈએ."

- યશવંત શુક્લ



જીવનનો આનંદ

- કાકાસાહેબ કાલેલકર

'દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર' મૂળ કર્ણાટકના હતા. મરાઠી ભાષા ભણ્યા અને ગુજરાતમાં વળ્યા એ પણ ગુજરાતી બનીને, આગળ વધીને ભારતીય બનીને.

સાવંતવાડી વિસ્તારમાં આવેલા કાલેલી ગામના વતની હોવાથી કાલેલકર તરીકે ઓળખાયા.

ગુજરાતી ભાષાના નિબંધ સ્વરૂપને કાકા સાહેબે એ રીતે પકડ્યું કે નિબંધના ક્ષેત્રે તેમનું યોગદાન ક્યારેય નહીં ભૂલી શકાય. 'જીવન જીવવાનો આનંદ' આ ગ્રંથમાં સંગ્રહિત નિબંધો આકાશ દર્શન, પ્રકૃતિ દર્શન તેમજ કળાવિષયક વિચારણાને લગતા નિબંધો છે.

કાકાસાહેબના પ્રકૃતિ દર્શનના જે નિબંધો છે તેમાં ઉષા, સંધ્યા, રાત્રિ, ઋતુચક્ર જેવા નિબંધોને મુખ્ય ગણાવી શકાય. આ નિબંધો તમને જડ પ્રકૃતિના તત્વમાંથી બહાર લઈ જતા કોઈ આધ્યાત્મિક વિચાર જેવા છે.

પ્રકૃતિ અને જીવન વિશેનાં બંધનોને સમજવાનો ખ્યાલ આ નિબંધોના કેન્દ્રમાં રહેલો છે. ખરેખર સાચું જીવન ક્યાં છે તે સમજવાનો ભરપૂર પ્રયાસ આ નિબંધોમાં થયો છે. જ્યારે વ્યક્તિ પોતાની આસપાસ કિલ્લેબંધી જેવું વાતાવરણ ઊભું કરી દે છે ત્યારે તે જીવનમાં મળતા સ્વતંત્રતા અને મુક્તિના આનંદને, તેમની આસપાસના પર્યાવરણ અને વાતાવરણના આનંદને કઈ રીતે ગુમાવી દે છે તેની વાત 'જીવનનો આનંદ'ના નિબંધોમાં થઈ છે.

વળી જીવનનો સાચો આનંદ ક્યાં છે, પ્રકૃતિનાં વિભિન્ન પરિબળો કઈ રીતે આનંદનો ભાગ બને છે તેની વાત પણ આ નિબંધોમાં કરવામાં આવી છે.



ઝેર તો પીધાં છે જાણી જાણી

- મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'



તથાગત બુદ્ધનાં વાસ્તવિક દર્શન અને મહાત્મા ગાંધીજીનાં હિન્દુદર્શન ને સ્નેહ, સમર્પણ, નૈતિકતા, પુરુષાર્થ, મૈત્રી, દયા, તર્કબુદ્ધિ અને તર્પણની ભાવનાઓની સરળ સમજ વિશ્વ આખાને વળોટી, નિજ ઘેર પરત ફરતી વાર્તા એટલે નાટ્યકાર, વાર્તાકાર, નિબંધકાર અને નવલકથાકાર સાક્ષર એવા 'દર્શક' મનુભાઈ રાજારામ પંચોળીની ત્રણ કાળખંડમાં લખાયેલી, ત્રણ ખંડમાં વહેંચાયેલી અને ત્રણ ખંડ ધરતીની ઓળખ અપાવતી ચિર-સ્મરણીય નવલકથા છે 'ઝેર તો પીધાં છે જાણી જાણી'.

પહેલા ભાગમાં કથાનાં મુખ્ય પાત્રો રોહિણી અને સત્યકામની બાળપણાની પ્રીત યુવાનીમાં જીવનભરનો સંગાથ નથી બની શકતી એવા ભગ્ન પ્રેમકહાણીના મૂળમાં ભારતીય સંસ્કૃતિનો લીધેલો આધાર આપણી સંસ્કૃતિ વિશે વિચારતા કરી મૂકે છે. છતાંય અંત સુધીમાં ભારતીય સંસ્કૃતિમાં બૌદ્ધ વારસો, નાયક-નાયિકાને ઉચ્ચ કોટિના માનવી બનવાનો માર્ગ કંડારી આપે છે એનું રસાળ શૈલીમાં ઉદ્‌બોધન આલેખાય છે.

બીજો ભાગ યુરોપ અને આફ્રિકા ખંડની ભૂગોળ, ઈતિહાસ, સંસ્કૃતિનાં દર્શન કરાવવાની સાથે લોહિયાળ યુદ્ધભૂમિનાં દુષ્ટ પરિણામોનો ચિતાર આપી લેખક જાણે-અજાણ્યે પૂર્વ-પશ્ચિમ સંસ્કૃતિના સમન્વયની સાથે-સાથે સરખામણી પણ રજૂ કરતા દેખાય છે.

ત્રીજો ભાગ પૂર્ણપણે કરુણ અને વીરરસના મિશ્રણ સાથે ધર્મ અને સંસ્કૃતિનાં શ્રેષ્ઠ દૃષ્ટાંતો, કથાનાં વિવિધ પાત્રો દ્વારા રજૂ કરતાં કરતાં રોહિણી-સત્યકામ મિલનના સુખદ અંત સાથે વિરમે છે.

આમ, વિશાળ પરિઘમાં રચાયેલી અને ત્રણ ભાગમાં વહેંચાયેલી, લગભગ હજારેક પાનાંમાં સર્જાયેલી વિશાળ નવલકથામાં શરૂથી અંત સુધી વાચકનો રસ જાળવી રાખવા જેવી કપરી કામગીરીમાં લેખક સાંગોપાંગ પાર ઉતરે છે.

સ્મરણ તો એનું થાય જેનું વિસ્મરણ થયું હોય. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' એ ગુજરાતી સાહિત્યમાં ભૂલાય એવું નામ નથી.



તણખા

- ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'



ગુજરાતી ભાષાના સાહિત્યમાં ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં મોટું નામ છે 'ધૂમકેતુ'. 'તણખા' મંડળ ૧થી ૪ તેમની ટૂંકી વાર્તાઓના ચાર સંગ્રહો છે. વાર્તાસંગ્રહનું નામ 'તણખા' રાખીને જ વાર્તાનું કામ શું હોય તે દર્શાવવા પ્રયત્ન કર્યો છે. ધૂમકેતુની અદ્‌ભુત અવલોકન શક્તિ, માનવ જીવન વિશેની તેમની સમજ વગેરે તેમની વાર્તાઓમાં ખૂબ જ અદ્‌ભુત રીતે વર્ણવાયું છે.

માનવીય ભાવનાઓ, પ્રકૃતિનાં તત્ત્વો વચ્ચેની એકસૂત્રતા, પ્રેમ, લાગણી, જેવાં માનવજીવનનાં અનેક પાસાંનો તેમણે ખૂબ જ ગહન અભ્યાસ કર્યો હશે, નહિતર આટલી અદ્‌ભુત અને ઉત્તમ વાર્તાઓ આપી ન શકાય. 'તણખા' મંડળની લગભગ બધી જ વાર્તાઓ અદ્‌ભુત છે. જેમાં પોસ્ટ ઑફિસ, ભૈયાદાદા, જન્મભૂમિનો ત્યાગ, સોનેરી પંખી, પ્રેમાવતી, રજપૂતાણી, એક ભૂલ જેવી અનેક વાર્તાઓને ગુજરાતી સાહિત્ય ક્યારેય ભૂલી શકશે નહિ.

માનવજીવનનાં વિવિધ સારાં-નરસાં પાસાંને જોવાનો અને તેને સમજવાનો ખૂબ જ ઉત્તમ પ્રયાસ ધૂમકેતુની વાર્તાઓમાં થયેલો જોઈ શકાય છે. તેમની વાર્તાઓ નહી પણ વાર્તામાં આવતાં પાત્રો પણ ચીર સ્મરણીય બની જાય છે. 'ધૂમકેતુ'ની ટૂંકી વાર્તા એ સાચા અર્થમાં એક તણખો છે. જે ક્ષણમાં જ ધીમે ધીમે બધું સળગે તેની તૈયારીના ભાગરૂપે હોય છે. 'તણખો' મૂક્યા પછી આગ લાગે જ છે.

તેમની ટૂંકીવાર્તાઓ વિશે કેટલાક વિદ્વાનોનાં મંતવ્યો :

"નવલિકાકાર તરીકે તો આપણા સાહિત્યમાં એ અનન્ય છે."

- વિશ્વનાથ ભટ્ટ

"ગુજરાતી ટૂંકી વાર્તાના આધુનિક સ્વરૂપના જનક તરીકેનું બિરુદ જો કોઈ એક વ્યક્તિને અપાય તો તે 'ધૂમકેતુ'ને જ મળે."

- 'સ્નેહરશ્મિ'

"ગુજરાતી ટૂંકી વાર્તાના માળખામાં પ્રાણ પૂરનાર, આંકેલો કોઈ માર્ગ ન હતો એવી સ્થિતિમાં ગુજરાતી ટૂંકી વાર્તા માટે એક રાજમાર્ગ આંકી આપનાર, કેટલીય રમણીય વાર્તાઓના સર્જન દ્વારા ગુજરાતને 'વાર્તાવંતુ' કરનાર, ગુજરાતને ભારતના વાર્તા સાહિત્યના નકશા ઉપર ગૌરવ મૂકી આપનાર અને ગુજરાતી ગદ્યને અભિવ્યક્તિની નવી ક્ષમતાઓ પ્રગટાવી આપીને હાડેલું બનાવનાર 'ધૂમકેતુ'નું વાર્તાકાર તરીકેનું મૂલ્ય, રસદૃષ્ટિ તેમજ ઐતિહાસિક દૃષ્ટિનું સર્વથા ખંડન કરીએ તો જ ઓછું આંકી શકાય તેમ છે."

- ડૉ. ધીરૂભાઈ ઠાકર



થોડાં આંસુ, થોડાં ફૂલ

– જયશંકર ભૂદરદાસ ભોજક (જયશંકર 'સુંદરી'



હવેના સમયમાં દર શુક્રવારે હિંદી ફિલ્મોની જેટલી આતુરતાથી રાહ નથી જોવાતી તેવી રાહ જોવાતી હતી ગુજરાતી નાટકોની. હા... વર્તમાન 'થિએટર'ની સરખામણીમાં જૂની ગુજરાતી રંગભૂમિની ભવ્યતા અને લોકપ્રિયતા કંઈક ઓર હતી. આજની ગુજરાતી ફિલ્મો અને ગુજરાતી નાટકો પણ તેની સામે ઝાંખાં લાગે. કેમ કે એની પાછળ હતાં, કઠોર પરિશ્રમ, સતત સંઘર્ષ, સમર્પણ અને સાચી કલાદૃષ્ટિ. રંગભૂમિના ચાહકોનું એકમાત્ર મનોરંજનનું માધ્યમ ત્યારે ગુજરાતી રંગભૂમિ હતું. આ જૂની રંગભૂમિના એક જાણીતા કલાકાર એટલે જયશંકર 'સુંદરી'. એમનું આખું નામ જયશંકર ભૂદરદાસ ભોજક.

આજે ગુજરાતી ફિલ્મોમાં સ્ત્રીપાત્રો માટે એકથી ચડિયાતી એક અભિનેત્રીઓ મળી રહે છે. અગાઉ એવું નહોતું. રંગભૂમિના તમામ કલાકારો પુરુષો રહેતા. નાટકમાંનું સ્ત્રીપાત્ર પણ પુરુષો ભજવતા. જે આજે વિસરાતી જતી ભવાઈમાં જોવા મળે છે. એ વખતે પ્રારંભે મંચ ઉપર સ્ત્રીપાત્રો પુરુષો ભજવતા, જેમાં જયશંકર 'સુંદરી'નું નામ પ્રથમ ક્રમે મૂકવું પડે. તેમણે સૌભાગ્યસુંદરી નાટકમાં ૧૨ વર્ષની વયે નાયિકા સુંદરીની ભૂમિકા એવી સુંદર રીતે ભજવી હતી કે એમની એ ઓળખ બની ગઈ. તેઓ જયશંકર 'સુંદરી' નામે ઓળખાતા થયા.

'થોડાં આંસુ, થોડાં ફૂલ' આત્મકથામાં તેમણે આવાં તો અનેક સ્મરણો નોંધ્યાં છે. તેમણે કલાકારીનો કસબ બતાવ્યા પછી પણ રંગભૂમિના જીવનમાં તેમને જે સંઘર્ષ કરવો પડ્યો, જે તપશ્ચર્યા કરવી પડી તેનું વર્ણન પોતાની આત્મકથામાં કર્યું છે. પુસ્તકમાં પોતાના અંગત જીવનના કરુણ પ્રસંગોનું પણ વર્ણન કર્યું છે, જે હૃદયને હચમચાવી જાય છે. ઉપયોગી ઐતિહાસિક સામગ્રી નોંધી છે. કેટલાંક નોંધપાત્ર વ્યક્તિચિત્રો આપ્યાં છે. આત્મકથાનું ત્રીજું પ્રકરણ ત્રીજા પુરુષ એકવચનમાં 'અંતરનાટક' નામે લખાયું છે. 'સુંદરી'ની આત્મકથા વાંચનારને પુસ્તકમાંથી એક સંનિષ્ઠ અને પારદર્શી કલાકારનું વ્યક્તિત્વ ઊપસતું જોવા મળે છે.

કોણ હતા જયશંકર ભૂદરદાસ ભોજક? કેવી રીતે તેમને નાટ્યમંડળીની સાથે જોડાવાનું થયું? આવા તો અનેક સવાલોના જવાબ અને રસ પડે એવી માહિતી 'થોડાં આંસુ, થોડાં ફૂલ'માં પાને પાને પથરાયેલી પડી છે. જયશંકર ભોજકે બાળવયે જ નાટ્યમંડળીમાં આરાધના આરંભી હતી. ૧૯૦૧માં તેઓ મુંબઈ ગુજરાતી નાટ્યમંડળીમાં જોડાયા. એ જ વર્ષે મંડળીના મૂળશંકર મૂલાણી રચિત નાટક સૌભાગ્ય-સુંદરીમાં સુંદરીનું પાત્ર ભજવી નામના મેળવી. તેમના કંઠે ગવાયેલાં ગીતો પણ દર્શકોને ભાવી ગયાં. તેમને નટકલાની ખૂબીઓ શીખવી હતી બાપુલાલ નાયકે. આ મહાન કલાકારે ૧૯૭૨માં રંગમંચને અંતિમ વિદાય આપી. આ આત્મકથાના સર્જકનાં ગીતોની લોકપ્રિય કડીઓ કાપડમિલો સાડીધોતિયાંની કિનારી પર છાપતી. ઉચ્ચકુટુંબની મહિલાઓ જયશંકર પાસે સાડી પહેરવાની કલા શીખવા આવતી. આવી હતી 'સુંદરી'ની મહારથ.

દરિયાલાલ

- ગુણવંતરાય પોપટભાઈ આચાર્ય



ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ પુસ્તકમાં સત્યાગ્રહની જે વાત કરી તે ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા સુધી ગઈ.

આવી જ વાત ગુણવંતરાય આચાર્યે તેમની નવલકથા 'દરિયાલાલ'માં કરી છે. પૂર્વ આફ્રિકામાંથી ગુલામીની પ્રથા નાબૂદ કરવામાં હિન્દુસ્તાની લોકોએ જે ફાળો આપ્યો હતો તેની ગૌરવપૂર્ણ ગાથા એટલે 'દરિયાલાલ'.

ગુજરાતી સાહિત્યમાં દરિયાઈ જીવનની સાહસ કથાઓ એ ગુણવંતરાય આચાર્યનું ગુજરાતી નવલકથા સાહિત્યને શ્રેષ્ઠ પ્રદાન છે.

'દરિયાલાલ'માં આફ્રિકાનાં જંગલો, ત્યાંની આદિવાસી પ્રજા, દરીયાઈ વસાહતો, સુલતાન વગેરેની વાતો આવે છે. 'નવલકથા'માં કથાનક કંઈક આ પ્રમાણે છે : શેઠ લઘાલાની પેઢી જંગબારમાં છે. તેઓ ગુલામોનો વેપાર કરે છે. રામજીલા તેમના ખાસ માણસ. એક વખત ૨૦ જેટલા સીદીઓને દાસ રૂપે વેચવા માટે પકડી લાવતા હતા તે દરમિયાન અચાનક ગેંડાએ આક્રમણ કર્યું, તેઓ માર્યા ગયા. આ જોઈ-સાંભળી રામજીલાનું હૃદય પીગળી ગયું. તેમણે વેપાર બંધ કરી, સીદીઓને લવિંગની ખેતી શીખવાડી શ્રમકાર્ય તરફ વાળ્યા.

આમ ગુલામોને ગુલામીમાંથી મુક્ત કરવાનો સંઘર્ષ એ કથામાં કેન્દ્ર સ્થાને છે. કૃતિનું નામ ભલે 'દરિયાલાલ' હોય પણ એકાદ બે પ્રસંગોને બાદ કરતાં દરિયાઈ સાહસો અથવા તેનાં વર્ણનો કે તેને લગતી વાતો સમગ્ર કથાનકમાં ક્યાંય નજરે પડતી નથી. જે વાત લેખકના અનુભવ કે જ્ઞાનના અભાવનું સૂચન કરે છે. કથાના મોટાભાગના બનાવોને દરિયાઈ જીવન સાથે બહુ લેવા-દેવા નથી. જે બનાવો કે પ્રસંગો આલેખાયા છે તેમાં ગુલામી પ્રથા નાબૂદીનો આશય કેન્દ્રમાં છે. આમ આ નવલકથાની લોકપ્રિયતાનું કારણ ભલે તેનું શીર્ષક હોય પણ કથાને શીર્ષક સાથે કંઈ ખાસ લાગતું વળગતું નથી. તત્કાલીન સમયે જ્યારે આ કૃતિ લોકપ્રિય થઈ તેનું કારણ જે તે સમયની નવલકથા સાહિત્યની સ્થિતિ છે. આ સમયે ગુજરાતી નવલકથા સાહિત્યમાં આ વિષયને લઈને ઉત્સુક્તા અને નવિનતાનો ભાવ દૃષ્ટિગોચર થાય છે.



દર્શન અને ચિંતન

- પંડિત સુખલાલ

"પ્રજ્ઞાચક્ષુ હોવું એ શાપ નથી પરંતુ પ્રજ્ઞાહીન હોવું એ પાપ છે." કોઈ આવું કહે તો પહેલાં માનવામાં ન આવે પરંતુ પંડિત સુખલાલજીને 'દર્શન અને ચિંતન' નામની લેખમાળાના માધ્યમ માત્રથી ઉપરની ઉક્તિની સાર્થકતા આપોઆપ સમજાઈ જાય.

(૧) સમાજ, ધર્મ અને સંસ્કૃતિ (૨) જૈન ધર્મ અને દર્શન (૩) પરિશીલન (૪) દાર્શનિક ચિંતન (૫) અર્ધ્ય અને (૬) કાન્ય ચિંતન નામે છ ગ્રંથો દ્વારા ૧૫૧ લેખોની માળા વાંચતાં-વાંચતાં પંડિત સુખલાલજીની કાર્યનિષ્ઠા પ્રગટ થયા વિના રહેતી નથી. સ્વયં પ્રજ્ઞાચક્ષુ હોવાથી ગ્રંથ શ્રવણ દ્વારા ગ્રંથચિંતન, પુનઃશ્રવણ, પુનઃચિંતન પછી મનન, તુલના અને સમીક્ષા મનોમન કરી તારણ કાઢવાનું અને એ તારણ લોકો સમક્ષ મૂકવાનું. આમાં માત્ર અવલોકન ન ચાલે, સૂક્ષ્મ અવલોકન જોઈએ અને એ બધું અહીં છે.

સમાજ, ધર્મ અને સંસ્કૃતિ માનવમાત્રના જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલ છે. ઉછરવું, પોષવું અને ખીલવું. આ ત્રણ પ્રક્રિયામાં આ ત્રણ અંગો સ્વકાર્ય નિભાવે છે અને એટલે જ એમાં સારાં તત્ત્વોની સાથોસાથ ખરાબ તત્ત્વો પણ પાંગરે છે. જેનું પંડિતજીએ ખૂબ જ તાર્કિક રીતે ઉદાહરણ સહિત સમજાવ્યું છે.

જૈન ધર્મ અને દર્શનમાં સમાવિષ્ટ લેખોમાં મુખ્યત્વે જૈન ધર્મમાં સારાં તત્ત્વોના સંકીચન માટેની ચિંતા અને વિકાસ માટે રસ્તાઓની સમજ છે, સાથે સાથે વિદ્વાનોનું મહત્ત્વ સમજાવવાનું પણ ચૂકતા નથી.

ગૌતમ બુદ્ધ અને તેમના વિચારોની વિશિષ્ટતા અને ૩૦ લેખો દ્વારા આવરી લઈ તૈયાર કરાયેલા પરિશીલન ગ્રંથમાં પંડિતજીની નીડરતા અને તટસ્થપણું તથા સમાલોચનની સમજણ ઝળકે છે. ખરેખર આ લેખમાળામાં પંડિતજી પૂર્ણપણે ખીલી ઊઠ્યા છે.

ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી કરુણતા તત્ત્વજ્ઞાન અને ધર્માચાર વચ્ચેની ખાઈ છે. ઊંચામાં ઊંચું તત્ત્વજ્ઞાન આચારમાં ના ફેરવાય તો તે વાણીવિલાસથી આગળ વધીને બીજું કંઈ જ નથી અને આચરણ માટે ધર્મનો ટેકો હોવો જરૂરી છે. આ આખી વાત 'દર્શન અને ચિંતન'માં પંડિતજીએ રજૂ કરી છે.

પોતાના જીવનકાળ દરમિયાન અસરકારક સમાગમમાં આવેલા પ્રભાવશાળી વ્યક્તિઓને અંજલિ આપતી લેખમાળા એટલે દર્શન.

અને છેલ્લે, જૈન દર્શનના સિદ્ધાંતોને સમજવા માટે અને જૈન ધર્મને સત્‌ના કોઈ એક સ્વરૂપે વિચારવા માટેની લેખમાળા એટલે અનેકાન્ત ચિંતન.

દલપત કાવ્ય

- દલપતરામ

દલપતરામ જ્યારે આઠ વર્ષના હતા ત્યારે તેમના પિતા તેમને વેદોનું શિક્ષણ આપતા પણ પિતાની શિક્ષણ પદ્ધતિ ખૂબ કડકાઈ ભરેલી હોવાથી તેમણે મોસાળમાં જઈ ભણવાનું શરૂ કર્યું. અહીં તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાયા અને કવિતા રચવાની શરૂઆત થઈ. 'હડૂલા' નામે ઓળખાતા ઉખાણા કાવ્ય પ્રકારને શીઘ્ર કવિતા સ્વરૂપે રચી.

દલપતરામની કવિતા ઘણા વિષયોનું વૈવિધ્ય ધરાવે છે. તેમણે સાંપ્રત સમયની વસ્તુ અને વિચાર તેમજ પ્રવાહને અનુરૂપ કવિતાઓ રચી છે. દલપતરામની કવિતા વિશે ડૉ. મધુસૂદન પારેખ કહે છે કે :

"એ કવિનો વ્યક્તિગત અવાજ નહોતો, એ યુગવાણી હતી, પ્રજાનો અવાજ હતો. તેમની બાપાની પીંપર, સંપલક્ષ્મી સંવાદ, હુન્નરખાનની લડાઈ, ફાર્બસ વિરહ, વેતચરિત્ર જેવાં ઘણાં કાવ્યો પ્રચલિત છે. દલપતરામની કવિતામાં તે સમયની સમસ્યાઓ અને સમાજસુધારની વૃત્તિ પણ જોવા મળે છે. 'ફાર્બસ વિરહ' તેમની એક ઉત્તમ કવિતા છે. દલપતરામની કવિતાનાં કેટલાંક ઉત્તમ ઉદાહરણો :

ફાર્બસ વિરહ -

પૂછો ચાહી ચકોરને, પૂછો જળચર કાય,
કાં તો પૂછો કમળને, સ્નેહી ગયે શું થાય?

દેશભક્તિ -

મુસલમાન તે હિંદુ સૂણો મુજ દેશી સમસ્તો
કહિયે કાળો નાગ, ચીન વિલાયત રસ્તો
તેનું કરો નેતરું, રવૈયો લોટ બનાવો
સાગર મંથન કરી ફરી લક્ષ્મી ઉપજાવો.

પ્રકૃતિવર્ણન -

રૂઠો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો
તરુવરોએ શણગાર કીધો, જાણે વસંતે શરપાવ દીધો.

દલપતરામની કવિતામાં દરેક વાત સરળ, સહજ પ્રચલિત રાગમાં રજૂ થઈ છે. તેમની કવિતાઓમાં હાસ્યની સાથે સંદેશો આપવાની પદ્ધતિ ખૂબ પ્રશંસનીય છે. તેમની ઊંટ કહે આ સમામાં, એક શરણાઈવાળો, પુરી એક અંધેરી ને ગંડુ રાજા જેવાં કાવ્યો આજે પણ લોકપ્રિય છે.



દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ

- મોહનદાસ કરમચંદ ગાંધી



દક્ષિણ આફ્રિકાના પિટર-મેરિત્સબર્ગની એક કડકડતી ઠંડીની રાત. કાયદેસર રીતે રેલવેના પ્રથમ વર્ગમાં મુસાફરી કરતો ભારતીય યુવાન. રંગભેદના કારણે એક સફેદ ચામડીવાળા ગોરાએ આ યુવાનને ટ્રેનમાંથી નીચે ઉતારી મૂક્યો અને તેનો બધો સામાન નીચે ફેંકી દીધો.

આ ઘટનાએ પેલા યુવાનને હચમચાવી નાખ્યો. આ યુવાન તે મોહનદાસ. અહીંથી શરૂ થઈ 'સત્યાગ્રહ'ની શરૂઆત જે હિંદની સ્વતંત્રતા સુધી પહોંચી.

યરવાડા જેલનિવાસ દરમિયાન ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ લખવાનું શરૂ કર્યું. તે ૧૯૨૪-૨૫ના વર્ષ દરમિયાન 'નવજીવન'માં છપાયું હતું, પછી તે પુસ્તક સ્વરૂપે પણ છપાયું.

દક્ષિણ આફ્રિકામાં વસેલા હિન્દુસ્તાનીઓ અને તેમની આસપાસ બનતી ઘટનાઓ, તેમની સમસ્યાઓ જેવા વિષયો આ પુસ્તકમાં નિરૂપાયા છે. જેમાં 'બોઅર યુદ્ધ', 'સત્યાગ્રહનો જન્મ', 'ટોલ્સટોય ફાર્મ' જેવાં પ્રકરણો ધ્યાન ખેંચે છે. જનરલ બોથા, ઓલિવર, શ્રાઈનર, સિમંડ્સ, કુ. શ્લેશિન જેવાં ચરિત્રો તેમના ઉમદા ચારિત્ર્યને કારણે ધ્યાન ખેંચે છે. તેમને જોવાની ગાંધીજીની સૂક્ષ્મ દૃષ્ટિ શક્તિનો પણ પરિચય થાય છે.

સત્યાગ્રહ વિશેની ઊંડી સૂઝ અને ગાંધીજીની સત્યાગ્રહ વિશેની સમજણ આ ગ્રંથમાં આલેખાયાં છે. જીવનમાં બનતી કઈ ઘટના તમને ક્યાં લઈ જશે? એ કોઈ નથી જાણતું.

દક્ષિણ આફ્રિકામાં બનેલા બનાવો એ મોહનદાસને ભારતમાં 'મહાત્મા' બનવા માટેની શરૂઆત છે. આ પુસ્તક કોઈ આત્મકથા નથી પણ ગાંધીજીના અનુભવોનો નીચોડ છે. અહીં ગાંધીજી એક સફળ ગદ્યકાર પણ સાબિત થાય છે. દરેક ભારતીયને વાંચવું ગમે તેવું આ પુસ્તક વિષય વસ્તુની દૃષ્ટિએ પણ ગુજરાતી સાહિત્યમાં વિશેષ સ્થાન ધરાવે છે.

દાર્શનિકા

- અરદેશર ફરામજી ખબરદાર

ગુજરાતમાં દૂધમાં સાકરની જેમ ભળી જનારા પારસીઓએ ગુજરાતને જ પોતાની જન્મભૂમિ અને કર્મભૂમિ માની. ગુજરાતી થઈને રહ્યા. ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસમાં પણ ઘણા પારસી લેખકોનું મહત્વનું પ્રદાન છે. આવું એક નામ છે અરદેશર ફરામજી ખબરદાર. નામથી બહુ પરિચિત નહીં તેવા આ રચનાકાર પોતાના એક કાવ્યથી ખૂબ પ્રસિદ્ધ છે :

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત"

કવિ તરીકે તેમને મધ્યમ કક્ષાના કવિ ગણાવી શકાય. 'દાર્શનિકા'માં કવિના કાવ્યત્વની સાથે તેમની લાગણીઓ, પ્રભુ ભક્તિ અને તત્વજ્ઞાન બધાનો સમન્વય થયો છે. પોતાની પુત્રી 'તાતધન તહેમીના'ના અકાળે અવસાનથી કવિ હૃદયમાં જે શોક ઘેરાયો તે જ્યારે શબ્દ બનીને કાગળ પર અવતર્યો ત્યારે આ કાવ્યની રચના થઈ હશે તેવું માની શકાય, આ દીર્ઘ કાવ્ય આશરે સાડા છ હજાર જેટલી પંક્તિઓમાં ઝૂલણા છંદમાં લખાયેલું વિરહ કાવ્ય છે. તેમાં કવિનું જીવન અને મૃત્યુ સંબંધી ચિંતન અનેક રીતે વ્યક્ત થયું છે.

જન્મીને જીવવું, તે નહીં જીવવું
જીવન સુંદર જીવે તે નવાઈ
જગતનું જીવન નિજ અમૃતથી પોષવું
જીવન પ્રતિતા ખરી એ જ ભાસે

તેમના આ દીર્ઘ કાવ્યમાં જીવ અને જગત, કર્મફળ પરમાત્મા અને પુનર્જન્મ, જીવન મૃત્યુ વિષયક અનેક વિચારોને વાચા આપવાનો પ્રયત્ન થયો છે.

દિવાસ્વપ્ન

- ગિજુભાઈ બધેકા



'મૂછાળી મા' તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકાની વાર્તાઓ આજે પણ બાળકોમાં એટલી જ લોકપ્રિય છે. 'ઉંદર સાત પૂંછડીવાળો' જેવી અનેક વાર્તાઓ આજે ગુજરાતી પરિવારના બાળકોની જીભ પર રમે છે. વાર્તા દ્વારા બાળકોને હળવી શૈલીમાં શિક્ષણ આપતા ગિજુભાઈ એક ઉદાત્ત બાળવાર્તાકાર અને સતત જીવંત કેળવણીકાર છે.

'દિવાસ્વપ્ન' એ ગિજુભાઈ બધેકાનું કેળવણીના ક્ષેત્રનું રાહબર અને માતબર પુસ્તક છે. આજે આ પુસ્તકમાંથી અનેક શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રેરણા લઈ રહ્યા છે. આખા પુસ્તકમાં ગિજુભાઈએ ભારેખમ તાત્ત્વિક લેખોને બદલે વાર્તારૂપ શૈલીમાં શિક્ષણોના વિચારોને રસપૂર્વક દર્શાવી આપ્યા છે. ખરેખર તો આ પુસ્તક ગિજુભાઈના જીવંત અનુભવોમાંથી પ્રગટેલું 'દિવાસ્વપ્ન' છે.

સમગ્ર પુસ્તકને ચાર ખંડમાં વહેંચવામાં આવ્યું છે : (૧) પ્રયોગની શરૂઆત, (૨) પ્રયોગની પ્રગતિ, (૩) છ માસને અંતે અને (૪) છેલ્લો મેળાવડો.

આ પુસ્તકમાં પ્રાથમિક શાળાનાં બાળકોને પ્રયોગો દ્વારા શિક્ષણ આપવાની વાત છે. દક્ષિણામૂર્તિની સંસ્થામાં કામ કરતાં કરતાં તેમણે કેળવણીના ક્ષેત્રમાં નવી રીતે નવા વિચારોને સતત મૂકતા રહેવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં ગિજુભાઈના જીવંત અનુભવોનો શૈક્ષણિક ચિતાર છે, એ વાત આપણને પુસ્તકના પહેલા પ્રકરણથી એમની વાત દ્વારા જ સમજાઈ જશે.

"મેં વાંચ્યું વિચાર્યું તો ઘણું હતું, પરંતુ મને અનુભવ ન હતો. મને થયું કે મારે જાત-અનુભવ લેવો જોઈએ ત્યારે જ મારા વિચારો પાકા થશે. ત્યારે જ મારી અત્યારની કલ્પનામાં કેટલું સત્ય છે અને કેટલું પોલાણ છે, તે સમજાશે."

ગિજુભાઈએ કેળવણીના વડા પાસે પ્રાથમિક શાળાનો વર્ગ લેવાની માગણી કરી. કેળવણીકારના વડાએ સમજાવ્યા, પરંતુ ગીજુભાઈએ સતત આગ્રહ કરી વર્ગ લેવા માટે એમને મનાવ્યા અને ચાલુ થઈ ગિજુભાઈની શિક્ષણયાત્રા. આ જે શિક્ષણયાત્રા શરૂ થઈ તેમાં ગિજુભાઈને જે સારા-નરસા અનુભવો થયા એનું જીવંત સ્વરૂપ તે આ 'દિવાસ્વપ્ન'. ચાર ખંડમાં ગિજુભાઈએ જોયેલા 'દિવાસ્વપ્ન'નો આખો ચિતાર સ-રસ રીતે આપવામાં આવ્યો છે. ગિજુભાઈનો વિદ્યાર્થીઓ સાથેનો ઘરોબો, વાતચીત, સંઘર્ષ, વાર્તાકથન, શિક્ષક તરીકેની જવાબદારી, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે બાબતોને એમણે સુંદર રીતે વાર્તાશૈલીમાં મૂકી આવી છે.

વર્ષને અંતે કેળવણીના વડા ખુદ ગિજુભાઈના પ્રયોગોને બિરદાવે છે અને સન્માને છે. તેમની શિક્ષણપદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓમાં આવેલું પરિવર્તન તે નજરોનજર નિહાળે છે અને એના પ્રત્યક્ષ સાક્ષી બને છે.

આ ગ્રંથ વિશે ગિજુભાઈ પોતે કંઈક આમ કહે છે, "મને કોઈએ કહ્યું કે ભારેખમ તાત્ત્વિક લેખોને બદલે વાર્તારૂપ શૈલીમાં શિક્ષણના વિચારોને લખો તો! મને પ્રયત્ન કરવાની પ્રેરણા મળી અને ફળરૂપે આ 'દિવાસ્વપ્ન' આવ્યું. 'દિવાસ્વપ્ન'નું મૂળ વાસ્તવિક અનુભવ હોય તો તે મિથ્યા નથી જતા. આ 'દિવાસ્વપ્ન' મારા જીવંત અનુભવોમાંથી ઊપજ્યું છે, અને મારી ખાતરી છે કે પ્રાણવાન ક્રિયાપ્રધાન કલ્પક શિક્ષકો પોતાને માટે પણ તે વાસ્તવિક કરી શકશે."

આમ, 'દિવાસ્વપ્ન'એ શિક્ષણ ક્ષેત્રે અને કેળવણી ક્ષેત્રે એક ઉત્તમ અને મજબૂત પુસ્તક છે. આજના દરેક શિક્ષકે અને વિદ્યાર્થીએ આ પુસ્તક વાંચવું જ રહ્યું.

દ્વિરેફની વાતો

- રામનારાયણ વિશ્વનાથ પાઠક

રા. વિ. પાઠક વાર્તાલેખન માટે પોતાના નામમાં આવતા બે રેફને કારણે 'દ્વિરેફ' એવું ઉપનામ રાખ્યું. તેમણે 'શેષ' ઉપનામથી કવિતાઓ રચી છે. જ્યારે 'સ્વૈર વિહારી' ઉપનામથી નિબંધોનું સર્જન કર્યું છે.

'દ્વિરેફની વાતો'માં ત્રણ ભાગમાં કુલ ચાલીસ જેટલી વાર્તાઓને સમાવી લેવાઈ છે. ધૂમકેતુની વાતોમાં જે લાગણી, પ્રેમ, ભાવના અને કૌતુક છે તેની વિરુદ્ધમાં જઈને દ્વિરેફે સ્વસ્થ, બૌદ્ધિક, સંવેદનશીલ બનીને વાર્તા સર્જન કર્યું છે.

'દ્વિરેફની વાતો'માં 'મુકુંદરાય', 'ખેમી', 'જક્ષણી', 'કોદર', 'જમનાનું પૂર', 'સૌભાગ્યવતી', 'કપિલરાય', 'નવો જન્મ', 'બુદ્ધિવિજય', 'છેલ્લો દાંકડ્ય ભોજ', 'એક પ્રશ્ન', 'કુલાંગર', 'દેવી કે રાક્ષસી', 'અંતરાય' વગેરે વાર્તાઓ ખૂબ જાણીતી છે. ત્રણ ભાગમાંથી પ્રથમ ભાગમાં થોડી રૂક્ષ અને કઠોર તેમજ ત્રીજા ભાગમાં વાસ્તવિક્તાની નજીકની વાર્તાઓનું પ્રમાણ વધુ છે.

'દ્વિરેફની વાતો' સમાજજીવનનાં અનેક પાસાંને સ્પર્શે છે. ગ્રામજીવન, શહેરી જીવન, કોર્ટ કચેરી, બ્રાહ્મણ, પારસી, આંતરમનને સંઘર્ષ, વ્યક્તિનું મૂલ્ય જેવાં અનેક પાસાંને સ્પર્શે છે.

દ્વિરેફની વાતોમાં મારી, તમારી અને આપણી આસપાસના જગતની વાસ્તવિક વાતો શબ્દોમાં ઊતરી આવી છે. જે રીતે સમાજ વ્યવસ્થા બદલાઈ રહી છે તેનાથી રચનાકાર દુઃખી છે. પોતાના આ દુઃખને તે વાચકો સમક્ષ મૂકે છે. ઘણી વાર્તાઓ તો પાઠકને ભાવવિભોર કરી મૂકે છે. દ્વિરેફની વાર્તા એ પહેલાં તો વાંચવાનો પછી સાંભળવાનો પછી સમજવાનો, એ પછી વિચારવાનો અને એ પછી વાણી-વર્તન, વ્યવહારમાં તેનો અમલ કરવાનો ખ્યાલ લઈને આવે છે.

ડૉ. ચંદ્રકાંત શેઠ દ્વિરેફની વાતોને વાંચવાની નહીં, સાંભળવાની ચીજ ગણાવે છે.

ધરાગુર્જરી

- ચન્દ્રવદન મહેતા

'ધરાગુર્જરી' આપણા બહુ જ મોટા નાટ્યલેખક ચં. ચી. મહેતાનું ત્રિઅંકી નાટક છે, જેનું નામ એનાં મુખ્ય પાત્રો 'ગુર્જર ઓઝા' અને 'ધરા'ના નામ પરથી 'ધરાગુર્જરી' રાખવામાં આવ્યું. આ નાટક છપાયા પછી ચં. ચી. મહેતાને ૧૯૪૪માં નર્મદ ચંદ્રક એનાયત થયો હતો. નાટક વિશે પોતાના પુસ્તકની બીજી આવૃત્તિવેળાએ નાટ્યકાર નોંધે છે :

"આ નાટકની બીજી આવૃત્તિ થાય છે એ નવાઈની વાત છે. ભજવવાના હેતુથી લખાયેલું આ નાટક ભજવવું અઘરું હોવા છતાં ભજવાયું હતું એટલું જ નહિ પરંતુ જુદી જુદી રીતે પણ ભજવાયું હતું. અઘરું એટલે એમાં પાત્રો વધારે જોઈએ, અને ભજવવાને ઘટતી નાટકશાળા જોઈએ. એ બેના અભાવે કુદરતી રીતે હૉલમાં જ એક જ દૃશ્ય સાથે ભજવનારી ટોળીને ભજવવું અઘરું લાગે. નાટકમાં વસ્તુ નાટકની અને નાટકશાળાની જ છે અને પૂરા પાકા અભિનયની તાલીમ માગે એ સ્વાભાવિક છે."

આમ, આ નાટક ભજવવામાં અઘરું અને ભજવણીની સૂઝ માગી લે તેવું છે. આ નાટકનાં પાત્રો નવી રંગભૂમિના ઉદ્ધાર માટે આંદોલન છેડે છે. એ આંદોલનને વ્યક્ત કરતી ઘટનાઓ એટલી ગીચોગીચ છે કે એમાં 'ધરાગુર્જરી'ની પ્રણયકથા ગૌણ બની જાય છે. નાટકમાં નાટ્યકાર ગીતનો પણ ઉપયોગ કરે છે. જેમ કે,

"ચૌટે ચકલે ચાડિયા જી,
હાડકે હાડકા ખાડિયા જી."

નાટકના ત્રણેય અંકો રસપ્રદ બન્યા છે. નાટકનું વસ્તુ મજાનું અને સંવેદનાને સ્પર્શી જાય તેવું છે. નાટક જોયા પછી નાટક વિશે ભગવતીકુમાર શર્માએ કહેલું કે, "આજે ચોપાસ ફેલાયેલા 'બૈરી-બૈરું' અને 'બૈરાં'નાં બાવળવનમાં ગુજરાતી નાટ્યક્ષેત્રે એક પ્રશિષ્ટ આમ્રવૃક્ષ મહોરી ઊઠ્યું છે."

'ધરાગુર્જરી' ચન્દ્રવદન મહેતાનું સ્વપ્ન છે. નવી રંગભૂમિ કેવી હોવી જોઈએ, એમાં શું ઉમેરીએ તો એ પરિપૂર્ણ બને, મોહક બને, સુંદર બને... એક નાટ્યકારમાં, એક નાટ્ય-દિગ્દર્શકમાં, એક નટમાં એવું શું હોવું જોઈએ, જે એક સફળ અને સંપૂર્ણ નાટકની ભજવણી માટે સંજીવનીની ગરજ સારે. એ વિશેના પોતાના અંગત છતાં સમૃદ્ધ વિચારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાટ્યકારે આ નાટક દ્વારા રજૂ કર્યા છે. એ અર્થમાં આ નાટક નાટ્યકારનો એ લોકો માટેનો સંદેશ છે, જે લોકો નાટ્યભૂમિ સાથે સંકળાયેલા છે. એ અર્થમાં પણ 'ધરાગુર્જરી' નાટ્યકારો માટેનું નાટક છે.

ધીમુ અને વિભા

- જયંતિ દલાલ

ગુજરાતી સાહિત્યમાં જ્યારે જ્યારે નાટકની ચર્ચા થશે ત્યારે જયંતિ દલાલનું નામ અચૂક લેવાશે. તેમના પિતા શ્રી ઘેલાભાઈ દલાલને નાટકમાં ઊંડો રસ. આ જ કારણથી જયંતિ દલાલનું નાટક તરફ ઢલાણ હશે પણ માત્ર નાટક જ નહીં, જયંતિ દલાલે સાહિત્યનાં અન્ય સ્વરૂપોમાં પણ વિશેષ ખેડાણ કર્યું છે.

'ધીમુ અને વિભા' એમાંની જ નવલકથા છે. જયંતિ દલાલે બે નવલકથાઓ આપી છે : (૧) ધીમુ અને વિભા (૨) પાદરનાં તીરથ. બંને નવલકથાઓમાં લેખકે તેમની રાષ્ટ્રીય ભાવનાને વાણી પ્રદાન કરી છે.

'ધીમુ અને વિભા' નાયક અને નાયિકાની પ્રેમ અને લાગણી દર્શાવતી નવલકથા છે. તેને પ્રણયકથા કે સામાજિક કથા કહી શકાય નહીં. લેખકે એક સમસ્યાને રજૂ કરી છે. 'યુવાની અને ભણતરની બદનક્ષી જો કોઈ પાત્રમાં દેખાય તો એ પાત્રને આખા ગામનો ઉતાર સમજવો' - આ વિચાર લેખકને નવલકથા લખવા પ્રેરે છે.

કથા બે ભાગોમાં વિભાજિત છે. જેમાં પ્રથમ ભાગમાં ધીમુના જેલ જવા સુધીની વાત છે. જ્યારે બીજા ભાગમાં જેલનિવાસ અને મુક્તિની વાત આવે છે. વિભા સાથે વિતાવેલાં વર્ષોને યાદ કરતો નાયક જેલમાંથી મુક્ત થાય છે. પછી નાયિકાને ક્ષય થયો છે તેવી જાણ નાયકને થાય છે એ પછી નાયક જે રીતે વર્તે છે તે દર્શાવાયું છે.

આ નવલકથામાં મુખ્ય પાત્રોના આંતરિક સંઘર્ષને અદ્‌ભુત રીતે દર્શાવ્યો છે. મનોવૈજ્ઞાનિક મનોવલણો અને પાત્રોના આંતરિક સંઘર્ષ અને ચિંતાને ઘટાડવાના લેખકના પ્રયાસો સફળ રહ્યા છે. સમકાલીન ગુજરાતી સાહિત્યમાં આ એક અનોખા પ્રકારની કૃતિ ગણાવી શકાય.



ધ્વનિ

- રાજેન્દ્ર શાહ



કવિતા એ સંગીત છે. જો સાહિત્યમાં સંગીત ન હોય તો સાહિત્ય માત્ર સંવાદાત્મક બનીને રહી જાય. સાહિત્યને આવું સંગીત પીરસનારા છે કવિઓ. જેઓ પોતાની અદ્ભુત સર્જનશક્તિ એવું રચે છે જે બધાને ગમે છે. કવિ રાજેન્દ્ર શાહે પણ એવો જ કમાલ કર્યો છે. તેમની કવિતાઓમાં વિષય તરીકે પ્રેમ, પ્રકૃતિ અને આધ્યાત્મિકતા કેન્દ્રમાં હોય છે.

૧૯૫૧માં 'ધ્વનિ' નામના પ્રથમ કાવ્યસંગ્રહથી શરૂઆત કરનારા કવિ રાજેન્દ્ર શાહ નામના શ્રેષ્ઠ સાહિત્યકારને પ્રતિવર્ષ અપાતા 'જ્ઞાનપીઠ' પુરસ્કારથી પુરસ્કૃત છે. 'ધ્વનિ'માં તેમનાં ૧૦૮ કાવ્યો સંગ્રહિત છે. સ્વરૂપની દૃષ્ટિએ નજર નાખીએ તો અથવા જો સ્વરૂપ શોધવાનો પ્રયત્ન કરીએ તો અહીં 'ગીત'નું પ્રાધાન્ય છે. કવિએ જીવનકાળ દરમિયાન જોયેલાં પ્રાકૃતિક દૃશ્યો અને પ્રકૃતિનાં સ્વરૂપોને નિરૂપવાનો પ્રયાસ કર્યો છે. કેટલાંક કાવ્યો - સંધિકાળ, આજ અષાઢની માઝમ રાત, વિજન અરણ્યે, એક સવાર, શ્રાવણી મધ્યાહ્ન, પાનખરની સંધ્યા, કેવડાને ક્યારે, આપણા જોતરિયે મંગલ, હે અંધાર શરદની રાત્રિ વગેરે કાવ્યોમાં પ્રકૃતિનાં અદ્ભુત વર્ણનો જોઈ શકાય છે.

કેટલાંક દૃષ્ટાંત :

આછાં એવાં શબનમ ઝીણાં વસ્ત્ર સાચ્છાદનેથી
સોહી રે'તું અરુણ-દ્યુત-લાવણ્ય એનું અપાર — - એક સવાર

ચઈતરનું આભ સાવ સુનૂં સુનૂં ને તોય
કંઈથી કોકિલકંઠ બોલે રે લોલ,
વનની વનરાઈ બધી નવલી તે કૂંપળે
દખ્ખણને વાયરે ડોલે રે લોલ — - ઈંધણાં વીણવા ગૈ'તી

પ્રકૃતિ ચિત્રણની જેમ જ રાજેન્દ્ર શાહે ધ્વનિમાં પ્રણયભાવના આલેખી છે.

બોલવા ટાણે હોઠ ખૂલે નહિ
નેણ તો રહે લાજી
આપણ એકબીજાના સંગમાં રાજી રાજી — - સંગમાં રાજી રાજી

કવિએ પ્રકૃતિ અને પ્રણવની સાથે અધ્યાત્મભાવમાં પોતાનું ચિંતન ભેળવ્યું છે.

દિશાઓ ચમકાવીને લુપ્ત થૈ જાય સ્હેજમાં
રેખા શી કાયમાં જાણે કોઈ શક્તિ અતીન્દ્રિય
તત્ત્વને આશ્રયે જાણે પ્રકૃતિ રમણે ચડી — - શેષ અભિસાર

રાજેન્દ્ર શાહ પોતાનાં કાવ્યોમાં અદ્ભુત શબ્દચિત્રો ખડાં કરી શકે છે. તેમની કવિતામાં વિષયનું જ નહીં, કાવ્યવાણી અને અભિવ્યક્તિ બધાનું જ આધુનિક સ્વરૂપ જોઈ શકાય છે. તેમનાં 'ગીતો' ગુજરાતી સાહિત્યને તેમની અમૂલ્ય ભેટ ગણાવી શકાય.

નર્મ કવિતા

- નર્મદાશંકર લાલશંકર દવે 'નર્મદ'

ગુજરાતી કવિતામાં અર્વાચીનતાનું તત્ત્વ ઉમેરનાર કવિ એટલે સુરતમાં જન્મેલા નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે 'નર્મદ'. 'નર્મકવિતા' નર્મદની અર્થ કવિતાઓનો સંગ્રહ છે. નર્મદની કવિતા ગુજરાતમાં પ્રથમવાર અર્વાચીનતાની અનેક હદોને સ્પર્શે છે, એટલે શ્રી કનૈયાલાલ મુનશીએ નર્મદને 'અર્વાચીનોમાં આદ્ય' કહ્યા છે. આવું કહેવા પાછળનું કારણ નર્મદની કવિતામાં જે સુધારાવાદી તત્ત્વ છે એ હોઈ શકે.

નર્મદની કવિતામાં મધ્યકાળની અસર હેઠળ રચાયેલાં પદોમાં ભક્તિ, જ્ઞાન, કર્મ, વૈરાગ્ય જેવી વાતો જોવા મળે છે. એ પછી તેમાંથી મુક્ત થઈ નર્મદે પ્રકૃતિ, ઈશ્વર, ગ્રામ્ય સુધાર, સમાજ સુધાર, સ્ત્રીશિક્ષણ, દેશાભિમાન જેવા ઘણા વિષયો પર કાવ્યો રચ્યાં છે. નર્મદે તેમની રચનાઓમાં અક્ષરમેળ અને માત્રામેળ એમ બંને પ્રકારના છંદો પ્રયોજ્યા છે. તેમની ઘણી કવિતામાં અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ સ્પષ્ટ જોઈ શકાય છે. નર્મદની બહુ પ્રચલિત રચનાઓમાં કબીરવડ, કુમુદચંદ્ર પ્રેમપત્રિકા, હિંદુઓની પડતી વગેરે મુખ્ય છે. નર્મદે 'વીરસિંહ' અને 'રૂદન રસિક' જેવાં મહાકાવ્યો રચવાનો પ્રયત્ન કર્યો પણ તે અધૂરાં જ રહ્યાં છે. નર્મદની કવિતામાં આવતાં કેટલાંક વર્ણનો :

પ્રકૃતિચિત્રણ

શોભા વર્ણ શું હું ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા.

જન્મભૂમિ પ્રત્યે પ્રેમ

તાપી દક્ષિણ તટ સુરત મુજ ઘાયલ ભૂમિ,
મને ઘણું અભિમાન, ભોંય તારી મું ચૂમિ.

શૌર્ય

સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે.

આમ, નર્મદની નર્મ કવિતાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. નર્મદની કવિતા વિશે સુંદરમે કહ્યું છે :

"આખી નર્મ કવિતા નર્મદના ભાવાવેગોનો નિરાશા આશા, ઉત્સાહ મંહત! વિષાદ વગેરેનો ગુજરાતી કવિતામાં અપૂર્વ એવો આલેખ આપે છે."

નળાખ્યાન

- ભાલણ - પ્રેમાનંદ

મહાભારતની કથામાં નળ રાજા અને દમયંતીની વાત થઈ છે. ભારતના ઘણા કવિઓ અને ગદ્યકારોએ એ વાતને કથા સ્વરૂપે લઈ કૃતિઓ રચી છે.

ગુજરાતી સાહિત્યમાં પણ બે આખ્યાનો રચાયાં છે. એક છે ભાલણનું નળાખ્યાન, બીજું છે પ્રેમાનંદનું નળાખ્યાન. જેમાં ભાલણના નળાખ્યાનને પહેલું નળાખ્યાન કહી શકાય. ભાલણે નળાખ્યાનમાં લગભગ ૩૦ જેટલા કડવામાં નળ-દમયંતીની વાત કહી છે. જ્યારે પ્રેમાનંદે ૬૦ જેટલા કડવામાં નળ-દમયંતીની વાત કહી છે. બંને આખ્યાનોનો કથાતંતુ તો એક જ છે. જુદી છે તો માત્ર શૈલી અને જ્ઞાન.

‘નળાખ્યાન’ની કથા કંઈક આ પ્રમાણે છે. નિષધના રાજા વીરસેનનો પુત્ર નળ સર્વગુણ સંપન્ન છે. તે વિદર્ભ દેશના રાજા ભીમકની પુત્રી દમયંતીના રૂપ-સૌંદર્યથી આકર્ષાઈ એક હંસ પાસે દમયંતી સમક્ષ પોતાનાં વખાણ કરાવે છે. આ વખાણ સાંભળી દમયંતી મનોમન નળ રાજાને વરી જાય છે. પછી દમયંતીના સ્વયંવરમાં દેવો નળ રાજાનું રૂપ ધરીને બેસી જાય છે પણ સાચા પ્રેમમાં પાગલ ચતુર દમયંતી સાચા નળરાજાને ઓળખી લે છે. કલિ વેર વાળવા માટે નળ-દમયંતીને દુઃખી કરવાનું કાવતરું રચે છે. અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે. નળ રાજાને રાજપાટ છોડવો પડે છે. એક નીચી જ્ઞાતિના માણસની જેમ ગરીબાઈમાં જીવન ગુજારવું પડે છે પણ તે હિંમત હારતા નથી. અંતે ‘સત્યમેવ જયતે’ ન્યાય પ્રમાણે સત્યનો જય છે અને નળ રાજાને બધું ગુમાવેલું પાછું મળે છે અને ખાધુંપીધું ને રાજ કર્યું જેવો સુખદ અંત આ કથાને મળે છે. આ બંને ‘નળાખ્યાન’ રસથી ભરપુર રોમાંચક અને વાચકને રસતરબોળ કરતી કૃતિઓ છે.

ભાલણની તુલનામાં પ્રેમાનંદની શૈલી અને કવિ ચાતુર્યને કારણે પ્રેમાનંદનું ‘નળાખ્યાન’ વધારે પ્રચલિત અને વાચકપ્રિય બન્યું. જોકે, ભાલણની રચના પણ એ સમય-સંદર્ભ જોતાં સમાજને ભાલણ તરફથી મળેલી એક ઉત્તમ ભેટ છે.



નિશીથ

- ઉમાશંકર જેઠાલાલ જોશી

ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્યના અન્ય સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કર્યું હોવા છતાં તેમની કવિતા અનન્ય છે. એમના જ શબ્દોમાં (પંક્તિઓમાં) કહીએ તો :

ગર્ભમાં રહેલા બાળકની બીડેલી આંખો
માતાના ચહેરામાં ટમકે,
મારા અસ્તિત્વમાં એમ કાવ્ય ચમકતું તમે જોયું છે?

- 'અભિજ્ઞા'માંથી

ઉમાશંકર જોશીના અસ્તિત્વમાં જ કવિતા વણાયેલી છે. તેમણે ૧૯ વર્ષની નાની વયે 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય પ્રગટ કર્યું હતું.

જે કાવ્યસંગ્રહને ધ્યાનમાં લઈ ઉમાશંકર જોશીને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો તે કાવ્યસંગ્રહ છે નિશીથ. આ કાવ્યસંગ્રહનાં લગભગ બધાં જ કાવ્યો પ્રકૃતિનાં જુદાં જુદાં સ્વરૂપો દર્શાવે છે. કાવ્યમાં કવિએ પ્રકૃતિના રુદ્ર સ્વરૂપને નટરાજ કલ્પી સૃષ્ટિના રંગમંચ પર નૃત્ય કરતા ચિતર્યા છે. નિશીથની કવિતાઓમાં માનવ હૃદયના સુખ દુઃખના ભાવોને પ્રકૃતિ સાથે સાંકળીને જોવાનો પ્રયાસ છે. જ્યાં કવિ કરુણરસભર્યાં કાવ્યો લઈને આવે છે ત્યાં તે સહૃદય રસિકજનોને રડાવી પણ દે છે. 'પિતાનાં ફૂલ', 'સદ્‌ગત મોટાભાઈને', 'સંગીતકારને', 'મૃત્યુ'ને આવાં કરુણકાવ્યો છે.

આ સંગ્રહમાં પ્રકૃતિના સૌંદર્યનું એવું આબેહૂબ ચિત્રણ થયું છે કે કોઈ ચતુર ચિત્રકાર હોય તો આ સૌંદર્યનાં ચિત્રો દોરી લે. આવાં પ્રકૃતિ વિષયક કાવ્યોમાં 'નખી સરોવર પર શરતપૂર્ણિમા', 'સાબર દર્શન', 'થુવેર કાંટા'ને મુખ્ય ગણાવી શકાય.

રહો તું ચાહવા જેવી, હું એથી કે અન્ય કોઈથી
એટલી ઉદ્‌ભવી તુને ચ્હાતાં ચ્હાતાં જ ઝંખના

- 'વિરાટ પ્રણય'માંથી

ગાંધી યુગની અસરને લીધે તેમનાં કાવ્યોમાં માનવતાવાદી સૂર સંભળાય છે.

યંત્રો મહીથી નીપજે ન વસ્ત્રો
વસ્ત્રો વણે છે મજૂરી તમારી
સહસ્ત્ર એ વસ્ત્ર સ્વરક્તમૂલવ્યાં
ડિલે તમારે થકી ખેંચી ખેંચી દુઃશાસનનો શાસી રહ્યા તમોને
પાંચાલીઓ! ક્યાં લગ સાંખશો હજી?

- 'પાંચાલી'માંથી

નિશીથ વિશે વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી લખે છે :

"સુકુમાર હૃદય, તેજસ્વી બુદ્ધિ, સમર્થ કલ્પના અને ઊંડા ચિંતન વડે સમૃદ્ધ વ્યક્તિત્વનો પરિચય 'નિશીથ'માં થાય છે.



ન્હાના ન્હાના રાસ

- ન્હાનાલાલ દલપતરામ ત્રવાડી



'મોરનાં ઈંડાંને ચિતરવાં ન પડે' એ વ્યાપે કવિતા ન્હાનાલાલના લોહીમાં ઊતરી આવી છે. તેઓ અર્વાચીન યુગના આરંભિક કવિ દલપતરામના પુત્ર છે. કવિ ન્હાનાલાલની કવિતા વિશે સુન્દરમે લખ્યું છે કે :

"કાન્તની કવિતા ગુજરાતી કવિતામાં કળાની વસંતના આગમન જેવી છે તો કાન્તની પાછળ પાછળ ચાલ્યા આવતા ન્હાનાલાલની કવિતા એ કળા વસન્તના ઉત્સવ જેવી છે."

- સુન્દરમ્

ન્હાનાલાલે સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં સર્જન કર્યું છે પણ કવિતામાં તે સર્વોત્તમ રહ્યા છે. 'ન્હાના ન્હાના રાસ' એ ભાગ ૧થી ૩માં રચાયું છે. તેમાં ગરબો અને ગરબી બન્નેની વિવિધતા જોઈ શકાય છે. ગરબો ગુજરાતી સંસ્કૃતિમાં જે સ્થાન ધરાવે છે તેનું મહત્ત્વ જાણતા ન્હાનાલાલે તેમાં રાસ અને ગરબાનું અદ્‌ભુત સંયોજન કર્યું છે. મહિલાઓમાં ગરબા અને પુરુષો માટે ગરબી સંગીતપ્રેમીઓને ભાવવિભોર કરે તેવી રચનાઓ કરી છે. લોકગીતની શૈલી, તેમજ લય, યોગ્ય શબ્દ પસંદગી, ઉચિત અલંકાર પ્રયોગ તેમના આ સંગ્રહને વધુ સમૃદ્ધ બનાવે છે.

(૧) રાજ' કોઈ વસન્ત લ્યો, વસન્ત લ્યો,
હાં રે મ્હારી ક્યારીમાં મ્હેકમ્હેક મ્હેકી
હે રાજ! કોઈ વસન્ત લ્યો, વસન્ત લ્યો.

(૨) હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી
વાંસળી વાગી,
ને મ્હારી છાતડી જાગી
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.

પરિક્રમા

- બાલમુકુન્દ મણિશંકર દવે

કવિ બાલમુકુન્દ મણિશંકર દવે ગાંધીયુગના અને અનુગાંધીયુગના કવિ ગણાય છે. ૧૯૩૮થી ૧૯૫૫ સુધીના સમયગાળા દરમિયાન રચાયેલી કાવ્યરચનાઓનો સંગ્રહ એટલે 'પરિક્રમા'.

કવિની મૌલિકતાનું રસદર્શન કરાવતો ૧૦૩ રચનાઓનો આ એક યાદ સંગ્રહ છે. જેમાં ખંડકાવ્ય, ભજન, ગીત, સોનેટ અને મુક્તકોનો ભવ્ય તાલમેલ જોવા મળે છે.

આ સંગ્રહમાં પ્રેમકાવ્યનું ખંડકાવ્ય સ્વરૂપ 'બેવડો રંગ'માં જોવા મળે છે.

'નદીને કાંઠે સૂર્યાસ્ત', 'નર્મદા તટે પૂર્ણિમા', 'ચાંદની', 'પરોઢ', 'શ્રાવણ નીતર્યો', 'મેઘમાધુરી' પ્રકૃતિ કાવ્યના વિભાગમાં અગ્ર હરોળમાં મૂકી શકાય તે રીતે કવિએ પોતાનો ભાવ પ્રગટ કર્યો છે.

'ફટાયો ફાગણ' અને 'ચૈતરી' તેમજ 'શ્રાવણ નીતર્યો' પ્રકૃતિની સાથે સાથે ઋતુકાવ્યનું દર્શન ઊભું કરે છે.

ગાંધીયુગીન સમયખંડનાં કાવ્યો હોવા છતાં પ્રીતઘેલી મસ્તી અને ઉલ્લાસનું નિરૂપણ કવિની બહુમુખી પ્રતિભાનું પ્રતિબિંબ પાડે છે. 'ગોરીને ઘેરૈયો', 'નેડો', 'હિના' અને 'હડદોલો' વિગેરે કાવ્યોમાં પ્રણયરંગની મસ્તી ઝળકે છે, તો પ્રણયનો વિષાદ અને વ્યથા 'સ્મૃતિધારા'માં ડોકાય છે.

'જૂનું ઘર ખાલી કરતાં'માં માનવસહજ મમતા કરુણ રીતે નીતરે છે, તો 'હરિનો હંસલો' ગાંધીજીને આપેલ એક શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ બની રહે છે.

'પરિક્રમા'માં નિરૂપિત સૌંદર્ય એ શોભા વધારનાર તત્ત્વ તો છે જ સાથે-સાથે તે માનવજીવનની સંવેદના જગાવનાર તત્ત્વ પણ. વળી, વિષય વૈવિધ્યની દૃષ્ટિએ પણ તેમનો આ કાવ્યસંગ્રહ પ્રશંસનીય બની જાય છે.

ઋતુકાવ્યોમાં બાલમુકુન્દ દવે અનન્ય છે. તેમનાં ઋતુવર્ણનોમાં જે ચિત્રો ઊભાં થાય છે તે માનસપટ પર લાંબા સમય સુધી સ્મરણીય બની રહે છે. તેની છાપ કદીયે ભૂંસાતી નથી. જ્યારે પણ પ્રકૃતિને યાદ કરો ત્યારે આ કાવ્યો તાજાં ને તાજાં થઈ ફરીથી એ જ આનંદની અનુભૂતિ કરાવે છે.

વાત વર્ષા ઋતુની હોય કે વસંત ઋતુની, તેમની વર્ણનકલા જ એટલી અદ્‌ભુત છે કે તમને જે તે ઋતુનો તત્કાલ અનુભવ કરાવે છે. વળી, છંદ અને અલંકાર પર પણ કવિનું જબરદસ્ત પ્રભુત્વ છે. જે કાવ્યના સૌંદર્યમાં એક વધારાનું સુંદર તત્ત્વ ભેળવી જાય છે.

પાટણની પ્રભુતા

- કનૈયાલાલ માણેકલાલ મુનશી



ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતી ચંદ્ર' પછી જો કોઈ કૃતિએ તત્કાલીન સમય અને તે પછીના સમયમાં પણ પોતાનું આધિપત્ય જમાવી રાખ્યું હોય તો તે કૃતિઓ છે કનૈયાલાલ માણેકલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ.

મુનશીએ કવિતા સિવાયના તે સમયના લગભગ બધાં જ સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ કથાના અનુસંધાનથી ચાલતી મુનશીની ઐતિહાસિક નવલ કથાત્રયી છે. જેમાં પાટણના સોલંકી વંશને લગતી વાત ઐતિહાસિકતામાં કલ્પનાનું તત્ત્વ ભેળવી દર્શાવી છે.

'પાટણની પ્રભુતા'માં કથા કંઈક આવી છે : કર્ણદેવ સોલંકીના અવસાન પછી પાટણમાં રાજકીય ખટપટો થાય છે. તેમાં મુંજાલ, મીનળદેવી, આનંદસૂરી વચ્ચે સર્જાતા રાજકીય સંઘર્ષ અને બુદ્ધિ ચાતુર્યની રમતને કારણે કથામાં વળાંકો આવતા રહે છે. એ સમયના રાજકીય વાતાવરણનું નિર્માણ કરવામાં મુનશી સફળ રહ્યા છે.

કથામાં ઈતિહાસ તો નામ માત્ર છે. કદાચ એમ કહી શકાય કે ઈતિહાસનો આધાર માત્ર જે તે સમયની રાજકીય સ્થિતિ દર્શાવા માટે થયો છે. આ ઐતિહાસિક નહીં પણ ઈતિહાસ અને કલ્પના મિશ્રણથી નિર્મિત કથા છે.

મુનશીએ કથાનકને એવી રીતે ગૂંથ્યું છે કે કથામાં ક્યાંય પણ રસિકજનોને કંઈ ખૂંચતું નથી. સાથે સાથે કથાનકમાં રહસ્યનું તત્ત્વ ઉમેર્યું છે જે કથાને વધુ સફળ બનાવે છે. વળી મુનશીની પ્રસંગો સર્જવાની કળા પણ અહીં દેખાયા વગર રહેતી નથી.

મુનશીએ 'પાટણની પ્રભુતા'માં જે કથા કહી છે તે કથા આગળ જતાં તેમની બીજી નવલકથા 'ગુજરાતનો નાથ' માટે અનુસંધાન બને છે.



પિયાસી

- ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર 'સુન્દરમ્'

ગાંધીયુગના અગ્રણી રચનાકારોમાં સુન્દરમ્‌નું નામ પહેલી હરોળમાં મૂકી શકાય. સુન્દરમે સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. જેમાં કાવ્ય, વાર્તા, નાટક, વિવેચન, અનુવાદ, પ્રવાસ લેખ મુખ્ય ગણાવી શકાય.

'પિયાસી' સુન્દરમ્‌નો વાર્તાસંગ્રહ છે. સંગ્રહમાં કુલ ૧૪ વાર્તાઓ છે. જે સુન્દરમ્‌ની ઉત્તમ વાર્તા સૂઝનું દર્શન કરાવે છે.

માનવજીવનનાં ભિન્ન ભિન્ન પાસાંનું વાસ્તવિક વર્ણન આ સંગ્રહની વાર્તામાં જોઈ શકાય છે. આ સંગ્રહની 'જીવનની તરસ', 'સૌંદર્ય શું?' 'પની', 'અંબા ભવાની', 'આશા', 'પેકાર્ડનો પ્રવાસ', 'માજા વેલાનું મૃત્યુ', 'ખાસડા કટર', 'મીન પિયાસી', 'બીડીઓ', 'માને ખોળે', 'ખોલકી', 'લીલી વાડી' જેવી વાર્તાઓ સંગ્રહીત છે.

'માજા વેલાનું મૃત્યુ' અને 'પેકોર્ડનો પ્રવાસ'માં સમાજના નીચલા સ્તરના માનવીની સંવેદનાઓની વાત છે. જ્યારે 'જીવનની તરસમાં' એક સ્ત્રીની માતૃત્વ ઝંખનાની ભાવના કેન્દ્રમાં છે. 'ખાસડા કટર' વાર્તામાં એક ડૉક્ટરની કરુણતા રજૂ થઈ છે.

'પની' વાર્તામાં પનીનું કરુણ ચિત્ર દોર્યું છે. વાર્તાના એક એક પ્રસંગમાં લેખકે કરુણતાનાં અદ્‌ભુત શબ્દચિત્રો દોર્યાં છે. આમ આ વાર્તા સંગ્રહની દરેક વાર્તા માનવીય જીવનના કોઈને કોઈ પાસાને સ્પર્શે છે. સુન્દરમ્ વાસ્તવિક્તાને રજૂ કરતી વખતે કલાત્મક્તાનો કાસ ન થાય એનું પણ ખૂબ ધ્યાન રાખ્યું છે. તેમની વાર્તાઓ ભાષા-શૈલીની દૃષ્ટિએ પણ મજબૂત ગણી શકાય.

ટૂંકી વાર્તામાં જે જોઈએ તે બધું જ લઈ આપવાનો પ્રયાસ સુન્દરમ્ કર્યો છે, જેમાં તેઓ સફળ રહ્યા છે. તેમની કવિતાઓની જે શ્રેષ્ઠતા છે તે જ તેમની વાર્તાઓને પણ લાગુ કરી શકાય.

પૂર્વાલાપ

- મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'

'કાન્ત' એવા ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠા પામેલા મણિશંકર રતનજી ભટ્ટનો એક માત્ર કાવ્યસંગ્રહ છે 'પૂર્વાલાપ'.

'પૂર્વાલાપ'ની કવિતામાં કાન્તનો ધર્મ, ઈશ્વર, પ્રેમ અને પ્રકૃતિ વિશે મનોમંથન જોઈ શકાય છે. તેમનાં કાવ્યો 'મારી કિસ્તી', 'અંતિમ પ્રાર્થના'માં ખ્રિસ્તી ધર્મ વિશેની તેમની લાગણીઓ અને પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા દેખાઈ આવે છે. 'આપણી રાત', 'મનોહર પૂર્તિ' અને 'રતિને પ્રાર્થના' જેવાં કાવ્યોમાં કવિનો સ્નેહભાવ ઊભરી આવ્યો છે. 'કલાપીને સંબોધન' એ કાવ્યમાં કલાપી અને કાન્તની મૈત્રી અને મૈત્રીનો વૈભવ તથા મિત્રભાવ ઊભરી આવ્યો છે. 'કાન્ત'નાં ઊર્મિકાવ્યો આજે પણ ગુજરાતી સાહિત્યની મોંઘી મૂડી સમાન છે.

કાન્તના 'પૂર્વાલાપ'ની બીજી ખાસિયત એ પણ છે કે તેમણે કદીએ ન વિસરાય તેવાં ખંડકાવ્યો ગુજરાતી સાહિત્યને અર્પણ કર્યાં છે. કવિએ 'વસંતવિજય', 'અતિ જ્ઞાન', 'ચક્રવાક મિથુન' જેવાં કાવ્યોમાં પાત્રોના આંતરમનનું મંથન અને સંઘર્ષ, અદ્ભુત કાવ્ય-કૌશલ્ય અને માનવીય સંવેદનાથી નિરૂપાયાં છે. કાન્તનાં ખંડકાવ્યો જે વિષયને આલેખે છે, તેની વિષમતાને ખુલ્લી પાડે છે. માનવ અને ભાગ્ય અથવા માનવ અને ઈશ્વર વચ્ચેના સંઘર્ષની વાતો તેમના ખંડ કાવ્યનું જમા ખાતું છે.

'પૂર્વાલાપ' વિશે શ્રી રામનારાયણ વિ. પાઠક કહે છે કે "પૂર્વાલાપ વિપુલ ગ્રંથ નથી છતાં તેનું સ્થાન આપણા સાહિત્યમાં અપૂર્વ છે અને ગુજરાતી સાહિત્ય જ્યાં સુધી વંચાશે ત્યાં સુધી તે ટકી રહેશે તેમાં સંશય નથી. તેનું માધુર્ય, તેના ઉન્નત અને ગહન ભાવો, તેની લક્ષ્યવેધી તરંગમય શૈલી, તેનું સંગીત સર્વ અનુપમ અને અનુત્તર છે."

રામનારાયણ વિ. પાઠકનું આ ઉચ્ચારણ રસિકજનોને 'પૂર્વાલાપ'નો રસોસ્વાદ કરવા આમંત્રે છે.

પૌરાણિક ચરિત્રકોશ

- બંસીધર છગનલાલ શુક્લ



આધુનિકતાની આંધળી દોટમાં પશ્ચિમનું અનુકરણ એ આપણી સંસ્કૃતિ માટે વધારે ને વધારે ખતરનાક બનતું જાય છે. આવા સમયે જ્યારે આપણે પોતાની જ સંસ્કૃતિથી વિમુખ થઈ રહ્યા છીએ. આવનારી પેઢીઓ તો કદાચ એ વિશે કંઈ જાણતી પણ નહીં હોય. આવા સંજોગો અને સમયે આપણી પાસે શું હશે? આ વસ્તુ કે વાતની ચિંતા-ફીકરનો એક માત્ર ઉત્તર કે ઉપાય છે બંસીધર છગનલાલ શુક્લનો આ પૌરાણિક ચરિત્રકોશ.

'પૌરાણિક ચરિત્રકોશ'માં ૩૨૮ જેટલાં પાનાંમાં ૭૦૦થી વધારે ચરિત્રોની તમામ મુખ્ય વિગતો અને તેમની સાથે સંકળાયેલી મહત્ત્વની ઘટનાઓને સાંકળી લેવાનો પ્રયત્ન થયો છે.

જેમાં દેવો, દાનવો, ઋષિઓ, સંતો, ભાષ્યકારો, સમાજસુધારકો, નેતાઓ, સતીઓ, વિદુષીઓ, વીરો, વીરાંગનાઓ, ક્રાંતિવીરો, સ્વાતંત્ર્યવીરો વિશે મહત્ત્વની ગણાતી માહિતી આપવાનો પ્રયાસ થયો છે. સાથે-સાથે રંગીન ચિત્રો મૂકવાથી આ સંપૂર્ણ માહિતી આપતો જ્ઞાનકોશ બની જાય છે. ગ્રંથના પરિશિષ્ટમાં ખૂબ ઉપયોગી થઈ પડે તેવી માહિતી છે. જયંતીઓ વિશે, જ્યોતિર્લિંગો વિશે, દેવી-દેવતાઓ વિશે, ૬૪ જોગણીઓ વિશે, ચોવીસ અવતારો વિશે, સૂર્યવંશ, ચંદ્રવંશ, કૌરવો-પાંડવો વિશે કોઠાઓમાં માહિતી આપી છે. જે લોકોને સંદર્ભ ગ્રંથોથી કામ લેવું પડે તેમના માટે આ ગ્રંથ ખૂબ ઉપયોગી થઈ પડશે. વળી, જે ધર્મનું આપણે પાલન કરીએ છીએ તે ધર્મ વિશે પાંચથી વધારે પ્રશ્નોના જવાબ આપવામાં મોટા ભાગના લોકોને તકલીફ પડે છે. એવા સમયે આ ગ્રંથનું કાર્ય કેટલું ઉચ્ચ કોટિનું થઈ પડશે તે વિશે કંઈ કહેવાની જરૂર નથી.

આ ગ્રંથની રચના એ રચનાકારની અદ્‌ભુત સમજણશક્તિ, ઉચિત આયોજન, ભારે પરિશ્રમ અને સૂક્ષ્મ ચોકસાઈનું પરિણામ છે.



પ્રસન્નિકા જ્ઞાનકોશ

- બંસીધર છગનલાલ શુક્લ

ગુજરાતી ભાષા પાસે સમૃદ્ધ સાહિત્ય છે, કેમ કે તેને સારા સેવક મળ્યા છે. જેમણે ખૂણેખાંચરેથી જ્ઞાન-માહિતીનો અખૂટ ભંડાર એક ભાષામાં ઉતાર્યો છે. ગુજરાતી ભાષાને ગૌરવ અપાવે એવા કોશ છે. પછી તે ભગવદ્‌ગોમંડલ હોય કે વિશ્વકોશ હોય કે જોડણીકોશ હોય કે જ્ઞાનકોશ. આવો જ એક જ્ઞાનકોશ એટલે પ્રસન્નિકા જ્ઞાનકોશ. ૧૦ ખંડોમાં આશરે ૩૦૦૦ પાનાંમાં ૩૫૦૦ જેટલાં અધિકરણોમાં આ કોશ ટૂંકી અને મુદ્દાસર માહિતી સરળ, રોચક અને મિતાક્ષરી શૈલીમાં લગભગ દરેક જાણવા જેવા વિષયની આપી છે. તેના સર્જકની મહેનતનું જ તો છે આ પરિણામ. તેના સર્જક છે બંસીધર છગનલાલ શુક્લ (જ.૧૯૩૧).

એકલાહાથે લખાણ લખ્યું છે અને ચિત્રો સાથેના દસ ખંડ ધરાવતા પ્રસન્નિકા જ્ઞાનકોશની સાચે જ કેટલીક વિશેષતાઓ ધ્યાન ખેંચે છે. મહત્ત્વની વાત એ છે કે ગ્રંથમાં અંગ્રેજી શબ્દનો ક્યાંય પ્રયોગ કરાયો નથી. જરૂર પ્રમાણેના શબ્દો સરકારી પરિભાષામાંથી લેવાયા છે. જ્યાં આવશ્યક જણાયું ત્યાં સંસ્કૃતમાંથી પરિભાષા પ્રયોજી લેવાઈ છે અને તેમ છતાં, વાચકની સગવડ ખાતર પરિચય ખંડમાં ગુજરાતી-અંગ્રેજી તથા અંગ્રેજી-ગુજરાતી એમ બંને રીતે વિસ્તૃત પરિભાષા અપાઈ છે. એટલું જ નહીં, પેટા સંદર્ભો આપતી લાંબી સંદર્ભસૂચિ પણ કોશના ઉપયોગ કરનારને ઉપયોગી થઈ પડે છે.

ગુજરાતી ભાષામાં કોશ તૈયાર કરતી વખતે હંમેશાં વિવિધ તજજ્ઞોની સેવા લેવાતી હોય છે પણ પ્રસન્નિકા જ્ઞાનકોશ તેમાં અલગ તરી આવે છે. થોડાં અધિકરણોને બાદ કરતાં આખેઆખો ગ્રંથ કેવળ લેખકના હાથે જ લખાયો છે. આ જ કારણે વિષયની એકરૂપતા પણ જળવાઈ છે. શૈલીની વિવિધતાથી થતો ગૂંચવાડો ટાળી શકાયો છે. દેશનાં તથા વિજ્ઞાનનાં અધિકરણો જેવાં ઘણાં અધિકરણોમાં ઉપયોગી આંકડાકીય માહિતી ચોકઠારૂપે જુદી તારવીને મૂકી છે. પાને પાને રંગીન ચિત્રો અને સંપૂર્ણ કોશ ભારતીય દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને લખાયો છે. તથ્યો સાથેની સાચી માહિતી, દરેક અધિકરણ વાચકને વિષયાભિમુખ કરે, કુતૂહલ પ્રેરે, જિજ્ઞાસા ખીલવે તેવી રોચક શૈલીમાં લખાયું છે. આથી શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ, ઓછું ભણેલાં તથા નવશિક્ષિતો કોશનું ગમે તે પાનું ઉઘાડીને તેને રસભેર વાંચી શકે છે. તેમાં જ્ઞાન તો મળે જ છે સાથે વાચનનો અનેરો આનંદ પણ મળે છે. જેની પાછળ લેખકની કલમનો કમાલ છે.

કોશના ૧૦ ખંડોમાં શરૂઆતમાં પરિચય ખંડ - જેમાં નિવેદન, પ્રસ્તાવના, સમજૂતી, સંક્ષેપો, પરિભાષા, સૂચિ વગેરેનો સમાવેશ કરાયો છે. ખંડ-૧ : 'અ'થી ઔષધિ, પાનાં-૨૮૬. ખંડ-૨ : 'ક'થી ખ્રિસ્તી ધર્મ, પાનાં-૨૨૦. ખંડ-૩ : 'ગ'થી છોડ, પાનાં-૨૬૮. ખંડ-૪ : જગડુશાથી દ્વીપ, પાનાં-૨૮૨. ખંડ-૫ : ધનુરથી પ્લેટો, પાનાં-૩૪૨. ખંડ-૬ : ફટકડીથી ભૌતિક સંશોધન શાળા, પાનાં-૨૫૨. ખંડ-૭ : મકરસંક્રાંતિથી રોમંથન, પાનાં-૩૩૮. ખંડ-૮ લક્કડખોદથી શ્વસન, પાનાં-૩૬૨. ખંડ-૯ : 'ષ'થી હ્‌વાંગ હે, પાનાં-૩૫૦. સાચે જ પ્રસન્નિકા જ્ઞાનકોશના સર્જકને સલામ કરવાનું મન થાય છે. કેમ કે, કોશમાં શુષ્ક વિગતો અને આંકડા નહીં, રસપ્રદ શૈલીમાં જ્ઞાન લખાયું છે. શાળા કે મહાકૉલેજોએ જ નહીં, દરેક ઘરમાં પણ આવા ગ્રંથો હોવા જરૂરી છે.

ફૂલ ઝરે ગુલમહોર

- ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર



‘ફૂલ ઝરે ગુલમહોર’ ગુલાબદાસ બ્રોકરના જુદા જુદા વાર્તાસંગ્રહમાંથી કેટલીક ગ્રંથસ્થ અને કેટલીક અગ્રંથસ્થ વાર્તાઓનો સંગ્રહ છે, જેનો ખુલાસો ‘ફૂલ ઝરે ગુલમહોર’ની પ્રસ્તાવનામાં જોઈ શકાય છે. તેમના ‘લતા અને બીજી વાતો’માંથી ૨ વાર્તાઓ, ‘ઊભી વાટે’માંથી ૪ વાર્તાઓ, ‘માણસનાં મન’માંથી ૪ વાર્તાઓ, ‘પ્રેમ પદારથ’માંથી ૨ વાર્તાઓ, ‘સૂર્યા’માંથી ૧ વાર્તા એમ ૧૩ વાર્તાઓ અને બીજી ૫ અગ્રંથસ્થ એમ કુલ ૧૮ વાર્તાઓ આ સંગ્રહમાં છે.

ગુલાબદાસ બ્રોકરે કવિતા, નાટક, પ્રવાસ, વિવેચન, અનુવાદ જેવાં અનેક ક્ષેત્રોમાં પોતાની કલમ ચલાવી છે પણ તેમને વિશેષ સફળતા તો વાર્તાકાર તરીકે જ મળી છે. તેમની વાર્તાઓ માનવીય સંવેદનાઓ અને માનવીના મનના ઊંડાણમાં ચાલતી દ્વિધાને રજૂ કરે છે, એ રીતે જોતાં તેમને મનોવિજ્ઞાનની ઊંડી સમજણ હશે તેવું કહી શકાય. તેમની વાર્તાઓ જીવનનાં અનેક પાસાંને સ્પર્શે છે. ગુલાબદાસ બ્રોકરે વાર્તાઓમાં જે પાત્રો અને વાતાવરણ પસંદ કર્યું છે તે મોટા ભાગે શહેરજીવનનાં છે. આ પાત્રો એક જ સમાજ વ્યવસ્થાનાં હોવા છતાં જુદાં જુદાં લાગે છે.

આ સંગ્રહમાં જે વાર્તાઓ ગ્રંથસ્થ છે, તેમાં લતા શું બોલે?, ગુલામદીન ગાડીવાળો, નીલીનું ભૂત, ધ્રુમ્રસેર, વો સચમુચ મર ગઈ, ઊભી વાટે, જ્ઞાનદાન, બા, વેદના, કાગડો અને કિરીટ, પ્રેમ પદારથ-૧, પ્રેમ પદારથ-૨, કૂંડી, તમે આવતા રહેશો ના, તો..., ઘરઘરાટ, સરગમ, નિરાળું એ કશુંક, બાળક અને રૂપ એમ કુલ ૧૮ વાર્તાઓ છે.

આ વાર્તાઓમાં લતા શું બોલે?, બા, નીલીનું ભૂત, ગુલામદીન ગાડીવાળો, ધ્રુમ્રસેર જાણીતી બનેલી વાર્તાઓ છે. લતા શું બોલે? વાર્તા તો ગુલાબદાસ બ્રોકરની ઓળખ બની ગઈ છે. આ વાર્તામાં લતા, નિરંજન અને લતાના પતિ એમ ત્રણ પાત્રોની વચ્ચે ઉદ્‌ભવતા પ્રણય અને જાતીય સંબંધની વાત વણી લેવાઈ છે. રચનાકારે માનવજીવનના બાહ્ય અને આંતરિક દ્રવ્યને સારી રીતે રજૂ કર્યું છે. આ વાર્તા વિશે સુંદરજી બેટાઈ લખે છે :

> “લતા શું બોલે? એ પ્રશ્નવાક્યથી વાર્તાને પૂરી કરવામાં પણ ઔચિત્યબુદ્ધિ જ પ્રવર્તતી જણાશે. આ પ્રશ્નવાક્ય માત્ર લતાની ગુનેગારીથી લાચારી સૂચવતું નથી, બીજું ઘણું સૂચવે છે.”
>
> - સુંદરજી બેટાઈ

સમીક્ષકનું આ વિધાન વાર્તા વાંચવાની દિશામાં લઈ જનારું છે.

બાલવિલાસ

- મણિલાલ નભુભાઈ દ્વિવેદી



નડિયાદની સાક્ષર ત્રિપુટી પૈકીના એક એવા મણિલાલ નભુભાઈ દ્વિવેદીને ધીરૂભાઈ ઠાકરે હિન્દના સમાજ સુધારના ઈતિહાસમાં મહત્ત્વના સ્થાનના અધિકારી ગણાવ્યા છે. તેમની આ સુધારાની નિ:સ્વાર્થ ભાવના તેમના નિબંધોમાં સ્પષ્ટ ઉતરી આવી છે. 'બાલવિલાસ' આવી જ સુધારની વાત કરતો નિબંધ-સંગ્રહ છે.

પ્રજા કલ્યાણની ભાવનાથી વડોદરાના જે તે સમયના વિદ્યાધિકારીએ મણિભાઈને કહ્યું કે તમે રાજ્યની માધ્યમિક શાળાઓની કન્યાઓ માટે પાઠ્યપુસ્તક લખી આપો. તેમની આ વિનંતી સ્વીકારી મણિભાઈએ 'બાલવિલાસ' નામનો સંગ્રહ આપ્યો. જે કે આ એક પાઠ્યપુસ્તક હોવા છતાં સંપૂર્ણ પાઠ્યપુસ્તક બની શક્યું નહીં કેમ કે તેમાં સુધારાની વાત જ કેન્દ્રમાં રહી છે.

વળી કેટલાક નિબંધોને શાસન વ્યવસ્થાએ સુધારા વિરોધી ગણાવ્યા છે. આર્ય સંસ્કૃતિને છોડ્યા વગર સુધારાની વાત કરવાનું કાર્ય ઘણું અઘરું છે. મણિભાઈએ આ કાર્ય સારી રીતે કર્યું છે ત્યાં જ તેઓ સુધારા વિરોધી જણાય છે. કેટલાક પૌરાણિક પ્રસંગો અને ચરિત્રોને લઈને મણિભાઈએ કન્યા કેળવણી, સ્ત્રીધર્મ અને કર્તવ્યને લગતાં ધર્મ, નીતિ અને સદાચારનો બોધ આપતા નિબંધો રચ્યા છે.

એક કન્યાનો ધર્મ શું હોઈ શકે તેણે કઈ રીતે વાણી-વર્તન દાખવવું જોઈએ, એ જ રીતે પત્ની વિશે, માતા વિશે, એમ સ્ત્રીજીવનનાં જુદાં-જુદાં પાસાંને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો છે. મણિભાઈએ ઉત્કર્ષ આર્યભાવના રજૂ કરી છે. તેમની સુધારા વિષયક માન્યતા શાસનની સુધારા વિષયક માન્યતાથી જુદી પડતાં શાસને તેમના આ સંગ્રહને છપાવીને પ્રકાશિત કરવાની ના પાડી દીધી. આ વાતથી જરા પણ દુ:ખી થયા વગર મણિભાઈએ સંગ્રહને પોતે જ છપાવીને પ્રકાશિત કર્યો.

મનોરંજન સાથે શિખામણ આપવાની મણિભાઈની શૈલી આ સંગ્રહના નિબંધોને આસ્વાદ્ય બનાવે છે. ભાષા ગંભીર અને તાત્ત્વિક હોવા છતાં રસાસ્વાદમાં જરાય અડચણરૂપ બનતી નથી. 'બાલવિલાસ'માં ખરેખર તો બાળાઓની વાત હોઈ તેને 'બાળાવિલાસ' નામ આપવું જોઈએ. એવી એક વાતનો રદિયો એ હોઈ શકે કે કન્યા કેળવણી એ કન્યાઓ કે સ્ત્રીઓને સમજાય તેના કરતાં પુરુષોને સમજાય એ ખૂબ જરૂરી છે. અંતે તો સમાજ પુરુષપ્રધાન છે.

બૃહત પિંગળ

- રામનારાયણ વિ. પાઠક

પિંગળ ચર્ચા ક્યાંથી શરૂ થઈ અને કોણે શરૂ કરી એવી કડાકૂટમાં ન પડીએ અને માત્ર શાસ્ત્ર સ્વરૂપને સીધું પામવું હોય તો રામનારાયણ પાઠકને એનું શ્રેય જાય છે.

પંદર પ્રકરણો અને અઢાર પરિશિષ્ટોથી સજ્જ બૃહત પિંગળ એક પુસ્તક નહીં પરંતુ છંદોરચનાનું શાસ્ત્ર છે.

પ્રથમ અક્ષરથી શરૂ કરીને લઘુ-ગુરુના અપવાદ, વિવાદ અને છૂટ તથા વિવેક વિશેની સુંદર ચર્ચા પ્રથમ ત્રણેક પ્રકરણમાં કરીને આપણને પાયાની સમજણ રસમય રીતે પૂરી પાડે છે. આગળ જતાં છંદોના ચારે પ્રકારો, છંદોની જાતિ, વૃત્તો-આવૃત્તો-અનાવૃત્તો, વૈદિક છંદો, ત્રિભુષ્ટ જગતી છંદના સ્વરૂપનો વિકાસ રજૂ કરે છે.

ગઝલ છંદને અનુલક્ષીને એમ નિરૂપણ કર્યું છે. કહો કે સાર્થક કર્યું છે કે, ગઝલના છંદો માત્ર જાતિછંદો કે માત્રામેળ છંદો નથી પરંતુ લગભગ અક્ષરમેળ છંદો છે.

ગુજરાતી ભાષામાં થયેલા પ્રયોગો જેવા કે, ડોલનશૈલી, રામછંદ, કટાક્ષછંદને બરાબર ચકાસ્યા છે. આ ગ્રંથમાં વૃત્તોના મેળની ચર્ચા કરતી વખતે સર્જક સ્પષ્ટતા કરે છે કે વૃત્તોનો મેળ એ લઘુ-ગુરુની ગોઠવણીમાં કલાની આવશ્યકતા છે, જો કલાત્મક ગોઠવણી ન હોય તો વૃત્તોના મેળનો કોઈ મેળ રહેતો નથી.

સંસ્કૃત પિંગળોમાં આવતા યતિ વિચારનો ઉલ્લેખ પણ ધ્યાન આકર્ષે છે.

બૃહત પિંગળ આ રીતે ચારે કુળના વેદોની સંપૂર્ણ રીતે આરપાર અથવા પારદર્શી ચર્ચા છે. સંધિ ઉમેરણ, છંદ ઉમેરણથી સર્જાતા નવા છંદોનો પણ પરિચય આપી તમામ બાબતને છંદ સાથે સુરૂપ સાંકળી લીધેલ છે. લગભગ ૭૮૦ પાનાંમાં ફેલાયેલો આ ગ્રંથ એક સીમાસ્તંભ સમાન છે અને કોઈ બંધિયાર કે જડ વિષયની મીમાંસા નહીં પરંતુ કાવ્યાત્મક ગદ્ય કહી શકાય એવી પ્રતીતિ આ પુસ્તક દ્વારા આપણને થયા વિના રહેતી નથી.

ભગવદ્ગોમંડલ

સંપાદક - ચંદુલાલ બહેચરલાલ પટેલ

જો રાજા વિદ્યાપ્રેમી હોય તો રાજ્યમાં જ્ઞાન વિષયક જરાય ઓછપ જોવા મળતી નથી. આવું જ કંઈક 'ભગવદ્ગોમંડલ' ગ્રંથની રચનાના સંદર્ભમાં છે. ગોંડલ રાજ્યના વિદ્યાપ્રેમી મહારાજા ભગવતસિંહજીએ રાજમહેલના પ્રાંગણમાં જ કોશ કાર્યાલયની સ્થાપના કરી. ૧૯૨૮માં પોતાના જ વિદ્વાન મંત્રી ચંદુલાલ બહેચરદાસ પટેલને સંપાદકની જવાબદારી સોંપી. ૯૨૭૦ પાનાંમાં ૨,૮૧,૩૭૭ શબ્દોના ૫,૪૯,૪૫૫ અર્થો આપતો કોશ સત્તર વર્ષની મહેનતના અંતે તૈયાર થયો.

કોશમાં સમાવવા માટે જે શબ્દો પસંદ થયા તેની પાછળ ભારે મહેનત, ખૂબ સૂક્ષ્મતા, ચીવટ અને સાવચેતી રખાયાં. જો કોઈ નવો શબ્દ શોધી લાવે તો તેને પુરસ્કાર પણ આપવામાં આવતો. જેના પરિણામે શબ્દ અને શબ્દના નવા-નવા અર્થ મળવા લાગ્યા. એક શબ્દના અનેક અર્થ પ્રાપ્ત થયા છે. આ શબ્દકોશ, શબ્દકોશ તો છે જ સાથે સાથે જ્ઞાનકોશ પણ છે, કારણ કે તેમાં શબ્દોની સાથે સ્થળ, વ્યક્તિ, પ્રદેશ અને શબ્દના ઉપયોગ વિશેની માહિતી પણ આપવામાં આવી છે. અકારાદિ ક્રમ પ્રમાણે જોતાં નવ ભાગમાં શબ્દકોશને નીચે મુજબ જોઈ શકાય.

ભાગ (વિભાગ)	અક્ષર	પાનાં	શબ્દો	તૈયાર થતાં લાગેલો સમય
૧	અથી અં	૯૦૨	૨૬,૬૮૭	૧૮૨૮થી ૧૯૩૮
૨	આથી ઔ	૯૩૨	૨૭,૩૨૪	૧૯૩૮થી ૧૯૪૪
૩	કથી ઙં	૧૨૨૬	૪૬,૦૨૫	૧૯૪૪થી ૧૯૪૬
૪	ચથી તાં	૧૦૬૦	૩૧,૪૫૬	૧૯૪૬થી ૧૯૪૮
૫	તિથી નિ	૧૦૧૮	૩૩,૪૦૮	૧૯૪૮થી ૧૯૪૯
૬	નીથી ફ	૧૦૧૪	૩૨,૯૫૯	૧૯૫૦થી ૧૯૫૧
૭	બથી મા	૧૦૬૬	૩૦,૬૦૪	૧૯૫૧થી ૧૯૫૩
૮	માંથી વ	૧૦૨૬	૨૮,૫૭૬	૧૯૫૩થી ૧૯૫૩
૯	શથી ળ	૧૦૨૬	૨૪,૩૩૮	૧૯૫૪થી ૧૯૫૪

આમ, નવ ભાગમાં શબ્દોને અક્ષરોના સમૂહમાં વહેંચી દીધા છે. છેલ્લા ખંડમાં ચિત્રો આપવામાં આવ્યાં છે. તેમાં ઘણા શબ્દોને લગતાં ચિત્રો જોઈ શકાય છે. આ ચિત્રો ૧થી ૯ ભાગમાં આવતા શબ્દોને લગતાં છે. તેમાં જે શબ્દને ચિત્રમાં દર્શાવ્યો છે.

આ શબ્દકોશ ગુજરાતી પ્રજા અને ગુજરાતી સાહિત્ય માટે 'અનમોલ રતન' સમાન છે, મોંઘેરી મૂડી છે. આ મહાન સેવાકાર્ય કરનાર સંપાદક શ્રી ચંદુલાલ પટેલને રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા છે. તેઓ ગ્રંથજગતના આ વિશ્વમાં સદાય અમર રહેશે.

ભગવાન કૌટિલ્ય

- કનૈયાલાલ માણેકલાલ મુનશી

ઐતિહાસિક કથાનો આધાર મુનશીની પસંદગીનો વિષય છે. 'પાટણની પ્રભુતા' શ્રેણીની ચાર નવલકથાઓમાં સોલંકી યુગની વાત કરનાર મુનશી તેમની આ નવલકથામાં આચાર્ય વિષ્ણુગુપ્ત એટલે કે ચાણક્યની વાત કરે છે. કથા ૩૮ પ્રકરણોમાં વહેંચાયેલી છે.

કથા કંઈક આ પ્રમાણે છે :

વિષ્ણુગુપ્તના પિતાનું ખૂન થાય છે. કારણ છે નંદનવંશનો રાજા. હિરણ્યગુપ્ત માતાનું પણ મૃત્યુ થતાં વિષ્ણુગુપ્ત અનાથ બને છે. પણ અભ્યાસ પિપાસુ વિષ્ણુગુપ્ત તક્ષશિલામાં અભ્યાસ અર્થે જોડાય છે. ખૂબ અભ્યાસ કરી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરનાર વિષ્ણુગુપ્ત ત્યાં જ આચાર્ય તરીકે નિમાય છે. સિકંદર ભારત તરફ આક્રમણ કરવા આવે છે તેવા સમાચારથી ચિંતિત વિષ્ણુગુપ્ત ભારતના સૌથી શક્તિશાળી મગધના રાજા ધનનંદને આ વિશે સમાચાર આપી ચેતવે છે.

નંદ તેનું અપમાન કરી તેને ત્યાં ખદેડી મૂકે છે. સૈનિકો દ્વારા ધક્કા-મૂકીમાં ચાણક્યની શિખા છૂટી જાય છે. તે સમયે ચાણક્ય જ્યાં સુધી નંદનવંશનો નાશ નહિ કરું ત્યાં સુધી આ શિખા ફરી નહિ બાંધું તેવી પ્રતિજ્ઞા કરે છે, પછી તે ચંદ્રગુપ્તની મદદથી અને પોતાની પ્રખર બુદ્ધિથી બદલો લે છે. આવી કથાનો પૂર્વાધ અહીં પ્રસ્તુત થયો છે.

મુનશીએ જે ઐતિહાસિક વિષયને કથાધાર માટે પસંદ કર્યો છે, તેમાં ઈતિહાસનું મહત્ત્વ માત્ર સમય-કાળ પૂરતું જ છે. કથાનાં પાત્રોથી લઈને બીજુ બધું જ માત્ર નામ પૂરતું જ ઐતિહાસિક, બાકી બધું કલ્પનાના રંગે રંગાયેલું છે. પણ 'ભગવાન કૌટિલ્ય' નવલકથાના વિષય બાબતે એવું નથી.

અહીં કલ્પના તત્ત્વની સાથે ઈતિહાસના ઘણા વિષયોને યોગ્ય ન્યાય આપવાનો પ્રયત્ન થયો છે.

ભટનું ભોપાળું

- નવલરામ પંડ્યા

સુધારક યુગના ત્રણ મુખ્ય અગ્રણીઓમાં આપણે નર્મદ, નંદશંકર અને નવલરામને ગણાવી શકીએ. ત્રણેય સર્જકોએ કાવ્ય, નવલકથા અને વિવેચન એમ ત્રણ અલગ-અલગ ક્ષેત્રોમાં પોતાનો કસબ અજમાવીને એક નવતર કેડી કંડારી આપી છે. ૧૮૩૬માં સુરતમાં જન્મેલા નવલરામ વિસનગરા નાગર બ્રાહ્મણ હતા. નાનપણથી જ સારી તંદુરસ્તી અને હોંશિયારી ધરાવતા નવલરામનાં પ્રથમ લગ્ન માત્ર અગિયાર વર્ષની વયે થયાં હતાં. પ્રથમ પત્નીનું અવસાન થતાં ચૌદ વર્ષની વયે તેમનાં બીજાં લગ્ન પણ થયાં.

નબળી આર્થિક પરિસ્થિતિને કારણે માત્ર મેટ્રિક સુધીનો અભ્યાસ જ કરી શક્યા હતા. વ્યવસાયે શિક્ષક, અધ્યાપક, વાઈસ પ્રિન્સિપાલ અને પ્રિન્સિપાલના હોદ્દાઓ પણ તેમણે સંભાળ્યા હતા. નવલરામે કવિતા, નાટક અને વિવેચન ક્ષેત્રે કલમ અજમાવી હતી. તેમાં વિવેચક તરીકે તો તેમણે ખૂબ જ ખ્યાતિ મેળવી હતી. નાટ્યક્ષેત્રે પણ 'ભટનું ભોપાળું' જેવું હાસ્યનાટક અને 'વીરમતી' જેવું ગંભીર કથાવસ્તુ ધરાવતાં નાટક આપ્યાં છે.

નર્મદની જેમ નવલરામે પણ પોતાના સાહિત્યસર્જન દ્વારા સમાજસુધારણાનું કાર્ય કર્યું હતું. તેમણે 'ભટનું ભોપાળું' જેવાં પ્રહસન દ્વારા વૃદ્ધ પુરુષ અને એક નાનકડી કન્યાનાં લગ્નના સંદર્ભને આલેખતી એક કથા દ્વારા સમાજમાં થતાં આવાં કજોડાં અને તેના લીધે સર્જાતી અનેક સમસ્યાઓ તરફ તે સમયના વાચકોનું ધ્યાન દોર્યું હતું. મૂળે આ નાટક ફ્રેન્ચ નાટ્યકાર મોલિયેટના એક નાટકનું અંગ્રેજ નાટ્યલેખક ફિલ્ડિંગે 'મોક ડાક્ટર' નામથી કરેલા અનુવાદનું રૂપાંતર છે. આમ, એક અનુવાદિત નાટક હોવા છતાં આપણને સમગ્ર નાટકનું રસપાન કરતાં ક્યાંય અણસાર સુદ્ધાં આવતો નથી. એક વાચક તરીકે આપણે આ નાટકને નવલરામનું મૌલિક સર્જન જ ગણીએ એટલી ખૂબીથી તેમણે અનુવાદ કરેલો જોઈ શકાય છે.

'ભટનું ભોપાળું'ના અંગ્રેજી વર્ઝનમાં પણ નાટકનો મૂળ હેતુ હાસ્યકટાક્ષ દ્વારા સમાજસુધારણાનો હતો, જે નવલરામે પણ જાળવી રાખ્યો છે. આપણા સમાજમાં ચાલતા કન્યાવિક્રયના અનિષ્ટને અહીં ઉપહાસ દ્વારા ખુલ્લો પાડવામાં આવ્યો છે. નાટકમાં ચંદા, નથ્થુશાહ, ઝુમખાશાહ જેવાં યાદગાર પાત્રો છે. તે સમયે ગુર્જર ભાષામાં ખરા હાસ્યરસનો ગ્રંથ માત્ર આ 'ભટનું ભોપાળું' જ હતો.

આમ, મૂળ નાટકનું અનુકરણ અહીં એટલું સફળ અને આપણા સંસારને અનુકૂળ છે કે એ નાટક મૌલિક જ હોય એવું લાગે છે. થોડીક કાપકૂપ સાથે આજે પણ રંગભૂમિ ઉપર ભજવી શકાય તેવું આ અભિનયક્ષમ નાટક પ્રહસન છે. નવલરામનું એક માત્ર બીજું નાટક 'વીરમતી', જે ગંભીર કથાવસ્તુ ધરાવે છે. આ બંને નાટકો પરથી આપણે એમ ચોક્કસ કહી શકીએ કે નવલરામે જો નાટકો લખવાનું ચાલુ રાખ્યું હોત તો નાટ્યકાર તરીકેની એમની પ્રતિભા જરૂર ખીલી ઊઠી હોત.

ભણકાર

- બળવંતરાય ક. ઠાકોર

ઉત્તમ સર્જક્તા પણ સમયની રાહ જોતી હોય છે એ વાત બ. ક. ઠાકોરના સાહિત્ય સર્જનને બરાબર લાગુ પડે છે. ઉચ્ચ શિક્ષણ અને વાંચનનો શોખ હોવા છતાં શરૂઆતમાં તેમણે એ ગતિથી સર્જન કર્યું નથી જે તે સમયના સાહિત્યકારોએ કર્યું છે.

કવિ 'કાન્ત' સાથે તેમની મૈત્રી એ તેમની ઉત્તમ સર્જક્તાનું કારણ છે. આમ તેમની સાહિત્ય પ્રવૃત્તિ એકંદરે મોડી શરૂ થઈ એમ કહી શકાય. અર્વાચીન ગુજરાતી કવિતાને નવો વળાંક આપવામાં પણ તેમનો ફાળો રહ્યો છે. તેમણે જુદા-જુદા સમયે જે કાવ્યો કે કાવ્ય ગ્રંથો લખ્યા તે બધાને સમાવી લેતો કાવ્ય સંગ્રહ 'ભણકાર' ૧૯૫૧માં પ્રકાશિત થયો.

ભણકારની કવિતા ત્રણ પાસાઓને સાથે લઈને ચાલે છે. પ્રકૃતિ, પ્રણય અને ચિંતન.

'કવિનું કર્તવ્ય', 'એક તોડેલી ડાળ', 'ચોપાટીને બાંકડેથી', 'અદૃષ્ટિ દર્શન' વગેરે તેમનાં ચિંતન પ્રધાન કાવ્યો છે. 'મોગરો', 'પ્રેમની ઉષા', 'વધામણી', 'જૂનું પિયેરઘર', 'વર્ષાની એક સુંદર સાંજ' વગેરે તેમનાં પ્રકૃતિ નિરૂપણનાં કાવ્યો છે. તેમણે મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ નહેરુ વિશે પણ કાવ્યો આપ્યાં છે.

ઠાકોરના સમયમાં ઊર્મિ કાવ્યોનું પ્રાધાન્ય હતું. ઠાકોરે પોતાની કવિતાને કેવળ કોરી ઊર્મિઓથી નથી ભરી તેમાં ચિંતન અને વિચારનું તત્વ ઉમેર્યું છે. ગુજરાતી કવિતામાં સોનેટને જે સ્થાન મળ્યું છે તેનો મોટો યશ બ. ક. ઠાકોરને ફાળે જાય છે. તેમણે ઊર્મિ કાવ્યો તરફ ઓછું લક્ષ્ય આપ્યું છે, પણ તેઓ ક્યારેય ઊર્મિ કાવ્યના વિરોધી નથી રહ્યા.

ભદ્રંભદ્ર

- રમણભાઈ નીલકંઠ

અગ્રણી સમાજસુધારક અને કેળવણીકાર મહીપતરામ નીલકંઠને ત્યાં રમણભાઈનો જન્મ થયો હતો. આમ, સુધારક માનસનો વારસો રમણભાઈને બાલ્યકાળથી જ પ્રાપ્ત થયો હતો એમ કહી શકાય. રમણભાઈએ સાહિત્યના માધ્યમ દ્વારા સુધારાનું જે કાર્ય સફળતાપૂર્વક કર્યું તેમાં ૧૯૦૦માં પ્રગટ થયેલી સળંગ હાસ્યરસ પ્રધાન નવલકથા ‘ભદ્રંભદ્ર’ ઉલ્લેખનીય કૃતિ ગણી શકાય.

સુધારકવૃત્તિ સામે જડતાપૂર્વક સનાતની વલણ ધારણ કરી રાખતા લોકોના કથાનકને રજૂ કરતી ‘ભદ્રંભદ્ર’ નવલકથામાં નામ પ્રમાણે જ ‘ભદ્રંભદ્ર’ એ મુખ્ય પાત્ર છે, જે ગુજરાતી સાહિત્યનું એક અવિસ્મરણીય પાત્ર બન્યું છે. એ સમયે ઘણી લોકપ્રિય બનેલી એવી આ ગુજરાતી સાહિત્યની પહેલી સળંગ હાસ્યરસિક નવલકથા છે. આ નવલકથા દ્વારા રમણભાઈએ તત્કાલીન સંરક્ષક પક્ષના સનાતનધર્મી આગેવાનો જેવા કે મણીલાલ નભુભાઈ દ્વિવેદી, મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, ધીરજરામ નરભેરામ પુરાણી, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ વગેરેને નિશાન બનાવ્યા છે. આખી દુનિયાનાં અનિષ્ટોને સુધારી નાખવાની હઠ લઈને બેઠેલા ‘ભદ્રંભદ્ર’ના પાત્ર દ્વારા નવલકથામાં અનેક જગ્યાએ હાસ્યનિષ્પન્ન થાય છે.

આ ઉપરાંત, હરજીવનનું પાત્ર, કોર્ટમાં કેસ ચાલે છે તે દ્રશ્ય, વંદાવધ, તંદ્રાચંદ્રનો વરઘોડો વગેરે જેવા પ્રસંગો આજે પણ હાસ્ય પૂરું પાડે છે. સનાતન ધર્મના વેદિયાવેડા, સંસ્કૃતમય વાણી પ્રયોજવાનો દુરાગ્રહ, અંગ્રેજો અને યવન લોકો પ્રત્યેનો અકારણ રોષ, આભડછેટ વગેરે જેવાં દૂષણો, ધર્મનું અજ્ઞાન અને દંભ વગેરે બાબતમાં રહેલી માનવસ્વભાવની નબળાઈઓ પર રમણભાઈએ અહીં ખૂબ જ માર્મિક પ્રહારો કરેલા જોઈ શકાય છે.

જોકે, આજે નવલકથાના સર્જનનાં ચોક્કસ પરિબળોના અભાવે ‘ભદ્રંભદ્ર’નું સ્થૂળ હાસ્ય વાચકમાં રસ ન જન્માવી શકે, બલકે નિરસતા અને કંટાળો પણ આપે તે સ્વાભાવિક છે. આનંદશંકર ધ્રુવે નવલકથા વિશે પોતાનો અભિપ્રાય ટાંક્યો છે કે, “એમાં ઊંચી રસવૃત્તિ જળવાઈ નથી અને આ કૃતિ સુધારાને સબળ કરવાને બદલે માર્ગમાં વિક્ષેપરૂપ બને છે.” જોકે, આપણે એ સ્વીકારવું જ રહ્યું કે આપણા અલ્પઘન હાસ્યપ્રધાન સાહિત્યમાં ‘ભદ્રંભદ્ર’ નવલકથા એક મહત્ત્વનું સીમાચિહ્ન બની રહી છે.

ભારતમાં વિજ્ઞાનનો
સંક્ષિપ્ત ઇતિહાસ
ગુજરાત ગ્રંથનિર્માણ મંડળ

ભારતમાં વિજ્ઞાનનો સંક્ષિપ્ત ઈતિહાસ

- ગુજરાત ગ્રંથનિર્માણ મંડળ

આજકાલ પશ્ચિમી સંસ્કૃતિનું ભારતીયોને ભારે ઘેલું લાગ્યું છે. પોતાનાપણું ભૂલીને આપણે વિદેશી સંસ્કૃતિથી અંજાયા છીએ. પણ, ગ્રંથનિર્માણ મંડળનું આ પ્રકાશન આપણને યાદ અપાવે છે કે મહાન કોણ છે? “આપણે જ્યારે આપણાપણું ભૂલવા લાગ્યા છીએ, ત્યારે આવાં પુસ્તકોનું વાંચન અનિવાર્ય બની જાય છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે આપણા ઋષિમુનિઓ પણ વિજ્ઞાનીઓ હતા.” ગ્રંથનિર્માણ મંડળનો આ ગ્રંથ વિદ્યાર્થીઓને જ નહીં નાનાં-મોટાં, ગલઢેરાં તમામને ઉપયોગી માહિતી આપે છે. ભારતીય હોવાનું આપણને ગૌરવ અપાવે છે.

‘ભારતમાં વિજ્ઞાનનો સંક્ષિપ્ત ઈતિહાસ’ આમ તો અનુવાદિત પુસ્તક છે. જેને અંગ્રેજીમાં એકથી વધારે વિદ્વાનોએ લખેલું છે. વસુ, સેન અને સુબ્બરયપ્પા નામના વિદ્વાન વિજ્ઞાનીઓએ સંપાદન કરેલું છે. જેનું ભાષાંતર આચાર્ય શંભુપ્રસાદ સોમનચાથ દવેએ કર્યું છે. પુસ્તકમાં ડેમી કદનાં કુલ ૯૨૫ પાનાં છે. કુલ ૧૧ પ્રકરણોમાં ભારતીય વિજ્ઞાનના ઈતિહાસનો પ્રાથમિક પરિચય અપાયો છે. પ્રથમ પ્રકરણમાં વિષયની આધારસામગ્રીનું સર્વેક્ષણ કર્યું છે. તેમાં પુરાતત્ત્વ, વૈદિક સાહિત્ય, વેદાંગ, સૂત્ર, સંસ્કૃત સાહિત્ય, દર્શન શાસ્ત્રો, ભાષ્યો, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, મહાકાવ્યો, પુરાણો, બૃહદસંહિતા તથા બીજા ધર્મો અને ભાષાના ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ખગોળ શાસ્ત્રનો સમાવેશ બીજા પ્રકરણમાં કરાયો છે તો ત્રીજામાં ગણિત શાસ્ત્રનો ઈતિહાસ છે. ચોથામાં આયુર્વેદ સહિત વૈદકના વિજ્ઞાનની વાત. પાંચમા પ્રકરણમાં રસાયણશાસ્ત્ર અને કીમિયાગરીનો વૃત્તાંત અપાયો છે. છઠ્ઠામાં કૃષિ તથા સાતમામાં વનસ્પતિશાસ્ત્રનું વર્ણન છે. આઠમા પ્રકરણમાં પ્રાણીશાસ્ત્રનો ઈતિહાસ છે. નવમામાં ભૌતિક જગતનાં સ્વરૂપ, મતમાન્યતા આદિનું વર્ણન છે. દસમા પ્રકરણમાં ૧૯મી સદીના અંત સુધીમાં યુરોપથી ભારતમાં આવેલા વિજ્ઞાનની કથા છે. અગિયારમું પ્રકરણ ઉપસંહારનું છે. તે પછી કાળક્રમાનુસાર વિકાસનું તિથિપત્ર આપવામાં આવ્યું છે. ત્વરિત સંદર્ભ માટે તે ઉપયોગી છે. તેમાં વર્તમાન પૂર્વે ૧ાા લાખથી ઈ.સ. ૧૯૦૦ સુધીનો ઘટનાક્રમ આપ્યો છે. ગ્રંથમાં વાપરેલા સંક્ષેપોની સૂચિ તથા સંદર્ભગ્રંથોની સૂચિ ઉપયોગી છે. પ્રકરણો જે તે ક્ષેત્રના વિદ્વાનોએ લખ્યાં છે. લેખક આચાર્ય શંભુપ્રસાદ સોમનાથ દવેનો અનુવાદ સુવાચ્ય છે.

મહાદેવભાઈની ડાયરી

- મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ

ગાંધીજી અને તેમના સાથી મિત્રો એકવાર મૈસુર ગયા હતા. ત્યાંથી ગેરસપ્પાનો ધોધ બહુ નજીક હતો.

કાકા સાહેબે તે જોવાની ઈચ્છા વ્યક્ત કરી. થોડીક રકઝક પછી ગાંધીજી માન્યા. તેમણે કાકાને જવાની રજા આપી ત્યારે કાકા સાહેબે મહાદેવભાઈને સાથે લઈ જવાની વાત કરી એટલે પ્રત્યુત્તરમાં ગાંધીજી બોલ્યા : "એ તો ગેરસપ્પાનો ધોધ તો હું જ છું." આ વાત સાચી છે તે મહાદેવભાઈએ ડાયરી લખીને પુરવાર કરી આપ્યું છે.

'ડાયરી' એ અંગ્રેજી શબ્દ છે તેના માટે ગુજરાતીમાં રોજનીશી, દૈનિકી, વાસરિકા જેવા પર્યાયવાચી શબ્દો મળે છે. 'મહાદેવભાઈની ડાયરી' ગુજરાતી સાહિત્યને મહાદેવભાઈનું શ્રેષ્ઠ અર્પણ છે.

મહાદેવભાઈ ૧૦૧૭માં ગાંધીજીને મળવા આવ્યા ત્યારથી લઈ ૧૯૪૨ સુધી (મૃત્યુ સુધી) ગાંધીજીના ખૂબ જ નિકટતમ પૈકીના એક રહ્યા હતા. ગાંધીજી સાથેના પચીસ વર્ષની તેમણે રોજનીશી રાખી હતી. આ વિપુલ સામગ્રીમાંથી ડાયરીના ત્રેવીસ જેટલા ભાગ પ્રસિદ્ધ થયા છે.

મહાદેવભાઈએ પોતાની સૂક્ષ્મ અભ્યાસુ દૃષ્ટિ અને ચીવટથી ગાંધીજીની દિનચર્યાથી લઈને તેમના આચાર-વિચાર, આહાર, વિહાર જેવી બધી જ ક્રિયાઓને નોંધી છે. તેના આધારે આ ગ્રંથની રચના થઈ છે. આ ડાયરીઓ સાહિત્યિક અને ઐતિહાસિક બન્ને રીતે ખૂબ જ મહત્વ ધરાવે છે. તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી.

આ ડાયરીઓમાં પ્રગટ થતી લેખકની ઉચ્ચ નમ્રતા, પ્રેમ, લાગણી, ગાંધીજી પ્રત્યેની અનન્ય નિષ્ઠા, જેવાં તત્ત્વો આ ગ્રંથને વધુ સમૃદ્ધ બનાવે છે.

મહાન મુસાફરો

- મૂળશંકર મોહનલાલ ભટ્ટ

કોલંબસ અને વાસ્કો-દિ-ગામા આ બે નામોથી લગભગ બધા જ શિક્ષિત લોકો પરિચિત હશે. કંઈક નવું શોધવાની, કંઈક નવું જોવાની તેમની ઝંખના તેમને ક્યાં લઈ જાય છે? તેઓ કેવી કેવી મુસીબતોનો સામનો કરે છે? કેટલાં કષ્ટો સહન કરે છે? આ બધા જ પ્રશ્નોના ઉત્તર ઈતિહાસ પાસે છે. જો તેઓ સમય, સંજોગો અને સંદર્ભો સામે હારી ગયા હોત તો આજે વિશ્વનું ચિત્ર કંઈક જુદું હોત. આવા મુસાફરોની મુસાફરીએ વિશ્વને ઘણું જ આપ્યું છે.

મૂળશંકર મોહનલાલ ભટ્ટ મૂળ તો ધાર્મિક અને સાંસ્કૃતિક લાગણીવાળા અહિંસાપ્રેમી માણસ હતા. પરિણામ સ્વરૂપે પોતાના 'મહાન મુસાફરો' પુસ્તકમાં એવા કેટલાય મહાન મુસાફરોને સ્થાન નથી આપ્યું જે તેમની દૃષ્ટિએ હિંસાના જન્મદાતા, લોભી અને સ્વાર્થી હતા. તેમણે માનવ કલ્યાણના નામે માનવને કચડ્યો હોય, ગુલામ બનાવ્યા હોય. તેવા ચંગેઝખાન, નેપોલિયન, સીઝર, વાસ્કો-દિ-ગામા જેવા મુસાફરો પુસ્તકમાં સ્થાન નથી આપ્યું.

આ એક સાહસકથાનું પુસ્તક હોય તેવું લાગ્યા કરે છે, કેમ કે રચનાકારે સાત સમંદર પાર, વનમાં, જંગલમાં, ઊંચા પર્વતો પર, નદીઓમાં, ઉચ્ચ પ્રદેશોમાં - આમ વિવિધ પ્રદેશોમાં અને વિશ્વના ખૂણે ખૂણે લઈ જવાનો પ્રયાસ કર્યો છે. ચૌદ પ્રકરણમાં વિશ્વના ચૌદ યાત્રીઓની સાહસગાથા છે. આ યાત્રીઓએ યાત્રા દરમિયાન કરેલાં સાહસો અને પરાક્રમોની વાતો અદ્‌ભુત રીતે વર્ણવાઈ છે.

એક પ્રકરણમાં શિખર ગૌરીશંકર અજેય હતું. હિમાલયના સૌથી ઊંચા શિખર કે જ્યાં હજુ સુધી કોઈ પહોંચ્યું ન હતું ત્યાં પહોંચવાના નિષ્ફળ પ્રયાસની કથાને રજૂ કરે છે. પ્રવાસવર્ણનો અને સાહસકથાઓમાં અનોખી ભાત પાડતું આ પુસ્તક એક અદ્‌ભુત સાહસયાત્રા કરાવે છે.

વિશ્વના સૌથી મહાન યાત્રી ગણીને લેખકે મહર્ષિ અગસ્ત્યની કથાથી પહેલા પ્રકરણનો આરંભ કર્યો છે. એ પછી તો યાત્રી શ્યેન ચાંગ, ઈબ્ન બતૂતા, માર્કો પોલો, કોલંબસ, મેગેલન, ફ્રાંસિસ ડ્રેક, મંગો પાર્ક, ડેવિડ લિવિંગ્સ્ટન, ફ્રિટ્યોફ તાનસેન, સ્વેસ હેડિન એમ કુલ ૧૩ યાત્રીઓની વાત કરી છે. દરેક કથામાં અવનવાં સાહસ, રોમાંચ અને પરાક્રમની કથા છે જે વાચકને જકડી રાખવામાં સફળ થાય છે. લેખકે ઉત્તર ધ્રુવ પર વસાહતનો સંકેત આપી પુસ્તકને વધુ મજબૂતાઈ પ્રદાન કરી છે.



મળેલા જીવ

- પન્નાલાલ પટેલ



દૂર ડુંગરાળ પ્રદેશોમાં પાવા વાગતા હોય અને તેનો નાદ પ્રકૃતિનાં બીજાં તત્ત્વોમાં ભળતો હોય, હરિયાળાં ખેતરો લહેરાતાં હોય અને બળદોના ગળામાં ઘુઘરા ઘમકતા હોય, ચારે બાજુ પ્રકૃતિ સોળે કળાએ ખીલી હોય અને એમાં મેળાનું વાતાવરણ ભળે અને આ વાતાવરણમાં ય જુવાન હૈયાં એકમેકની તરફ ઢળે અને જન્મે મીઠો પ્રણય. ચારેતરફ પ્રેમના વાયરા વાય અને જુવાન હૈયાં હિલોળે ચડે પણ એકમેકનાં ન થઈ શકતાં શું કરીશું એવા વિચારો અને એમાંથી જન્મતી સંઘર્ષભરી યાત્રા એટલે પન્નાલાલની નવલકથા 'મળેલા જીવ'.

ઈડરના ડુંગરાળ પ્રદેશની આસપાસનાં ગામડાં, ત્યાંના લોકોની બોલી, પહેરવેશ, રીતરિવાજો, ખાનપાન, મેળા-ઉત્સવ અને તેમાં જીવતા જીવંત માણસોની કથા છે મળેલા જીવ.

કથાનો નાયક કાનજી પટેલ, પટેલ જ્ઞાતિનો છે. જ્યારે નાયિકા જીવી નાયી જ્ઞાતિની છે. બંને વચ્ચે પ્રણય પાંગરે છે. પણ જ્ઞાતિ ભિન્ન હોવાથી અને કાનજીના માથે મોટા ભાઈની જવાબદારી હોવાથી બંને એક થઈ શકતાં નથી. જીવી તરફ પ્રણય કારણે કાનજી તેનાં લગ્ન પોતાના ગામના ઘૂળા નામના એક વાળંદ સાથે કરાવે છે પણ ઘૂળા શંકાળુ અને વહેમી હોવાથી તેમજ કાનજી અને જીવી વચ્ચે લાગણીઓ હોવાથી જીવી આંતરિક દ્વંદ્વમાં ઉતરે છે. જીવનથી ત્રાસી ગયેલી જીવી જીવનનો અંત લાવવા રોટલામાં ઝેર ભેળવે છે. પણ ભાગ્યવસાત્ અજાણતાં એ રોટલો એનો પતિ ખાઈ જાય છે અને મૃત્યુ પામે છે. જીવી ગાંડી થઈ જાય છે.

બીજી તરફ આર્થિક પરિસ્થિતિ અને ગામલોકોનાં મેણાં-ટોણાંથી ત્રાસેલો કાનજી શહેરમાં જતો રહે છે. જ્યારે તેને જીવીના જીવનની આ કરુણ કથનીની જાણ થાય છે ત્યારે તે જીવીને પોતાની સાથે લઈ જાય છે. જીવનની આવી કરુણતાને પન્નાલાલ પટેલે એટલી બધી વાસ્તવિકતાથી રજૂ કરી છે કે સહૃદય પાઠકનું હૈયું દુઃખથી ભરાઈ જાય છે અને તેની આંખો આંસુઓથી. આ જ વાતને પન્નાલાલે વાર્તાના એક પાત્ર દ્વારા કહેડાવી છે :

"વાહ રે માનવી! તારું હૈયું; એક પા લોહીના કાંગળા ને બીજી પા પ્રીતના ઘૂંટડા".

ગુજરાતી સાહિત્ય જ નહિ, વિશ્વ સાહિત્યમાં પણ પ્રથમ હરોળમાં સ્થાન પામેલ તેવી આ કૃતિની પ્રશંસા કરતાં સુંદરમે કહ્યું છે :

> "અત્યારે આ કથા જેવી છે તેવી પણ ભારતના કોઈ પણ સાહિત્યમાં, અને થોડા સંકોચ સાથે વિશ્વના સાહિત્યમાં પણ, ગુજરાતી કળાનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી બની છે."

માનવીની ભવાઈ

- પન્નાલાલ પટેલ



પ્રકૃતિની ગોદમાં ઉછરેલા ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના આ રચનાકાર પન્નાલાલ પટેલ માત્ર ચાર ધોરણ સુધી ભણ્યા હતા. તેમ છતાં ગજબનો આત્મવિશ્વાસ અને માનવીય સ્વભાવ, લાગણી, પ્રેમ અને માનવીય સુખ-દુ:ખને સમજવાની અને પારખવાની તેમનામાં જબરદસ્ત તાકાત હતી. તેમની આ તાકાતનો પરચો તેમની નવલકથાઓમાં જોઈ શકાય છે. પન્નાલાલ પટેલે ૫૬ જેટલી નવલકથાઓ આપી છે. જેમાં 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'નો આજેય જોટો જડે તેમ નથી.

માનવીની ભવાઈની કથા કાળુ અને રાજુ નામના નાયક-નાયિકાની આસપાસ ગૂંથાયેલી છે. સંજોગોવસાત્ લગ્ન ન થવા છતાં આ બંને પ્રેમીઓ જન્મોજન્મનાં સાથી જ છે, એમ માની જીવન વિતાવવાનું નક્કી કરે છે. પન્નાલાલ પટેલે આ પ્રેમીઓના જીવનનાં સુખ-દુ:ખ, તડકા-છાંયડાને અદ્ભુત રીતે નિરૂપ્યાં છે.

નવલકથા ૩૮ પ્રકરણોમાં વહેંચાયેલી છે. જેમાં નાયક-નાયિકાનો પ્રણય તેમની વેદના, તેમના મનોભાવો અને તેમના સંઘર્ષ વચ્ચે છપ્પનીયા દુકાળની પરિસ્થિતિ અને તે સમયના ગ્રામીણ જીવનને જીવંત કરવાનો લેખકનો પ્રયાસ અદ્ભુત રીતે સફળ થયો છે. એ સાથે ગ્રામીણ પરિવેશ પણ જીવંત થયું છે.

દરિયાના પેટાળમાં ગયા વગર મોતી મળતાં નથી. પન્નાલાલ પટેલ આ વાતથી બરાબર વાકેફ છે એટલે જ તેમણે ઉત્તમ સર્જન કર્યું છે. તેમની નવલકથા તેમની આસપાસના એક એવા જગતને જીવંત કરે છે. જે, જે તે સમયના તત્કાલીન સમાજનું હૂબહૂ ચિત્ર પાઠક સામે ઊભું કરી દે છે.

ગુજરાતી સાહિત્યના લગભગ બધા જ સમીક્ષકોએ પન્નાલાલ પટેલની આ કૃતિને મહાકાવ્ય તરીકે સંબોધી છે. જે કાળુ અને રાજુના માધ્યમથી એક આખા પ્રદેશની વાસ્તવિક પરિસ્થિતિને પાઠક સમક્ષ લઈ આવે છે. પન્નાલાલ પટેલની સમીક્ષા કરતાં રઘુવીર ચૌધરીએ લખ્યું છે :

"ગોવર્ધનરામની સર્જકતા 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં પ્રફુલ્લિત બની મુનશીની કથાત્રયીમાં બીજો ભાગ 'ગુજરાતનો નાથ' સર્વોત્તમ છે. પન્નાલાલની સર્જકતાનું શિખર પ્રસ્તુત મહાકથાનો પ્રથમ ભાગ છે 'માનવીની ભવાઈ'. એક સ્વતંત્ર એકમ તરીકે 'માનવીની ભવાઈ' ગુજરાતીની સર્વોત્તમ નવલકથાઓમાં સ્થાન પામી છે. જાનપદી નવલકથાની શક્યતાઓ પણ એમાં સૌથી વધુ સિદ્ધ થઈ છે."

મારી હકીકત

- નર્મદાશંકર લાલશંકર દવે 'નર્મદ'

દુર્ગારામ મહેતાએ રોજનીશી દ્વારા પોતાનું આત્મચરિત્ર જેવું કંઈ આપવાનો પ્રયત્ન કર્યો હતો પણ તે માત્ર માહિતી સ્વરૂપ રહ્યું એ પછી નર્મદે પોતાના વિશે 'મારી હકીકત' એ નામે આત્મકથા સ્વરૂપનું એક પુસ્તક આપ્યું. ગુજરાતી ભાષામાં સભાન અને સજ્જ થઈને લખાયેલી આ પહેલી આત્મકથા હતી, તેમ કહી શકાય.

નર્મદનો જન્મ તા.૨૪-૮-૧૯૩૩ના રોજ થયો હતો. આ આત્મકથામાં તેઓ તા.૩-૯-૧૮૩૩ના દિવસથી કથાનો આરંભ કરે છે. તા.૧૮-૯-૧૮૬૬ સુધીની માહિતી તેમાં આવરી લેવાનો પ્રયાસ થયો છે. નર્મદની આ 'આત્મકથા'માં તેમના જન્મથી લઈ જીવનની અનેક ઘટનાઓ જેવી કે ઉછેર, અભ્યાસ, સામાજિક પરિસ્થિતિઓ, સંબંધો જેવી અનેક બાબતોને આવરી લેવાનો પ્રયાસ થયો છે. નર્મદે જીવનના ઘણા પ્રસંગો તારીખ, વાર સાથે વધારે લંબાણપૂર્વક રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. ક્યારેક તેઓ આત્મકથાના લેખક ન હોય તેવો પણ આભાસ થાય છે. કેમ કે તેમણે ક્ષીરનીર વિવેકનો ત્યાગ કરીને કથાને આગળ વધારી હોય તેવું ઘણા પ્રસંગોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

જે-તે સમયની સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ, તત્કાલિન સુરતની સ્થિતિ એ તેમની આત્મકથાનાં જમા પાસાં ગણાવી શકાય. નર્મદે અંગત જીવનની ઘણીય બાબતોને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. પોતાના સમયની ઘણીય વિગતો રજૂ કરતી નર્મદથી આ રચના જે તે સમયની પ્રામાણિક વિગતો રજૂ કરતી હોવાથી તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ વધી જાય છે.

નર્મદના રચનાકાર તરીકેનાં સબળ પાસાંનો અભ્યાસ કરવો હોય તો પણ આ આત્મકથા મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. વળી, નર્મદની ભાષા પણ આ કૃતિને વધુ વાંચવાયોગ્ય બનાવે છે. નર્મદે પોતાના જીવનના ઘણાય બનાવોને સૂક્ષ્મ રીતે રજૂ કરી તેમાં પોતાની સર્જનાત્મકતાનાં ભારોભાર વખાણ પણ કર્યાં છે. સાથે-સાથે પોતાના દાદા પુરુષોત્તમ દવે તથા પિતા લાલશંકર દવેનાં ચરિત્રોને પણ સારી રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

ટૂંકમાં, 'મારી હકીકત'ને ગુજરાતી ભાષાની સર્વપ્રથમ ઉત્તમ કક્ષાની આત્મકથા ગણાવી શકાય.

મિથ્યાભિમાન

- દલપતરામ

અર્વાચીન યુગના સાહિત્યકારોની વાત કરતી વખતે ઐતિહાસિકતાનો ઉલ્લેખ થાય તો દલપતરામને પહેલા ગણવા પડે. ઈ.સ. ૧૮૨૦માં વઢવાણમાં જન્મેલા દલપતરામે ગુજરાતી સાહિત્યને ઘણું આપ્યું છે. તેમાં છે એક ‘જીવરામ ભટ્ટ’ એટલે ‘મિથ્યાભિમાન’ નાટકના નાયક.

ઈનામી સ્પર્ધા માટે રચાયેલું અને સ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કરનાર ‘મિથ્યાભિમાન’ નાટક જીવરામ ભટ્ટ નામના એક રતાંધળા વ્યક્તિના મિથ્યાભિમાનની વાત કરે છે. જીવરામ ભટ્ટને દરેક વાતનું અભિમાન છે. તેમની પત્ની જમના પિયર જાય છે. જીવરામ ભટ્ટ પણ તેની પાછળ-પાછળ પોતાની સાસરીમાં જાય છે. સાસરીમાં ખોટો દંભ અને અભિમાન છોડતા નથી. પોતાના રતાંધળાપણાને કારણે સાસુને પાડી સમજી લાત મારે છે. સિપાઈઓ તેમને ચોર સમજી પકડી જાય છે.

આવા ઘણા પ્રસંગો હાસ્ય સર્જે છે. વારંવાર ગોટાળા સર્જતા જીવરામ ભટ્ટ સૌના ઉપહાસનું પાત્ર તો બને જ છે, સાથે તેમની દૃષ્ટિની ક્ષતિને છાવરવાની પ્રવૃત્તિઓથી જે હાસ્ય પેદા થાય છે તે પણ રસિકજનોને ખૂબ મનોરંજન પૂરું પાડે છે.

દલપતરામ પહેલાં જેટલા પણ રચનાકારો થયા તે નાટ્યક્ષેત્રે દલપતરામ જેટલી સિદ્ધિ નથી મેળવી શક્યા. દલપતરામે પોતાની આગવી સૂઝ અને જ્ઞાનથી આ નાટકને ખૂબ સરસ બનાવ્યું છે. તેમની શૈલી, રજૂઆત, પાત્રાલેખન અને હાસ્યના પ્રસંગો તેમના પરિચયની નાટ્યશૈલી વિશેના જ્ઞાનને છતું કરે છે. દલપતરામે આ નાટકને ‘ભૂંગળ વિનાની ભવાઈ’ કહીને સંબોધ્યું છે.

મિયાં ફુસકી

- જીવરામ ભવાનીશંકર જોશી



"હું કાશીમાં રહેતો હતો ત્યારે એક દૂબળા-પાતળા મિયાંને જોઈને મને મિયાં ફુસકી પાત્ર ઘડવાની પ્રેરણા મળી."

- જીવરામ જોશી

ગુજરાતમાં ઘણા સાહિત્યકારોએ બાલ સાહિત્યનું સર્જન કર્યું છે. આ સાહિત્યકારોમાં જીવરામ ભવાનીશંકર જોશીનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય. સાથે જ રમૂજ/હાસ્યથી જ જેમનું ચરિત્ર ઘડાયું છે તેવાં તેમનાં મિયાં ફુસકી અને તભા ભટ્ટ જેવાં પાત્રોને ગુજરાતી સાહિત્યનાં રમૂજી પાત્રોમાં પ્રથમ હરોળમાં મૂકી શકાય.

જીવરામ જોશીએ બાળકોને મજા કરાવતાં, જ્ઞાન સાથે ગમ્મત કરાવતાં, બાલ સાપ્તાહિક ઝગમગના સંપાદક તેમજ લેખક તરીકે બેવડી છતાંય અદ્વિતીય ભૂમિકા નિભાવી છે. આ સાહિત્ય અંતર્ગત મિયાં ફુસકીની વાતો ૩૦ ભાગમાં વહેંચાયેલી છે.

કથામાં એક નિવૃત્ત સિપાઈની નિવૃત્તિ પછી સિપાઈ જેવી સાહસવૃત્તિ અને કાર્યપ્રણાલી અને તેમાંથી નિપજતા હાસ્યની વાતો છે. પોતાના સ્વભાવને કારણે મિયાં અવનવાં પરાક્રમો કર્યા કરે છે અને આ પરાક્રમો તે મૂર્ખ છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન કરતા હોય. બધાને લાગે કે આજે તો મિયાં ચોક્કસ ફસાવાના અને સાથીઓ માટે પણ મુસિબત ઊભી કરવાના પણ ત્યાં તો મિયાંમાં આંતરસૂઝ પ્રગટે, બુદ્ધિમાં વીજળીની જેમ એક ચમકારો થાય અને મિયાં કોઈ એવી યુક્તિ કરે કે આબાદ રીતે મુસિબતમાંથી બહાર નીકળી જાય છે. આ કાર્યમાં ઘણીવાર મિયાં પોતાના મિત્ર તભા ભટ્ટની પણ મદદ લે અને બંને સાથે મળી મુશ્કેલીનો હલ શોધે.

આજે પણ મિયાં ફુસકીની વાતો બાળકોમાં લોકપ્રિય છે. બાળકોને તે વાંચવી અને સાંભળવી ગમે તેવી રસપ્રદ અને તેમના માનસને અનુરૂપ છે. આ જ કારણથી આ વાર્તાઓ પૈકીની ઘણી વાર્તાઓનું નાટ્યમંચન પણ થયું છે.

મિયાં ફુસકીની વાતો એટલી લોકપ્રિય થઈ છે કે આજે પણ કોઈ પોલીસ તરીકે ફરજ બજાવતી વ્યક્તિ મોટી મોટી વાતો કરે અથવા બડાસ મારે ત્યારે લોકો તેને મિયાં ફુસકી તરીકે સંબોધે છે. વાર્તાઓમાં આવતો મિયાંનો એક સંવાદ આ વાતને આધાર પૂરો પાડે છે:

"અમે કોણ? મિયાં ફુસકી! સિપાઈ બચ્ચા, હા."

યુગયાત્રા

– યશવન્ત દેવશંકર મહેતા

આપણી ભાષામાં વિજ્ઞાનકથાઓ છે, પણ, પૂરતી સંખ્યામાં નથી. જે કેટલીક સુંદર કથાઓ છે, તે અનુવાદો છે. આ સ્થિતિમાં જાણીતા લેખક યશવન્ત દેવશંકર મહેતા (જ.૧૯૩૮) આપણને ‘યુગયાત્રા’ નામની અદ્‌ભુત વિજ્ઞાનકથાની ભેટ ધરે છે. બાળકોમાં ‘યશદાદા’ના નામથી જાણીતા યશવન્તભાઈએ ગુજરાતી ભાષાની સેવામાં સિંહફાળો આપ્યો છે. તેમાં વિજ્ઞાન વિષયનાં પુસ્તકો મોટી સંખ્યામાં છે. ગુજરાતીઓની વિજ્ઞાન વિષયમાં ચાંચ ન ડૂબે એ વાતને યશવન્તભાઈ ખોટી ઠેરવે છે.

વિજ્ઞાનકથા સાહિત્યનો એક પ્રકાર જ છે પણ કેટલાક તેને કથા સ્વરૂપે સ્વીકારતા નથી. તો કેટલાકના મતે આવી કથાઓ વિજ્ઞાન પણ નથી. જોકે, તેની વિષયવસ્તુ વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રમાણે જ ચાલે છે. તેમાં વિજ્ઞાન પણ હોય છે અને અદ્‌ભુત કલ્પના પણ હોય છે. ‘યુગયાત્રા’ ગુજરાતી લેખકનું વિજ્ઞાનકથાના વિશ્વમાં એક સાહસ છે એમ પુસ્તકમાં પણ ૨૦૦ પાનાંમાં એક કિશોરની સાહસકથા લખાઈ છે. મૂળ તો તે આકાશવાણી એટલે કે રેડિયો માટે લખાયેલી, તેથી તે મિશ્ર નાટક અને નવલકથાનું રૂપ ધરાવે છે. નામ વિનાનાં કુલ સોળ પ્રકરણ ‘યુગયાત્રા’ની સાહસકથાની બારીઓ છે. ક્યાંક વર્ણન જોવા મળે છે તો ક્યાંક સંવાદ. ગીરના માલધારી પણ વિજ્ઞાનના વિદ્યાર્થી ‘કેસરી’ નામના યુવાનના પ્રવેશ સાથે કથાનો આરંભ થાય છે. પુરાતત્ત્વવિદ્ અને અંતરિક્ષ સંશોધક ડૉ. ગૌરાંગ આનંદ, અંતરિક્ષયાત્રી રોશન મનસૂર, વીજાણુતંત્ર નિષ્ણાત સીમા આ વિજ્ઞાનકથાનાં મુખ્ય પાત્રો છે.

ગીરના જંગલમાં પુરાતન અવશેષોની શોધ કરવા મથતા ત્રણ યુવાનો કાળકક્ષ નામના અદ્‌ભુત યાનમાં બેસીને વીસ હજાર વર્ષ પૂર્વેના જગતમાં પહોંચે છે. ત્યાંથી અકસ્માતે ચોથી મહિલાયાત્રી સાથે બ્રહ્માંડના દૂરના છેડે પહોંચી જાય છે.

સાહસકથા હોય અને એ પણ વિજ્ઞાન વિષય પર આધારિત, ત્યાં જોખમ ન હોય તો જ નવાઈ! જોખમથી ભરપૂર અવનવા અનુભવો થાય છે. અંતે ફિલ્મોમાં નાયકને રસ્તો સૂઝે છે તેમ યાનને પૃથ્વી પર પાછું લાવવાની યુક્તિ શોધી કાઢીને આ ચાર સાહસિકો ઘરે પરત ફરે છે. આ ‘યુગયાત્રા’ પળે પળે રોમાંચ અને વાર્તારસથી ભરેલી છે. વિવેચકોએ તેને ઉમળકાથી આવકારી છે. લેખકની મહેનતને બિરદાવતાં આકાશવાણી પર બંસીધર શુક્લએ કહ્યું હતું, “યશવન્તભાઈને આપણે ગુજરાતી ભાષાના વિજ્ઞાનકથા ક્ષેત્રના જુલે વર્ન કહી શકીએ.” આમ, ‘યુગયાત્રા’ યશવન્તભાઈ મહેતાના સર્જન વિશ્વનું અને ગુજરાતી ભાષાનું અનોખું નજરાણું છે.

યુગવંદના

- ઝવેરચંદ મેઘાણી

'યુગવંદના' કાવ્યસંગ્રહ એ ઝવેરચંદ મેઘાણીનો કાવ્યસંગ્રહ છે કે જેના દ્વારા મેઘાણી 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ પામ્યા. કાવ્યસંગ્રહના શીર્ષક મુજબ જ કવિએ એમાં કાળદેવતાને વંદનારૂપે કાવ્યરચનાઓ કરેલી જોવા મળે છે. આ કાવ્યસંગ્રહમાં ચારણી છટાવાળાં, રાષ્ટ્રભક્તિનાં, દલિતો-પીડિતો પ્રત્યેની અનુકંપાનાં અનેક કાવ્યો મળે છે. કવિનો થનગનાટ અને મસ્તીનો અનુભવ કરાવતાં આ કાવ્યોમાં ૨૪ જેટલાં કાવ્યો દેશભક્તિનાં છે. કવિની કાવ્યભાવનાના પર્યાયરૂપ 'કસુંબીનો રંગ', યુવાનોની ખુમારી પ્રગટાવતું 'તરુણોનું મનોરાજ્ય' અને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતાં ગાંધીજીના મનોમંથનને આલેખતું 'છેલ્લો કટોરો' આ કાવ્યસંગ્રહનાં નોંધપાત્ર કાવ્યો છે. તો 'કોઈનો લાડકવાયો' જેવું કથાગીત પણ છે. આ ઉપરાંત, રવીન્દ્રનાથની રચનાઓ પરથી પ્રેરિત પણ ઘણાં કાવ્યો છે. કેટલાંક કાવ્યો આત્મસંવેદનાના ભાવને ઘૂંટતાં અને કેટલાંક કાવ્યો અંગત સંવેદનાનાં પણ જોવા મળે છે. આ કાવ્યસંગ્રહ મૂળે પાંચ ખંડોમાં વહેંચાયેલો છે, જેમાં રાષ્ટ્રભક્તિનાં કાવ્યો, પીડિતદર્શનનાં કાવ્યો, કથાગીતો, આત્મસંવેદન અને પ્રેમલહરીઓ એમ ગણાવી શકાય.

મેઘાણીની કવિતાઓનું ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ જ મૂલ્ય છે. નવા યુગના લોકહૃદયના ભાવો તેમણે પોતાની કવિતાઓમાં ઝીલી બતાવ્યા છે. આમ, તેમણે એક સંસ્કારી લોકકવિ તરીકેનું કર્તવ્ય પણ બજાવ્યું છે.

ઝવેરચંદ મેઘાણીનાં યાદગાર કાવ્યોની કેટલીક પંક્તિઓ નીચે મુજબ છે :

(૧) લાગ્યો કસુંબીનો રંગ
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

(૨) પૂછી જોજો કોઈ ગુલામને
ઊઠ્યા કેવા ઓવ એને મને
મળી મુક્તિ મંગલ જે દિને.

(૩) આગે કદમ આગે કદમ આગે કદમ
યારો ફનાના પંથ પર આગે કદમ.

રખડવાનો આનંદ

- કાકાસાહેબ કાલેલકર

'જીવનનો આનંદ' નિબંધ સંગ્રહ બાદ ૧૫ વર્ષ પછી કાકા સાહેબે 'રખડવાનો આનંદ' નામનો નિબંધ સંગ્રહ આપ્યો છે.

'રખડવાનો આનંદ' અહીં સામાન્ય લોકમાં 'રખડવાનો' જે અર્થ લેવામાં આવ્યો છે કદાચ નથી. અહીં તો ભ્રમણ કરવાની વાત છે. જોયું તેટલું જાણ્યું એ ન્યાય પ્રમાણે કાકા સાહેબ ભારત-ભ્રમણ કરવા નીકળે અને પછી ભ્રમણમાંથી જે ભાથું મળે અથવા તો જે જાણે તે 'રખડવાનો આનંદ' નિબંધસંગ્રહમાં સંગ્રહાયેલા નિબંધો છે.

'રખડવાનો આનંદ' નિબંધ સંગ્રહમાં કાકા સાહેબની હિન્દુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને સંસ્કૃતિ પ્રત્યેની ભક્તિ બન્નેનો સુભગ સમન્વય થયો છે. કાકા સાહેબની દૃષ્ટિએ તો આ ઘટના "દેશ દર્શન એ મારે મન દેવદર્શનનો જ એક ભાગ છે."

આ સંગ્રહના નિબંધોએ માત્ર ઐતિહાસિક કે ભૌગોલિક માહિતી આપતા નિરસ માહિતી પ્રધાન લેખો નથી, પણ તેમાં કલાનું તત્વ ઉમેરીને કાકા સાહેબે રસિકજનોને ગમે તેવું સર્જન કર્યું છે.

આ સંગ્રહમાં 'કન્યાકુમારીનું મંદિર', બુદ્ધ ગયા', 'બાહુબલિની મૂર્તિ', 'દેલવાડાનાં જૈન મંદિરો', 'નર્મદાનીર પરનું યોગિની મંદિર', 'અજન્ટા', 'તાજમહલ', 'પુણ્ય તારાનગરી' વિશે જે લેખો છે તે ખરેખર જીવન અને પ્રકૃતિની અદ્‌ભુત સમજ આપનાર બની રહે છે.

કાકા સાહેબના નિબંધોએ ગુજરાતી સાહિત્યમાં નોખા પ્રકારના નિબંધો છે એ વાત નિબંધસંગ્રહનું અધ્યયન કર્યા પછી માનવી જ પડે.

રઢિયાળી રાત

- ઝવેરચંદ મેઘાણી

'રઢિયાળી રાત' આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ જેમને 'રાષ્ટ્રીય શાયર' કહીને બિરદાવ્યા છે એવા આપણા લોકલાડીલા સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનું લોકગીતોનું સંપાદન છે. એમના અન્ય ગ્રંથોની જેમ જ એમનો આ ગ્રંથ પણ લોકોમાં ખૂબ જ આવકાર પામ્યો છે. ખૂબ જ લોકપ્રિય બન્યો છે. લોકોએ આ ગ્રંથને હોંશે હોંશે સ્વીકાર્યો છે. 'રઢિયાળી રાત'ના ચાર ખંડ ૧૯૨૫થી ૧૯૪૨ દરમિયાન બહાર પડેલા. તેમાં ૪૨૪ ગીતો સંગ્રહાયાં હતાં. જેની સંવર્ધિત આવૃત્તિ ૧૯૯૩માં પ્રગટ થઈ. ફરી પાછી ૧૯૯૭માં એની બૃહદ આવૃત્તિ તૈયાર કરવામાં આવી, જેમાં કુલ ૬૦૦ ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો.

આ પુસ્તકમાંનાં ગીતોને સંગ્રહિત કરવામાં ઝવેરચંદ મેઘાણીએ ખૂબ જ કષ્ટોનો સામનો કર્યો છે. અત્યંત પરિશ્રમને અંતે મોંઘામૂલા આ ગ્રંથને તેઓ આપણી સમક્ષ રાખી શક્યા છે. સંગ્રહમાંનાં ગીતોને એકઠાં કરવા તેઓ ગામડે-ગામડે ફર્યા છે. પ્રદેશે-પ્રદેશે બોલાતી, જીવાતી ભાષા સાથે એમણે પનારો પાડ્યો છે અને વર્ષોની સાધનાને અંતે આ ગ્રંથ એમણે ગૂર્જરભોમને ચરણે ધર્યો છે. લગ્નપ્રસંગે કે વારે-તહેવારે ગવાતાં, લોકો દ્વારા રચાયેલાં આ પુસ્તકમાંનાં ગીતો આપણને ગુજરાતની આગવી ભાતીગળ સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. આ પુસ્તક ગુજરાતી લોકમાનસ અને લોકસંસ્કૃતિને આપણી સમક્ષ સુંદર રીતે મૂકી આપે છે. મેઘાણી સંપાદિત આ ગીતોમાંનાં ઘણાં ગીતો આજે પણ આપણને ગામડે-ગામડે ગૂંજતાં જોવા મળે છે. 'મેંદી તે વાવી માળવે', 'મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં', 'પાતળી પરમાર', 'ચાંદો ઊગ્યો ચોકમાં', 'લવિંગ કેરી લાકડીએ', 'ઝિલણિયા', 'વા વાયા ને વાદળ ઊમટ્યા', 'ઝૂલણ મોરલી વાગી રે'... જેવાં અનેક ગીતો આજેય લોકોના હૈયામાં ઢોલના ધબકાર સાથે ગૂંજી રહ્યાં છે. આમાંનાં ઘણાં ગીતો ગુજરાતી ચિત્રપટના રૂપેરી પડદે લોકપ્રિય બન્યાં છે, તો ઘણાં ગીતો આજેય નવરાત્રિના નવે નવ દિવસ ગવાય છે. આ ગીતોને તાલે ગુજરાતણો ગરબે ઘૂમે છે. આ ગીતો ગુજરાતી પ્રજાને જેટલાં હાથવગાં છે, એટલાં જ હૈયાવગાં પણ છે. એ રીતે જોતાં, 'રઢિયાળી રાત' ઝવેરચંદ મેઘાણીની ગુજરાતી પ્રજાને અપાયેલી બહુ મોટી ભેટ છે.

આ ગ્રંથમાંનાં ગીતોની વિશેષતા એ છે કે એ બધાં જ ગીતો જે-તે પ્રદેશ-વિશેષનાં હોવાથી એમાં સ્વાભાવિકપણે જ લોકબોલી અને તળપદા શબ્દો વણાઈ ગયા છે, જેની મીઠાશ ભાવકને પૂરેપૂરી અનુભવાય છે.

"શેરી વળાવી સજ કરું, ઘરે આવો ને! આંગણીએ વેરું ફૂલ, મારે ઘરે આવો ને!"

"સોના વાટકડી રે કેસર ઘોળ્યા વાલમિયા, લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યા, વાલમિયા."

"મોરલી ચાલી રંગ રૂસણે રે, કોણ મનાવા જાય, રંગ મોરલી."

જેવાં અનેક સુંદર અને હૃદયાકર્ષક ગીતો ભાવકોનું મન હરી લે છે. આજે પણ આ ગીતો આપણને ગાવાં અને ગણગણવાં ગમે છે. આ ગ્રંથમાં આપણને ગુજરાતી ગીતોની આગવી તાસીર અને આગવો મિજાજ જોવા મળે છે.

'રઢિયાળી રાત' વિશે ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં જ કહીએ તો, "આમાં કુટુંબજીવનની નાની નાની ઘટનાઓ, ઊર્મિગીતો, ઈતિહાસગીતો, રમકડાં તથા મુસલમાની ગીતો તો છે જ, પરંતુ 'રઢિયાળી રાત'ના સીમાડા એટલેથી જ ન બાંધી લેતાં થોડા વધુ વિસ્તારવામાં આવ્યા છે. રાધા-કૃષ્ણ, હાલરડાં અને નવરાત્રિના બાલ-ગરબાની નવી ભાત આ સંગ્રહમાં પાડેલી છે."

રાઈનો પર્વત

- રમણભાઈ નીલકંઠ



પંડિત યુગના સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠને આપણે તેમની સળંગ હાસ્યરસિક શિષ્ટ નવલકથા 'ભદ્રંભદ્ર'થી ઓળખીએ છીએ.

રમણભાઈ સાહિત્યના ગદ્ય અને પદ્યના જુદાં-જુદાં સ્વરૂપોમાં સર્જનનું કૌશલ્ય ધરાવતા હતા. 'રાઈનો પર્વત' એ તેમની પ્રશિષ્ટ નાટ્યકૃતિ છે. નાટકના કથાનકનો આધાર પોતાના પિતા મહીપતરામની 'ભવાઈ સંગ્રહ'નો એક દોહો છે, જે પરબત બાદશાહની વાર્તામાં લખાયો છે. રમણભાઈએ એ દોહાને વિચારતત્ત્વ તરીકે પસંદ કરી આ નાટક રચ્યું છે. તે દોહો આ પ્રમાણે છે :

સાંઈ સે સબકુછ હોત હૈ મુજ બંદે સે કછુ નાંહી
રાઈકુ પરબત કરે, પરબત બાગે જ માંહી

નાટક રહસ્ય અને રોમાંચથી ભરેલું છે. કથાને સાત અંકોમાં ગૂંથી લીધી છે. કથા કંઈક આ પ્રમાણે છે :

કનકપુરના વૃદ્ધ રાજા પર્વતરાયને યૌવન પ્રાપ્ત કરવું છે કારણ કે પત્ની યુવાન છે. આવા સમયમાં મલકા નામની માલણ રાજાની ઈચ્છાપૂર્તિ માટે તેને બાગમાં બોલાવે છે. રાજાને મરણપથારીએ સૂવડાવી તેના શબને બાગમાં દાટી દે છે. તે રાજાની જગ્યાએ યુવાન રાઈને ગોઠવી દે છે. પહેલાં તો રાઈ ના પાડે છે. પછી મલકા તેને તે પોતાનો જ પુત્ર છે તેવું જણાવે છે અને તે કનકપુરના મૂળ રાજા કે જેનું પર્વતરાયે ખૂન કર્યું હતું તે વિશે જણાવે છે. રાજા બનેલો રાઈ લીલાવતી અને મંત્રીમંડળ સમક્ષ સત્ય સ્પષ્ટ કરે છે. બધા તેની પ્રશંસા કરે છે અને પર્વતરાયની બાળવિધવા દીકરીનું રાઈ સાથે લગ્ન થાય છે. સુખદ અંત સાથે નાટક પૂરું થાય છે.

રમણભાઈએ તત્કાલીન સમયની ઘણી સમસ્યાઓને વાચા આપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. નાટકમાં કાવ્યાત્મકતા અને નાટ્યાત્મકતાનો અદ્‌ભુત સમન્વય થાય છે.

રાસ તરંગિણી

- દામોદર ખુશાલદાસ બોટાદકર

મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી છે મોરી માત રે
જનનીની જોડ સખી નહી જડે રે લોલ
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ
માડીના મેઘ બારે માસ રે, જનની ની જોડ...

આ એક માત્ર રચના કર્યા પછી કંઈ જ સર્જન ન કર્યું હોત તો પણ આ રચનાનો સર્જનહાર અમર જ થઈ જાત. આ રચનાની જોડ નહી જડે - આ ગરબીના રચનાકાર તે જ દામોદર ખુશાલદાસ બોટાદકર.

બોટાદકારે પાંચ કાવ્ય સંગ્રહો આપ્યા છે જે પૈકીના કલ્લોલિની, સ્રોતસ્વિની, અને નિર્ઝરણી, જે વૃત છંદથી તેમજ સંસ્કૃત ભાષાના શબ્દ પ્રયોગથી તરબોળ છે એટલે કાવ્યરસિકો અને જન સાધારણ તેનો ભરપૂર આસ્વાદ માણી શકતા નથી. તેમનો ચોથો કાવ્ય સંગ્રહ છે 'રાસ તરંગિણી' આ કાવ્યસંગ્રહમાં કવિએ સામાન્ય જન સમજી શકે અને ગાઈ શકે તેવી સરળ ભાષાની સાથે લોકગીતના ઢાળમાં ગીતો રચ્યાં છે. આ સંગ્રહમાં વિવિધ વિષયોને લગતાં ગીતો છે, જેમાં પ્રકૃતિ વિષયક તેમજ ગૃહજીવનનાં વિવિધ પાસાંને સમાવી લેવાનો પ્રયત્ન થયો છે.

કવિએ નારી હૃદયનાં સૂક્ષ્મ સંવેદનોને કવિતામાં સરળ રીતે રજૂ કર્યાં છે. માત્ર એક જ પાસું નહીં પણ બોટાદકારે આ કાવ્યમાં માનવ જીવનનાં જેટલાં પણ પાસાંનો સ્પર્શ કર્યો છે તે બધાં જ પાસાં સર્વોત્તમ બનીને કવિતામાં ઉતરી આવ્યાં છે. માતૃ-પ્રેમ હોય કે માતૃ-વંદના હોય કે પછી માતૃ-પ્રશંસા હોય કે પછી માતૃ-ઋણ હોય કે માતૃત્વનું અન્ય કોઈ પાસું. બોટાદકરે નારીને મા સ્વરૂપે આલેખી અદ્‌ભુત કાવ્ય સર્જન કર્યું છે.

આ સિવાય ગ્રામ્ય જીવનનાં ઘણાં સુંદર ચિત્રો મધુર રીતે તેમની કવિતામાં ઉતરી આવ્યાં છે. તેમની કવિતાનો રસાસ્વાદ કર્યા પછી શ્રી મનસુખલાલ ઝવેરી કહે છે કે :

"કવિત્વનો સાચો ચમત્કાર, ભાષાની સાચી મીઠાસ, લયનું સૌંદર્ય અને શબ્દાર્થનું સાચું રસાયણ જોવું હોય તો આપણે "રાસ તરંગિણી" પાસે જ જવું જોઈએ."

લલિતા દુઃખદર્શક

- રણછોડભાઈ ઉદયરામ દવે

ખેડા જિલ્લાના મહુધા ગામે જન્મેલા રણછોડભાઈ ઉદયરામ દવેએ ગુજરાતમાં ભજવાતી ભવાઈમાં આવતી અશ્લીલતા અને ગ્રામ્યતા તેમજ એકાંગીપણું દૂર થાય અને પ્રજાને નિર્દોષ મનોરંજન મળે તેવા હેતુથી દસ જેટલાં મૌલિક નાટકો રચ્યાં છે. તેમણે માત્ર નાટકો રચ્યાં જ નથી, નાટકો ભજવ્યાં પણ છે. તે પૈકીનું એક નાટક છે : 'લલિતા દુઃખદર્શક.'

આ નાટકની કથાના કેન્દ્રમાં કજોડાં અને એક હિંદુ સ્ત્રીનું જીવન કેટલું દુઃખમય અને યાતનાસભર છે તે ખૂબ સારી રીતે દર્શાવ્યું છે. કથા કંઈક આવી છે :

લલિતા નામની સુંદર અને સુશીલ કન્યાનાં લગ્ન ચરિત્રહીન અને ધનિક યુવાન ચંદન સાથે થાય છે. લગ્ન પછી ચંદન પત્નીની મારઝૂડ કરે છે અને બંને વચ્ચે મેળ જામતો નથી. પૂરણમલ નામનો એક માણસ ચંદનની હત્યા કરી લલિતાને ઉપાડી જવાનો પ્રયત્ન કરે છે. પંથીરામ નામનો માણસ લલિતાને બચાવવા જતાં મોતને ભેટે છે. પર્વતપુરનો રાજા લલિતાને રાણી બનાવવા માગે છે પણ લલિતાને તે પસંદ નથી. તેથી તે નદીમાં ઝંપલાવે છે. વળી, લલિતાના પિયરમાં એવી વાત વહેતી થાય છે કે લલિતા સર્પદંશથી મૃત્યુ પામી છે. આથી તે લોકો લલિતા વિશે કંઈ વધુ તપાસ કરતા નથી. નદીમાં ડૂબતી લલિતાને નાવિકો બચાવી લે છે એ પછી તે કુંભાડીના હાથમાં આવી જાય છે. કુંભાડી તેને સાથે લઈ જાય છે. પણ રસ્તામાં વાઘ આક્રમણ કરે છે. કુંભાડી માર્યો જાય છે. જીવતી બચેલી લલિતા પોતાના મૂળ ગામમાં પહોંચે છે પણ તેનો ચીંથરેહાલ દેખાવ જોઈ લોકો તેને ઓળખતા નથી અને ભૂતણી ગણી પથરા મારે છે. અંતે માતાપિતા દ્વારા તેની સાચી ઓળખ થાય છે.

ગુજરાતના સુધારક યુગના રચનાકાર રણછોડભાઈનું આ એક સુધારાવાદી નાટક છે. સામાજિક કુરિવાજો અને રૂઢિઓ એક નારીનું જીવન કેટલી હદ સુધી બરબાદ કરી શકે છે, તે આ નાટકમાં દર્શાવાયું છે.

ગુજરાતી સાહિત્યમાં આને પહેલું કરુણાન્ત સામાજિક નાટક ગણાવી શકાય. નાટ્યકલાની કસોટી પર ખરું ઊતરતું ન હોવા છતાં આ નાટકનું મૂલ્ય ઘણું છે. આને અર્વાચીન યુગનું પહેલું ગુજરાતી નાટક ગણાવી શકાય એટલે જ રમણભાઈ નીલકંઠે રણછોડભાઈને 'ગુજરાતના આદ્ય નાટકકાર' કહ્યા છે.

લીલુડી ધરતી

- ચુનીલાલ કાલિદાસ મડિયા

"અસ્ત્રીનો અવતાર તો લીલુડી ધરતી જેવો છે... એની ઉપર શિયાળે બાળીને ભડથું કરી મેલે એવો હિમ પડે, ચોમાસે બારેય મેઘ ખાંગા થાય ને કાળે ઉનાળે બાળી નાખતા તડકા તપે તંયે એના દીદાર જોનારની આંખમાં લોહી આવે, પણ અંતે તો ઈ જ ધરતી વળી પાછળી લીલીછમ થઈને લહેરાઈ ઊઠે તંયે આપણી જ આંખ ઠરે." - 'લીલુડી ધરતી'માંથી



સંતુના પાત્રને કેન્દ્રમાં રાખી એક સ્ત્રીના સંઘર્ષને રજૂ કરતી નવલકથા છે 'લીલુડી ધરતી'. જે ઉપરના વિધાનને બરાબર સાર્થક કરે છે. સ્ત્રીનું જીવન પણ ધરતી જેવું છે. જે તડકા-છાંયડા, ટાઢ-તાપ અને ધોધમાર વરસાદ વેઠીને ય સદાય લીલીછમ બની રહેવા પ્રયત્નશીલ હોય છે. આ જ વાતને ચુનીલાલ મડિયાએ આ નવલકથામાં અદ્‌ભુત રીતે વણી લીધી છે.

ચુનીલાલ કાલિદાસ મડિયાએ સાહિત્યનાં અનેક સ્વરૂપો જેમ કે કવિતા, નાટક, ટૂંકી વાર્તા, ચરિત્ર, પ્રવાસ, નિબંધ, સંપાદન, અનુવાદ અને નવલકથાના ક્ષેત્રમાં ઉત્તમ સર્જન કર્યું છે. 'લીલુડી ધરતી' એ મડિયાનો પર્યાય બની છે. ચુનીલાલ મડિયા એમ કહેતાં 'લીલુડી ધરતી' અને 'લીલુડી ધરતી' એમ કહેતાં ચુનીલાલ મડિયા એવું સ્મરણ થઈ આવે છે.

'લીલુડી ધરતી'માં મડિયાએ સૌરાષ્ટ્રની ગીચ ભૂમિ અને ઓઝલ નદીના કાંઠાના આસપાસના વિસ્તારને કથાના કેન્દ્ર તરીકે પસંદ કર્યું છે. ઓઝલ નદીના કિનારે વસેલા ગુંદાસર ગામની કથા આકાર લે છે. સંતુ અને ગોબર પતિ-પત્ની તરીકે સુખેથી જીવન પસાર કરી રહ્યાં છે પણ તેમનો આ સુખી સંસાર પિતરાઈ માંડણથી નથી જોવાતો. તે કોઈ પણ ભોગે તેમાં વિચ્છેદ ઊભો થાય તેવું ઇચ્છે છે. તે સગો બનીને દુશ્મની નિભાવે છે. ગોબર કૂવામાં ઉતરે છે ત્યારે ગામના શાદુળભા નામના દરબારની ઉશ્કેરણીથી ઉશ્કેરાઈ ગોબરને મોતને ઘાટ ઉતારી દે છે. જ્યારે પતિનું મૃત્યુ થાય છે ત્યારે સંતુ ગર્ભવતી હોય છે પણ પતિના મૃત્યુ પછી ગામલોકો તેને પાપ માને છે. કોઈ સંતુની સાચી વાત માનવા માટે તૈયાર થતું નથી. બિચારી સંતુ શું કરી શકે? ખોટા ન્યાયની તરફેણ કરનાર સમાજ ન્યાયના નામે અંધશ્રદ્ધાને આસરે સંતુના હાથ તેલના કઢામાં બોળવાનાં પારખાં લે છે. સંતુ બિચારી શું કરી શકે? સંતુ પાગલ થઈ જાય છે. વાર્તાના અંતે માંડલનું હૃદય પરિવર્તન થાય છે પણ તેનો અર્થ શો?

વાર્તાનો અંત 'લીલુડી ધરતી' શીર્ષકને સાર્થક કરે છે. મડિયાએ કથાના આધારે જે તે વિસ્તારના ગ્રામજીવનનું આબેહૂબ ચિત્ર ઊભું કર્યું છે. ગુંદાસર ગામનો સમાજ, ત્યાંનું લોકજીવન, પહેરવેશ, તેમની માન્યતાઓ, લોકોત્સવ જેવી દરેક બાબતને ખૂબ બારીકાઈથી જોવાનો પ્રયત્ન કર્યો છે. જુદા જુદા સ્વભાવ અને વિશેષતાઓ ધરાવતાં પાત્રો અને સોરઠી લોકબોલીનો પ્રયોગ કથાને વધારે રસપ્રદ, રોમાંચક અને પ્રાદેશિકતાનો અનુભવ કરાવતી કૃતિ બનાવે છે.

'લીલુડી ધરતી' વાંચતી વખતે ઘણાં વર્ણનોમાં 'મળેલા જીવ'નું સ્મરણ થઈ આવે છે. આમ, પ્રાદેશિકતાને જીવંતતા બક્ષવામાં મડિયાને ગુજરાતી સાહિત્યમાં પ્રથમ હરોળમાં મૂકી શકાય. ગુજરાતી સાહિત્યમાં જ્યારે જ્યારે 'પ્રાદેશિક નવલકથાઓ'ની વાત થશે ત્યારે મડિયાની 'લીલુડી ધરતી'નું નામ લેવાશે જ.

લીલેરો ઢાળ

- પ્રિયકાન્ત મણિયાર

'લીલેરો ઢાળ' એ કવિ પ્રિયકાન્ત મણિયારનો સાતમો અને અંતિમ કાવ્યસંગ્રહ છે. પ્રિયકાન્ત મણિયારનાં કાવ્યો તાજગીસભર અને કંઈક અનેરી સૃષ્ટિ ખડાં કરનારાં છે. માતા પ્રેમકુંવરબા મીઠા કંઠે ગવાયેલાં હાલરડાં, ગીતો અને ભજનોમાંથી ગીતસંસ્કાર પામેલા પ્રિયકાન્ત દયારામ અને અન્ય ભક્તકવિઓની રચનાઓ અનેક વખત લયબદ્ધ રીતે ગાઈને તેનું રસપાન કરતાં, પરિણામે લયપ્રવાહિતા અને લયહિલ્લોળ તેમનાં કાવ્યોમાં સહજસાધ્ય બન્યાં છે. તેમનાં ગીતો ફૂલ ફૂટવાની નૈસર્ગિક સાહજિકતાથી રચાયાં છે માટે કાવ્યરસિકોના હૃદયમાં સ્થાન પામ્યાં છે. 'આ નભ ઝૂક્યું તે કાનજી' અને 'ફૂલની નદી, ફૂલનું તળાવ, ફૂલનું નાનું ગામ' જેવાં કલ્પના સમૃદ્ધ અને લયહિલ્લોળ કાવ્યો આના ઉત્તમ ઉદાહરણ છે. જોકે, આપણે એ નોંધવું રહ્યું કે એક સફળ ગીત કવિ તરીકે તેઓ આ કાવ્યસંગ્રહની પહેલાં જ પ્રસ્થાપિત થઈ ચૂક્યાં હતાં. એક ગીત કવિ તરીકેની કોઈ નવીનતા અહીં તેઓ સિદ્ધ કરી શક્યા નથી.

પ્રણયભાવ અને પ્રકૃતિ પ્રિયકાન્તની કવિતાના મુખ્ય વિષય રહ્યા છે. કૃષ્ણ-રાધાની પ્રીતિને પણ તેમણે અનેક કાવ્યોમાં ગાઈ છે. રાજેન્દ્ર-નિરંજનની જેમ તેઓ ભક્તકવિ નથી પરંતુ રસિક કવિ જરૂર છે. કૃષ્ણ-રાધાના નિમિત્તે તેમણે તેમનાં કાવ્યોમાં ગાન તો પ્રીતિભાવનું જ કર્યું છે. સંગ્રહની એક કવિતામાં તેમણે આ જ રાગ આલાપતાં લખ્યું છે

"ઘેન ચડે શ્યામ અમોને નેન ચડે ઘનશ્યામ!
નજર ભરીને નીરખો નહીંને આમ,
અમોને નીરખો નહીં ને આમ!"

આ ઉપરાંત, 'રાધાનો રાગ', 'રાતો રાગ' વગેરે કાવ્યો પણ આ જ પ્રકારનાં છે. 'પાણી વલોણું પ્રીત' એ ગીતરચના ભાવાનુભૂતિ અને લયાત્મકતાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આ કાવ્યસંગ્રહનાં કૃષ્ણ-રાધા વિશેનાં કાવ્યોનું ગુચ્છ કૃષ્ણ-રાધાની પરિચિત પરંપરા અને પરિવેશમાં, પ્રણયભાવની કાવ્યાભિવ્યક્તિ લઈને આવ્યું છે. આ કાવ્યોમાં પ્રિયકાન્તની સર્જનાત્મકતાનાં ઉચ્ચ શિખરો જોઈ શકાય છે.

ઉપરાંત, કાવ્યસંગ્રહમાં શુદ્ધ પ્રકૃતિકાવ્યો અને માનવસંવેદનાના સહકારી ભાવરૂપે પ્રકૃતિનાં અનેકવિધ રૂપો પણ ખૂબ જ રમ્ય રીતે આલેખાયાં છે. 'આષાઢી', 'ફૂલનો ફટકો', 'ગુલાબ', 'વસંતના વણજારા', 'તરુવર ઉપર તારક', 'જાંબુડો' - વગેરે જેવાં કાવ્યોમાં કવિનો પ્રકૃતિ પ્રેમ દૃષ્ટિગોચર થાય છે. કવિ નિરંજન ભગતે એમના માટે જે કહ્યું છે તે યથાર્થ જ ઠરે છે કે, "એમની કવિતામાં જેવી અને જેટલી સભર અને સમૃદ્ધ પશુ-પંખી આદિ જીવસૃષ્ટિ અને પુષ્પવૃક્ષ વગેરે વનસ્પતિસૃષ્ટિ છે એ અન્ય કોઈ ગુજરાતી કવિની કવિતામાં નથી." નરસિંહ, મીરાં, કબીર વગેરેની કવિતાનું વાચન-મનન કરનાર આ કવિની કવિતામાં પણ ક્યાંક ગૂઢવાદ અને આધ્યાત્મિકતા જોવા મળે છે. 'ભણકારા' કાવ્ય આ પ્રકારનું છે. 'સપનાનો સંસાર' એ ફેન્ટસી સભર કાવ્ય છે. આ કાવ્યસંગ્રહને તપાસતાં આપણે જોઈ શકીએ છીએ કે કવિ પાસે ગીતના સ્વરૂપની નજાકતને જાળવે એવી રંગદર્શિતા અને ભાષાભિવ્યક્તિ ભારોભાર છે. તો ગીતરચનાઓમાં એક અનોખું, આકર્ષક રમતિયાળપણું રહેલું છે. આવી અનોખી પ્રતિભા ધરાવતા નોખા કવિની ઓચિંતી વિદાયને કારણે અનેક કાવ્યરસિકોની સાથે સાથે ગુજરાતી સાહિત્યે પણ ન પૂરી શકાય એવી ખોટ સહન કરવી રહી.

વચનામૃત

- ભગવાન સહજાનંદ સ્વામીનાં વચનોનો સંગ્રહ



ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગના સમન્વયને ભારતીય તત્ત્વજ્ઞાનમાં પૂર્ણ યોગ કહે છે. જે મોક્ષપ્રાપ્તિનો માર્ગ બને છે. ગુજરાતના ઘણા ધાર્મિક સંપ્રદાયો પૈકીના સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ આવી જ જ્ઞાનસભર વાતો રહેલી છે.

અયોધ્યાની પાસે આવેલા છપૈયા ગામમાં જન્મેલા ભગવાન સહજાનંદ સ્વામીએ ગુજરાતમાં સ્વામીનારાયણ ધર્મની સ્થાપના કરી છે. તેઓ તેમના મૂળ સ્થાન ગઢડા તેમજ અન્ય સ્થળોએ જે અમૃત વચનો કહ્યાં છે જે જીવનભર ઉપયોગી સત્‌માર્ગે લઈ જનારાં છે, એવાં વચનોનો સંગ્રહ એટલે 'વચનામૃત'.

'વચનામૃત'માં ભગવાન સહજાનંદ સ્વામીનાં ૨૬૨ ઉપદેશ વચનો સંગ્રહાયેલાં છે. ભગવાન જુદી-જુદી જગ્યાએ જે પાવન વાણીનું લોકપાન કરાવતા તે વાણી તેમના ગોપાલનંદ, નિત્યાનંદ, મુક્તાનંદ અને ચુકાનંદ નામના ચાર શિષ્યો સાવધાનીપૂર્વક નોંધી લેતા. જેમાં જીવન જીવવા માટે ધર્મનું મહત્ત્વ, નીતિ, સદાચાર, વેદ, સાધના, આધ્યાત્મિકતા, ભક્તિ જેવા અનેક વિષયો પર ભગવાને કહેલાં વચનો મુખ્ય છે. આ બધાં જ વચનો તેમણે સરળ ગુજરાતી ભાષામાં બોધ્યાં છે, જેમાં સૌરાષ્ટ્રની બોલીની છાપ દેખાઈ આવે છે. વળી તેમણે નોંધેલાં વચનો કોઈ કવિતા નથી કે તેમનો વિચાર કોઈ કવિ કે ગદ્યકાર બનવાનો નથી. આ તો તેમની ભગવાન સહજાનંદ સ્વામી પ્રત્યેની ભક્તિનો પ્રભાવ છે.

જે સમયે ગુજરાતમાં ધાર્મિક પરિસ્થિતિ અંધાધૂંધી અને સમાજવિરોધી પ્રવૃત્તિ તરફ જઈ રહી હતી તેવા સમયમાં સમાજના નીચલા થરોની સ્થિતિને ધ્યાનમાં લઈ સમાજ સુધારની પ્રવૃત્તિને બળ આપ્યું. તેમણે સત્સંગી સાધુઓ અને સંસારી અનુયાયીઓનો એક મોટો વર્ગ ઊભો કરી પોતાના કાર્યને આગળ વધાર્યું. ગુજરાતી ભક્તિ સાહિત્યમાં તેમનું નોંધપાત્ર સ્થાન છે.



વડલો

- કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણી

ગુજરાતી સાહિત્યમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપનાર ઘણા તારલા સમય કરતાં પહેલાં જ બુઝાઈ ગયા, જેમાંનું એક નામ છે કૃષ્ણલાલ શ્રીધરાણી. ૪૯ વર્ષ જેટલું ઓછું આયુષ્ય ભોગવનાર શ્રીધરાણીએ ગુજરાતી સાહિત્યને કવિતા અને નાટકના ક્ષેત્રે ઘણું સારું કહી શકાય તેવું પ્રદાન કર્યું છે. તેમનાં ઘણાં નાટકોમાં કાવ્ય અને નાટકનો સુભગ સમન્વય જોવા મળે છે. તેમનામાં બાળકોને સમજવાની ઊંડી સૂઝ હતી જેના કારણે તેમનાં નાટકો બાળકોને ખૂબ ગમી જાય છે.

કૃષ્ણલાલે ૨૦ વર્ષની વયે જે નાટક લખ્યું તે નાટક હતું 'વડલો'. 'વડલો'માં કથા કંઈક આ પ્રમાણે છેઃ સમીર એ ચેતનવંતું પાત્ર. વૃક્ષ, પુષ્પ, ગ્રહ, નક્ષત્ર, મેઘ અને ઝંઝાવાતની સાથે કથા આગળ વધે છે. આ બધાં જ તત્ત્વો કથાના તંતુઓ છે જેનાથી કથા વણાયેલી છે. ઝંઝાવાત વડલા પર આક્રમણ કરે છે. આ આક્રમણથી ડર્યા વગર વડલો દૃઢ બની તેનો સામનો કરે છે. બંને વચ્ચે સંઘર્ષ થાય છે, ઘર્ષણ થાય છે પણ વડલો હિંમત હારતો નથી. પણ અંતે તે થાકે છે, તેનો પરાજય થાય છે. પણ તે કોઈની સામે નમતો નથી. તે ગુલામી સ્વીકારતો નથી. જીવનની દરેક હાર કે નિષ્ફળતા કંઈને કંઈ નવું શીખવી જાય છે. આથી વડલો હાર્યો હોવા છતાં તેની હારમાં ભવ્યતાનું દર્શન કરે છે. આમ, 'વડલો' એક સફળ નાટક ગણાવી શકાય.

'વડલો' નાટક રંગમંચને અનુકૂળ છે. એટલે મંચ પર તે ભજવી શકાય છે. નાટકનું દૃશ્ય સર્જન અને તેમાં આવતાં ગીત આ નાટકને વધુ રંગમંચીય ગતિ પ્રદાન કરે છે. સ્વરાજ્ય આંદોલન વખતે શ્રીધરાણી જેલમાં હતા એ દિવસો દરમિયાન તેમણે આ નાટક લખ્યું હતું. બાળકોને ગમી જાય તેવા સુંદર પ્રસંગો, વડલાનું એક રૂપક, તેમાં ભળતું સંગીત અને કેટલાંક ભવાઈનાં તત્ત્વો નાટકને વધારે મોજીલું બનાવે છે.

શ્રીધરાણીએ લાંબું આયુષ્ય ભોગવ્યું હોત તો આવાં ઘણાં સારાં નાટકો આપણને જોવા-વાંચવા મળતાં.


અજ્ઞાતકવિકૃત પ્રાચીન ફાગુકાવ્ય
વસંતવિલાસ

વસંતવિલાસ ફાગુ

- અજ્ઞાત કવિ

મયાનુપૂર્વીની દૃષ્ટિએ, દોહરાના વિશિષ્ટ સાંકળી બંધની દૃષ્ટિએ તથા ભાષાની પણ કોઈ કોઈ વિશિષ્ટતાની દૃષ્ટિએ ધ્યાન ખેંચનારી રચના 'વસંતવિલાસ ફાગુ' છે. જીવનના ઉલ્લાસ અને વૈભવથી ભરી આ કૃતિના રચયિતા અજ્ઞાત હોઈ જૈનેતર કૃતિ લાગે છે. કારણ કે, આવી અતિશય શૃંગારિક રચના જૈન કવિ રચી ન શકે. વળી, જૈન કવિઓની રચનામાં છેલ્લે દિક્ષા કે વૈરાગ્યનો પલટો આવે છે. આ કૃતિમાં તો અંતે સંભોગ શૃંગાર રજૂ થયો છે તેથી જીવનના રસના ભોગી કોઈ યુવાન, શૃંગારિક જૈનેતર કવિ આ કૃતિનો કર્તા હશે એમ માનવામાં આવે છે. 'વસંતવિલાસ' ઈ.સ.ની ૧૪મી શતાબ્દીના આરંભ આસપાસની કૃતિ હોવાની શક્યતા છે. 'વસંતવિલાસ' નામનું શૃંગાર પ્રસિદ્ધ ફાગુકાવ્ય ૮૪ કડીનું છે. આ કાવ્ય જૂની ગુજરાતી ભાષાનું એક સુંદર મૃદુ કાવ્ય છે. આ કૃતિમાં ધર્મનો ઉપદેશ નથી પણ જીવનના ઉલ્લાસનો શૃંગાર છે. આ કાવ્યમાં વસંતઋતુનું સુંદર ચિત્ર છે. તેથી પણ મોહક ચિત્ર યુવાન સ્ત્રી-પુરુષોની રંગભરી રમતોનું છે. આ કૃતિમાં વસંતનું આગમન , વિરહિણીની વેદના, અનેક યુગલોનો વનવિહાર, યુગલોના યોગવિયોગ ફાગુનું વસ્તુ છે.

"વસંતના ગુણ ખીલી ઊઠ્યા છે અને સર્વ આંબા મોરથી મઘમઘી રહ્યા છે. માનવંતી સ્ત્રીઓના મનને ખિન્ન કરનારા સુંદર વાયુ વાઈ રહ્યા છે. વનમાં કેળની કુટીરો, મંડપોની લાંબી હાર, સુંદર તળિયાં તોરણ બાંધ્યાં છે. ખેલવા માટે સુખ આપનારી વાવડીઓ છે, જેમાં જાળિયાં અને ગોખમાં બેસવાની બેઠકો છે, કસ્તૂરીથી પૂર્ણ કપૂરથી સુંદર પાણી ભરેલું છે. ત્યાં ભમરાઓરૂપી પ્રજાજનો વસી રહ્યા છે, વસંત ત્યાં પ્રધાન છે, વૃક્ષોરૂપી વાસગૃહો છે." આ કૃતિને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના નાનકડા મનોહર આભૂષણ તરીકે ઓળખવામાં આવે છે. વિદ્વાનો આ કૃતિને ૧૫મા શતકમાં મૂકે છે. આ કૃતિને અંતે ફલશ્રુતિ નથી. કાવ્યનો એક એક શ્લોક મુક્તક જેવો છે.

'ઈણ પરિ નિજ પ્રિયુ રંજવઈમુંજ વયણ ઈણિ ઠાઈ,
ધનુ ધનુ તે ગુણવંત વસંતવિલાસુ જિ ગાઈ'

કાવ્યની રજૂઆતમાં પોતાના કાવ્યની સિદ્ધિ માટે કવિ સરસ્વતીની સિદ્ધિ કરે છે અને પછી વસંતના આગમનનું ટૂંકું પણ સચોટ વર્ણન કરે છે. મંજરીઓથી મહેંકતા આંબા, ગુંજી ઊઠેલા ભમરાઓ, વસંતનો જય જયકાર કરતી કોકિલા, સુવાસિત પવન, ચંપો, કેસુડા, અશોક વગેરે પ્રકૃતિનાં ખીલેલાં તત્વો આપણી આંખ સામે સજીવન બને છે. વસંતની આવી ઉત્તજેક સામગ્રી વર્ણવી કવિએ પ્રિયતમાને મળવા અધીરા બનેલા દોડતા પથિકનું ચિત્ર ખડું કર્યું છે. અહીં આ કાવ્યની ભૂમિકા પૂરી થાય છે. હવે વસંતનો વિલાસ કવિ વર્ણવે છે. યુગલોની વનક્રીડાનું વર્ણન આપ્યા પછી કવિ વનના વૈભવનું વર્ણન કરે છે. વનને નગર સાથે સરખાવ્યું છે. એ નગરનો રાજા મદન અને વસંત પ્રધાન છે.

શરૂઆતમાં જે અધીર પથિક દોડતો ઘેર આવતો હતો તે ઘેર આવી પહોંચે છે અને પ્રિય મિલનને લીધે પ્રિયતમની આંખે પ્રિયતમા કેવી દેખાય છે અને તે કેવી વધુ મોહક બની તેનું ચિત્ર વનક્રીડાના વર્ણનથી કવિ આપે છે. વિરહી લોકોનો વિરહ હવે નાશ પામ્યો છે. કવિ વસંતવિલાસી યુગલોની વિસંવાદિતા વર્ણવે છે. કોઈની પ્રિયતમા કોમળ છે. કોઈની પ્રિયતમા નાની ઉમરની છે. કોઈ વિધુર મૃતપત્નીને ભૂલી ન શકવાને લીધે નવી નારી સાથે એકરસ થઈ શકતો નથી તો વળી કોઈ જૂની સ્ત્રીને ભૂલીને યુવાન સ્ત્રીના મોહમાં ફસાયો છે. સ્નેહમાં આવતી વિસંવાદિતા દૂર થાય તો જ વસંતવિલાસ પૂર્ણ બને, આવો સૂચક ઉપદેશ કવિએ ભ્રમરને ઉદ્દેશીને આપ્યો છે. કાવ્યને અંતે પ્રિયતમા પોતાના પ્રિયતમનું મનોરંજન કરે છે અને વસંતવિલાસ ગાય છે અને કવિ ધન્યવાદ આપે છે.

આ ટૂંકી કૃતિમાં કવિએ એક નહીં અનેક યુગલોના મિલનની કથા આલેખી છે. નાયક-નાયિકાનાં નામ નથી. પથિકને નાયક અને વિરહિણીને નાયિકા ગણાવી શકાય. આ કાવ્યનો મુખ્ય રસ શૃંગાર છે. સંભોગ અને વિયોગ બંને પ્રકારનો શૃંગાર આલેખાયો છે. કાવ્યની શૈલી સંસ્કારી છે. સુંદર અલંકાર જોવા મળે છે. ભાષા પ્રાચીન ગુજરાતી છે. 'વસંતવિલાસ' એટલે ચમક ચમક થતી ચાંદરણી જેવું અત્યંત મધુર અને મોહક કાવ્ય. એ જમાનામાં કવિઓ સંયમ અને ધર્મની કવિતા લખતા હતા તે સમયમાં જીવનના ઉલ્લાસનું આ એક જ કાવ્ય આપણને મળે છે.



વિશ્વશાંતિ

- ઉમાશંકર જેઠાલાલ જોશી

જે પ્રકૃતિનો ચાહક છે. જેના રોમ રોમમાંથી કવિતા સ્ફુરે છે. આજે વિશ્વમાં ચારે તરફ અશાંતિનો મેળાવડો છે. દરેક જીવ શાંતિ માટે આમતેમ ફરી રહ્યો છે. સાચી શાંતિ ક્યાં છે?

'વિશ્વશાંતિ'માં કવિ આ શાંતિના અભાવનું કારણ આપે છે. કવિના ખ્યાલ મુજબ આ સમગ્ર વિશ્વના કોઈપણ ખૂણામાં સત્ય, પ્રેમ અને સૌંદર્ય કચડાતાં, ઘવાતાં રહેશે ત્યાં સુધી આ વિશ્વમાં શાંતિ નહીં હોય.

વળી વધારે આનંદ અને આશ્ચર્યની વાત એટલા માટે પણ છે કે કવિએ આ બધું માત્ર ૧૯ વર્ષની વયે વિચાર્યું છે, ના માત્ર વિચાર્યું છે પણ તેને કાવ્ય સ્વરૂપે કાગળ પર ઉતાર્યું છે. કવિએ શાંતિની વાત માત્ર માનવ પૂરતી મર્યાદિત નથી રાખી. કવિએ પ્રકૃતિનાં બધાં જ તત્ત્વોને શાંતિમય વાતાવરણ મળી રહે તેવી ઝંખના કરી છે.

"વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી.
પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ."

સમગ્ર વિશ્વ આજે જ્યારે યુદ્ધ જેવી ભયંકર ત્રાસદાયી ઘટનાઓથી બચવા માટે સતત પ્રયત્નશીલ છે ત્યારે આ કાવ્ય ભારતીય સંદેશને અદ્ભુત રીતે રજૂ કરે છે. ગાંધીજીનો માનવ પ્રેમ અને વિશ્વ ભ્રાતૃભાવની ભાવના તેમજ વિશ્વ શાંતિ માટેનો વિચાર અહીં ખૂબ સારી રીતે રજૂઆત પામ્યો છે. આ કાવ્ય કવિને નાની વયે પ્રશંસા અપાવનારું બન્યું છે.



સત્યના પ્રયોગો

- મોહનદાસ કરમચંદ ગાંધી



મોહનદાસથી મહાત્મા સુધીની યાત્રામાં ગાંધીજી સદૈવ સત્ય જ શોધતા રહ્યા છે. તેમણે પોતે પણ આ વાત કહી છે. પોતાનું જીવન સત્યની શોધ માટેના પ્રયોગ જેવું છે. એ રીતે જોતાં તેમણે 'આત્મકથા'ને 'સત્યના પ્રયોગો' એવું શીર્ષક આપ્યું છે.

આઝાદીની લડતનાં વર્ષો દરમિયાન 'નવજીવન' પત્રમાં ગાંધીજીની આત્મકથા હપ્તાવાર છપાઈ હતી. તેનું નામ 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' અપાયું છે. ગાંધીજીની સત્ય વિશેની સમજણ, માન્યતા, વિચારણા, વિભાવના બધું જ વ્યાપક છે. તેનાં ઘણાં અંગો છે જેની તેમણે નિખાલસતાથી આ ગ્રંથમાં ચર્ચા કરી છે.

કથામાં ગાંધીજીના બાળપણના અનુભવો, શિક્ષણ, નાની વયે લગ્ન, માંસાહાર, ચોરી, પાપ, પિતા-પુત્રના સંબંધો, ધર્મ જિજ્ઞાસા, વ્યવસાય, બેરિસ્ટર બન્યા ત્યારના અનુભવો, નાત બહાર મૂકાયા તેની વાત, દક્ષિણ આફ્રિકાના વૃત્તાંત જેવા જીવનના જુદા-જુદા પ્રસંગોને સત્યના સંદર્ભથી જોવાનો પ્રયત્ન થયો છે.

સત્ય કેટલું વિશાળ છે એની ઊંડી સમજ ગાંધીજી પાસે હતી નહીંતર કદાપિ તે આવું પુસ્તક ન લખી શકતા. તેમણે આત્મનિરીક્ષણની સાથે આત્મ પરિક્ષણની વાત ઉપર પણ ભાર મૂક્યો છે.

ભાષા શૈલી સરળ અને સહજ છે. ક્યાંય પણ પાંડિત્યનું પ્રદર્શન કરવાનો પ્રયત્ન નથી. આટલી વિશાળ કથાને ૫૦૦ કરતાં ઓછાં પાનાંમાં સમાવી લેવાનું કામ ગાંધીજી જેવા વિરલા જ કરી શકે. આ કથા એ સમગ્ર વિશ્વમાં અનેક ભાષાઓમાં ભાષાંતરિત થઈ વેચાતી કથા છે. અફસોસ એ કે ભારતનાં અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં તેનું વેચાણ ઓછું છે.

સત્યાર્થ પ્રકાશ

- મહર્ષિ દયાનંદ સરસ્વતી

"તત્ત્વજ્ઞાન જીવનના આચરણમાં ન ઉતરે તો એ તત્ત્વજ્ઞાન નિરર્થક છે." તત્ત્વજ્ઞાનને સાચા સ્વરૂપે સમજીને જીવનમાં ઉતારવા માટે હિંમત જોઈએ પણ સાચા સ્વરૂપને સમજાવવું એ તો એટલું કપરું છે કે તેમાં બમણી હિંમત જોઈએ. આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આવી હિંમત દાખવી અને લોકાચારમાં વણાઈ ગયેલા ધર્મના કુરૂપને લોકોની વચ્ચે લાવી સત્રૂપને પ્રત્યક્ષ કરવાનું કાર્ય એટલે મહામૂલો ગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ'; મતલબ સત્યનો પ્રકાશ.

ચૌદ સમ્મુલ્લાશમાં વહેંચાયેલા આ ગ્રંથમાં બ્રહ્માજીથી શરૂ કરીને જેમીનીગામી સુધીના મહાપુરુષોના વિચારો અને વાણીને તર્કની કસોટીએ ચડાવીને મૂક્યા છે. તેમનો આ ગ્રંથ મૂળ ધારણા 'બધા ધર્મોનું મૂળ વેદ છે'થી શરૂ થાય છે અને સમગ્ર ગ્રંથ લેખનમાં સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે કે વેદ પ્રામાણ્ય કંઈક જુદું જ છે, જે તત્કાલીન ધર્મ કરતાં ભિન્ન છે.

પ્રથમ સમુલ્લાસમાં ઈશ્વરની, બીજામાં બાલશિક્ષણ, ત્રીજામાં સ્વાધ્યાય, શિક્ષણ, ચોથામાં લગ્ન, ગૃહસ્થાજીવનનો ધર્મ, લગ્નનું મહત્ત્વ અને જરૂરિયાત. પાંચમામાં વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસની સમજ. છઠ્ઠામાં રાજનીતિ વિષયક ઉપદેશ, સાતમામાં ઈશ્વરની આરાધના અને પૂજા, આઠમામાં સૃષ્ટિ, મનુષ્ય અને બીજા. નવમામાં જ્ઞાન-અજ્ઞાન, મોક્ષ, નિર્વાણની સમજ. દસમામાં ખોરાક સંબંધી વેદપ્રામાણની સમજૂતી, અગિયારમામાં જુદા જુદા સંપ્રદાયો, ધર્મો વિગેરે વિશે મતભેદની ચર્ચા, બારમામાં ચાર્વાક, બૌદ્ધ અને જૈન, તેરમામાં ખ્રિસ્તી ધર્મ અને ચૌદમા સમુલ્લાસમાં ઈસ્લામની સમીક્ષા તર્કબદ્ધ રીતે સુંદર રજૂઆત કરી છે.

આમ, સમગ્ર ગ્રંથમાં વેદ ધર્મ સૌથી ઉચ્ચ અને બધી રીતે શ્રેષ્ઠ છે એની કસોટી તર્ક અને બુદ્ધિ પ્રમાણથી કરી લોકોને વેદ અનુસારનું જીવન જીવવાનો ઉપદેશ આપતો ધાર્મિક ગ્રંથ એટલે 'સત્યાર્થ પ્રકાશ'.

સમૂળી ક્રાંતિ

- કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

દુનિયાભરના લોકોએ સિદ્ધાંતો અને નિયમો બનાવ્યા. જે વ્યક્તિગત કે સમૂહના હિત માટે ફાયદાકારક રહ્યા છે. પણ આ બધા જ નિયમો જે તે સમય વિશેષની માંગ હોઈ સમય પરિવર્તનની સાથે લુપ્ત થયા, ભૂલાઈ ગયા કે જૂના થઈ ગયા છે.

આજે પણ જો કંઈ નવું છે, કંઈ શીખવા જેવું છે તો તે છે ભારતીય ધર્મ અને સંસ્કૃતિનાં પાયારૂપ તત્ત્વો સત્ય અને અહિંસા.

ભારતીય પ્રજા આજે પણ સત્ય અને અહિંસાને વરેલી છે. કેટલાક દેશોએ ભારતીયોની આવી સત્ય પરાયણતાને ખોટી ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે. કિશોરલાલ મશરૂવાળાનું ધર્મ અને તત્વજ્ઞાન વિશેનું ચિંતન ઉચ્ચ કોટિનું છે. જે 'સમૂળી ક્રાંતિ'માં દેખાઈ આવે છે.

આ સૃષ્ટિના અણુએ અણુમાં વ્યાપ્ત પરમાત્માને સમજવાની, જવ અને પરમાત્માની શક્તિમાં ભેદ, ધર્મને સમજવાની દૃષ્ટિ જેવી વાતો મશરૂવાળાએ 'સમૂળી ક્રાંતિ'માં કરી છે. જેનો હેતુ બદલાયેલા અને બદલાતા જતા સમાજને ટકી રહેવાની પ્રેરણા આપવા માટે આ પુસ્તક લખાયું છે. ઈશ્વર એક જ છે અને તે સત્ય જ છે. આ બન્ને બાબતો ગાંધીજીએ જે સ્વરૂપે સ્વીકારી છે, મશરૂવાળા દ્વારા પોતાનાં લખાણોમાં આ સત્યને જ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન થયો છે.

પુસ્તક ધર્મ અને સમાજ, આર્થિક ક્રાંતિ, રાજકીય ક્રાંતિ અને કેળવણી એમ ચાર વિભાગમાં વહેંચાયેલું છે. હિંદુ ધર્મ, ફુરસદવાદ, લોકશાહી, ચારિત્ર્ય શિક્ષણ વગેરે પ્રશ્નો અંતરમનના ઊંડાણથી સમજી તેમણે દૃષ્ટાંતો આપી સ્પષ્ટ ચર્ચા કરી છે. આ પુસ્તક વિશે પંડિત સુખલાલજીનું કહેવું છે :

'સમૂળી ક્રાંતિ' એ પ્રજા જીવનનું નબળું પાસું રજૂ કરે છે અને તે દૂર કરવાના અથવા તેમાંથી મુક્ત થવાના સંકેતો છે.

સરસ્વતીચંદ્ર

- ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી



'સરસ્વતીચંદ્ર' નામ લેતાં જ ગુજરાતી સાહિત્યના શિખર તરફ ધ્યાન જાય છે. કદાચ એટલે જ આ નવલકથાને પંડિત યુગનું મહાકાવ્ય કે પુરાણ કહ્યું છે. વળી, પુરાણ કહેવા પાછળનું એક કારણ એ પણ છે કે નવલકથા ચાર ભાગોમાં અને ૧૮૦૦ જેટલાં પાનાંમાં આકાર લે છે.

લેખકે પ્રત્યેક ભાગને એક ઉપશીર્ષક પણ આપ્યું છે. 'બુદ્ધિધનનો કારભાર', 'ગુણસુંદરીનું કુટુંબજાળ', 'રત્નનગરીનું રાજ્યતંત્ર' અને 'સરસ્વતીનું મનોરાજ્ય' તેમજ પૂર્ણાહુતિ. આ ચાર ભાગોમાં કથા પથરાયેલી છે. કથા કંઈક આ પ્રમાણે છે :

કથાનાયક સરસ્વતીચંદ્ર મુંબઈના ધનવાન વેપારી લક્ષ્મીનંદનનો શિક્ષિત અને વિદ્યાપ્રેમી પુત્ર છે. કથાનાયિકા કુમુદસુંદરી, રત્નનગરીના અમાત્યની પુત્રી છે. નાયક-નાયિકાની સગાઈ થઈ ગઈ છે. તેવામાં અપરમાતા અને પિતાનાં કટુવેણ સાંભળી સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે. કુમુદસુંદરીનાં લગ્ન સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનના પુત્ર પ્રમાદધન સાથે થાય છે.

સંજોગો સરસ્વતીચંદ્રને બુદ્ધિધનના ત્યાં ખેંચી લાવે છે પણ પોતાને કારણે કુમુદ સુંદરી બદનામ ન થાય તે વિચારી તે ત્યાંથી પણ જતો રહે છે. રસ્તામાં બહારવટિયાઓ તેને ઘાયલ કરે છે. સાધુઓ તેને પોતાના મઠમાં ખેંચી લાવે છે. પિયર જવા નીકળેલી કુમુદસુંદરી પણ સંજોગોવસાત્ મઠમાં આવી ચડે છે. ત્યાં અનેક ઘટનાઓના તાણાવાણા ખૂલે છે અને કુમુદસુંદરી સરસ્વતીચંદ્રને પોતાની નાની બહેન કુસુમસુંદરી સાથે પરણાવવાનું ગોઠવે છે. આમ, કથા સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક જેવાં માનવજીવનનાં અનેક પાસાંને સ્પર્શે છે.

'વરદાન સ્વરૂપ' આ કૃતિ આજે પણ ગુજરાતી સાહિત્યમાં ટોચનું સ્થાન ધરાવે છે. કોઈ એકમાત્ર રચના ક્યારેક કોઈ રચનાકારને અમર બનાવી દે છે. 'સરસ્વતીચંદ્ર'ને પણ આ વાત લાગુ પડે છે. 'સરસ્વતીચંદ્ર' આજે પણ એટલી જ લોકપ્રિય છે. કોઈ સાહિત્યકાર કે સામાન્ય વાચક જ્યારે વાંચનની વાત કરે ત્યારે તે 'સરસ્વતીચંદ્ર'નું નામ ઉચ્ચાર્યા વગર નહીં રહે. કવિ ન્હાનાલાલે તેમને 'જગત સાક્ષર' કહ્યા તે આ વાતની સાબિતી છે.

સિદ્ધહેમ શબ્દાનુશાસન

- હેમચંદ્રાચાર્ય

ગ્રંથો તો અનેક રચાય છે, પણ અવિસ્મરણીય અને અદ્વિતીય એ જ ગ્રંથો બને છે, જે પોતાના સમયના કે યુગના તો ખરા જ સાથે સાથે અનેક યુગોના પથપ્રદર્શક અને પ્રેરણાદાયી બની રહે છે. હેમચંદ્રાચાર્ય રચિત ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ને આવા ગ્રંથોની શ્રેણીમાં મૂકી શકાય.

પોતાની આસપાસના પ્રદેશોમાં વિવિધ વિષયોના ગ્રંથોની રચના થઈ હતી. આવા અને એનાથી પણ ચડિયાતા ગ્રંથો પોતાના રાજ્યમાં રચાય તેવા આશયથી ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે હેમચંદ્રાચાર્યને આ કાર્ય સોંપ્યું. હેમચંદ્રાચાર્ય ન્યાય, દર્શનશાસ્ત્ર, વ્યાકરણ અને સાહિત્યશાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા. તેમના આ જ્ઞાનનું તેજ ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’માં જોઈ શકાય છે. તેનો રચનાકાળ લગભગ વિક્રમ સંવત ૧૦૮૯થી ૧૧૭૩ વચ્ચેનો ગણાવી શકાય.

‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’માં વ્યાકરણની તમામ વિધિઓ અને નિયમોને કાવ્યપંક્તિઓ રૂપે ગ્રંથસ્થ કરી છે. વિષયનું વૈવિધ્ય પણ તેમાં જોઈ શકાય છે, જેમકે, વીર યુવાનોનું શૌર્ય, નવી પરણેલી નવવધૂનું આલેખન, રાજા-રજવાડાંઓની ખુશામત, નાયિકાની વિરહ-વેદના, શત્રુઓની કાયરતા, પુત્રઉછેર, માતૃભૂમિનું ગૌરવ, રણભૂમિનું વર્ણન, કાયરો પ્રત્યે નફરત જેવા વિષયોનું વર્ણન છે. તેમ છતાંય કેન્દ્રસ્થાને ધર્મની વાત રાખવામાં આવી છે. આ ગ્રંથની ભાષાને અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતી ગણાવી શકાય. આ ગ્રંથમાં હેમચંદ્રાચાર્યે જે સર્જનશક્તિ અને પ્રખર બુદ્ધિનો પરિચય આપ્યો છે તેના કારણે તેમને ‘કલિકાલસર્વજ્ઞ’નું વિશિષ્ટ બિરૂદ આપવામાં આવ્યું હતું. આ ગ્રંથના સન્માનમાં સિદ્ધરાજે હાથીની અંબાડી ઉપર આ ગ્રંથ મૂકી આખા રાજ્યમાં તેની યાત્રા કરાવી હતી. સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્યના સુભગ સમન્વયને કારણે આ ગ્રંથ ‘સિદ્ધ-હેમ’ એવા નામથી ઓળખાયો. વ્યાકરણમાં શબ્દનું મહત્ત્વ સ્થાપિત કરતો હોવાથી તેને ‘શબ્દાનુશાસન’ એવા નામથી પણ ઓળખવામાં આવે છે. તેના કેટલાક દોહા જોઈએ :

“પુત્તે જાય કવણુ, ગુણ-અવગુણ કવણ મુએણ,
જા બકતી કી ભહુંડી ચમ્પીઝઝઈ અવરેણ.”

અર્થ : બાપ દાદાની ભૂમિ અન્ય શત્રુઓ વડે હણાઈ જાય તો પુત્રના જન્મથી શો લાભ અને મર્યાની શી ખોટ?

“ભલ્લા હુવા જો મારીસા બહેણિ મહારા કન્તુ
લજ્જે જજ્જંતુવૈસી અહું જંઈભગ્ગા ઘરું એન્તુ.”

અર્થ : ભલું થયું કે બહેન, મારા કંથ (પતિ) રણમાં ખપી ગયા. ભાગીને જો ઘેર આવ્યા હોત તો સખીઓ આગળ હું લાજી મરત.

હેમચંદ્રાચાર્યે આ ગ્રંથમાં જે અદ્‌ભુત સર્જન કર્યું છે, તે આવનારા સમયના અનેક ભાષાશાસ્ત્રીઓ અને સંશોધકો માટે પથપ્રદર્શકનું કાર્ય છે.

સિંહાસન બત્રીસી

- શામળ



મધ્યયુગનાં જે મુખ્ય સાહિત્ય સ્વરૂપો છે તેને છોડીને શામળે ગદ્યવાર્તામાં ઝંપલાવ્યું, જેના કારણે તે મધ્યયુગના અન્ય રચનાકારો કરતાં જુદા તરી આવે છે. 'સિંહાસન બત્રીસી'એ શામળની આવી જ એક કૃતિ છે.

શામળે પ્રાચીન સંસ્કૃત લોકકથાઓનો આધાર લઈ પોતાની મૌલિક સાહિત્યસર્જન શક્તિથી 'સિંહાસન બત્રીસી'ની રચના કરી છે. આ કૃતિમાં ૩૧ વાર્તાઓ ટૂંકા સ્વરૂપની છે જ્યારે ૩૨મી વાર્તા એ 'વેતાલ પચીસી' એવા નામ સાથે અન્ય ૨૫ વાર્તાઓનો સમૂહ છે. બધી વાર્તાઓના કેન્દ્રમાં નાયક તરીકે રાજા વિક્રમની વાત થઈ છે. પણ આ રાજા વિક્રમ કોઈ ઐતિહાસિક વિક્રમ સાથે મેળ ખાતો નથી. શામળે તેને સર્વગુણ સંપન્ન અને પૂર્ણ પુરુષ તરીકે કલ્પ્યો છે. જે સતત બીજાની મદદ માટે તત્પર રહે છે.

કૃતિનો આરંભ ચમત્કારિક ટેકરા (ટીંબા)થી થાય છે. આ ટેકરાને ખોદતાં તેમાંથી એક સિંહાસન મળે છે. રાજા ભોજ જેવો આ સિંહાસન પર બેસવા જાય કે તરત જ એક પૂતળી તેને અટકાવે છે અને અહીં તો માત્ર વિક્રમ જેવો જ રાજા બેસી શકે તેવું કહી વિક્રમની પ્રશંસા કરતી એક વાર્તા કરે છે. આ સતત ૩૨ વાર્તાઓનું ચક્ર ચાલે છે જે કથા વાચકને વિસ્મયની એક અદ્‌ભુત દુનિયાની સફર કરાવે છે.

આ વાર્તાઓ કંઈક આ પ્રમાણે છે - હરણ, વિપ્ર, કમળ, સિંહલ દેશની પદ્મિની, પંચદંડ, અબોલા રાણી, નાપિત, ધન્વંતરિ શેઠ, હંસ, ગંધર્વ સેન, કલશ, વિક્રમ ચરિત્ર, સમુદ્ર નૌકા, મેના પોપટ, કાષ્ઠનો ઘોડો, પંખી, વહાણ, ભાલારામ, વેતાળ ભાટ, કામધેનુ, પાન, ભદ્રાભામિની, ગોટકો, જોગણી, માધવાનલ-કામકંદલા, લક્ષબુદ્ધિ, શુક-સારિકા, સ્ત્રીચરિત્ર, ભરથરી, ભૂપ, રૂપાવતી અને વેતાલ પચીસી. વળી આ વાર્તા પૂરી થાય એટલે રાજા ભોજ વિક્રમ જેવો મહાન રાજા બનવાનો નિર્ધાર કરી ફરી પાછો બીજે દિવસે તે સિંહાસન પર બેસવા આવે છે ફરી એક પૂતળી તેને અટકાવે છે અને આમ વાર્તાઓનું ચક્ર સતત ચાલ્યા કરે છે. જે કથા રસિકને આનંદ આપનારું બની રહે છે.

'સિંહાસન બત્રીસી'ની મોટા ભાગની વાર્તાઓ મૌલિક નથી. શામળે બીજી કથાઓમાંથી કથા વિચાર લઈ વાર્તાઓ રચી છે, પણ તેમાં શામળે એટલું ચાતુર્ય રાખ્યું છે કે એ મૌલિકતાની વધુ નજીક લાગે છે. ગમે તે હોય શામળને આ મૌલિક સૂઝની દાદ દેવી જ પડે.

સુદામાચરિત્ર

- નરસિંહ મહેતા

એવા રે અમે એવા રે,
તમે કહો છો વળી તેવા રે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો
કરશું દામોદરની સેવા રે.

ભક્તિ કરવી એ જ જેના જીવનનું એકમાત્ર ધ્યેય છે એવા નરસિંહ મહેતાએ મધ્યકાલીન સાહિત્ય પ્રવાહમાં જાણતાં કે અજાણતાં વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. ભક્તિ અને મિત્રતાની અદ્ભુત વાત રજૂ કરતું નરસિંહનું 'સુદામા ચરિત્ર' ઝૂલણાંની દેશીનાં ૯ પદોમાં સુંદર રીતે ગવાયું છે. કૃષ્ણ-સુદામાની જગ વિખ્યાત મિત્રતાને કથાના આધાર તરીકે નરસિંહે પસંદ કરી છે.

કથા કંઈક આ પ્રમાણે છે. સુદામા અતિ દરિદ્ર અવસ્થામાં જીવન પસાર કરી રહ્યા છે. જેને પોતાનો બાળપણનો સખો ગણાવે છે તેવા શ્રી કૃષ્ણ દ્વારકાના રાજા છે. પણ મિત્રતામાં મિત્ર પાસે કંઈ માંગી ન શકાય તેવો ખ્યાલ સુદામાનો છે. વળી મિત્રને મળવા જવામાં કંઈ ભેટ-સોગાદ પણ લઈ જવી પડે જે પોતાની પાસે છે જ નહી. તેમ છતાંય પત્નીનાં મેણાં-ટોણાં સાંભળી તાંદુલની પોટલી લઈ મિત્રને મળવા જવા નીકળે છે. મિત્ર કૃષ્ણ તેમનું ભવ્ય સ્વાગત કરે છે. બધી જ વાતચીત થાય છે. પણ સુદામા પોતાની અવસ્થા વિશે કૃષ્ણને કંઈ કહેતા નથી. જોકે, અંતર્યામી ભગવાન ભક્તની પરિસ્થિતિથી વાકેફ છે એટલે કંઈ જ પૂછતા નથી. અંતે મહેમાન ગતિ માણી દુઃખી હૃદયે સુદામા ઘરે પાછા ફરે છે, ત્યારે જ્યાં પોતાનું ઘર હતું ત્યાં એક આલીશાન મહેલ અને નોકર-ચાકર જુએ છે અને ચકિત થઈ જાય છે. આમ ભગવાન ભકત અને મિત્ર બન્નેની લાજ રાખે છે.

આ કથાને પદ્યમાં પદોમાં રજૂ કરી એક સુગ્રથિત કૃતિ નરસિંહ મહેતાએ આપી છે.

આ કૃતિ કેદાર રાગમાં ગવાય છે. કેદાર રાગમાં ગવાતુ હોવાના કારણે આ કાવ્ય 'સુદામાજીના કેદારા'નામે જાણીતું થયું છે.

ભક્ત અને મિત્ર એ બન્ને ભૂમિકામાં સુદામાનું ચરિત્ર અવિસ્મરણીય બન્યું છે. નરસિંહ પછીના રચનાકારોએ આ કાવ્યને આધાર માની 'સુદામા ચરિત્ર'નામે જ કાવ્યો રચ્યાં છે. જેમાં પ્રેમાનંદનું નામ મોખરે છે.

નરસિંહની આ નાનકડી કૃતિ ખરેખર સુંદર બની છે. સુદામા જ્યારે પાછા ફરે છે એ પછી જ્યાં પોતાનું ઘર હતું ત્યાં મહેલનું વર્ણન જોઈએ :

રત્ન જડિત મણિભવન શોભા ઘણી
દેવ શું દ્વારકા ફરીને લાવ્યો?
કનકની ભૂમિને વિદ્રુમના થાંભલા,
અર્કની જ્યોત ઉદ્દ્યોત દીસે.

'સુદામા ચરિત્ર'ને મિત્રતાનું અદ્ભુત કાવ્ય ગણાવી શકાય.

સુદામાચરિત્ર

- પ્રેમાનંદ



આપણે પાઘડી પહેર્યા વગરના પ્રેમાનંદના ચિત્રથી સારી રીતે પરિચિત છીએ. એક વખત હિદીં ભાષામાં રચના કરતાં પ્રેમાનંદને એના ગુરુએ કહ્યું : “ઉંબર મૂકી અને તું ડુંગરને પૂજે કેમ?” આ વાતથી પ્રેમાનંદને લાગી આવ્યું.

પ્રેમાનંદે ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ કરવાનું નક્કી કરી પ્રતિજ્ઞા લીધી કે “જ્યાં સુધી ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા બીજી ભાષાઓ જેવી સમૃદ્ધ ન કરું ત્યાં સુધી પાઘડી નહી પહેરું.” આ મહાકવિ બીજું કોઈ નહીં એ જ વડોદરાના વતની પ્રેમાનંદ કૃષ્ણરામ ભટ્ટ. પોતે જે પ્રતિજ્ઞા લીધી એને પૂરી કરવા ‘પ્રેમાનંદે’ અનેક કૃતિઓ રચી છે જે પૈકીની એક છે ‘સુદામાચરિત્ર’.

‘સુદામાચરિત્ર’ની કથા ૧૪ કડવામાં આલેખાયી છે. ‘ભાગવત’માં સુદામાની કથા બ્રહ્મણ્યદેવની બ્રહ્મણ્યતાના એક દૃષ્ટાંતમાં જોઈ શકાય છે. પ્રેમાનંદનો આશય પણ આવો જ રહ્યો છે. ભગવાન શ્રી કૃષ્ણ અને સુદામાની જગ પ્રચલિત મૈત્રીથી કોણ પરિચિત નથી. પ્રેમાનંદે પણ આ મૈત્રીને જ આધાર બનાવી સુદામાચરિત્ર રચ્યું છે.

આખ્યાનમાં સુદામાના દામ્પત્યજીવનની સુદામાની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિસ્થિતિની, કૃષ્ણ-સુદામાની મૈત્રીની વાત પ્રેમાનંદે હળવી શૈલીમાં રજૂ કરી છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં થયેલી મૈત્રી સુદામાના જીવનમાં કેટલી મહત્વની છે અને કૃષ્ણ પોતે ભગવાન હોવા છતાં માનવ અવતારે હોવાથી કેવી માનવ સહજ મૈત્રી નિભાવે છે તેની વાત ૧૪ કડવામાં વણી લેવાઈ છે.

આખ્યાનમાં સરળ પ્રવાહમાં વહેતી સુદામાની વાતમાં નાટ્યાત્મકતાનું તત્ત્વ ઉમેરીને પ્રેમાનંદે એક ઉત્તમ કોટિની રચના આપી છે.



સોક્રેટીસ

- મનુભાઈ પંચોળી 'દર્શક'

જીવનમાં દરેક અનુભવે જુદો-જુદો જવાબ મળે એવો જીવનનો સૌથી સૂક્ષ્મ સવાલ - "ભલા થઈને કહેશો કે ભલું એટલે શું?"

આવા એક સવાલના જવાબમાં દુનિયાના ઈતિહાસસિદ્ધ તત્ત્વચિંતક અને તત્ત્વજીવનના માલિક એવા સોક્રેટીસના તત્ત્વજ્ઞાનનું જીવનના પ્રેમ, ધિક્કાર, વિકાસ, શાંતિ, રાજનીતિ, યુદ્ધ, મિત્રતા, ઈશ્વરીય દર્શનશાસ્ત્રનાં વિવિધ પાસાંનો ગુજરાતી વાચકને રસમય આસ્વાદ કરાવતી નવમ કલા રૂપેણ સાહિત્ય નજરાણું એટલે 'દર્શક'ની સોક્રેટીસ. ૪૬૮ પાનાંમાં વિચરતી આ નવલકથા બાળ ક્રિશ્યશ અને વૃદ્ધ સોક્રેટીસની મિત્રતાથી આરંભાય છે.

ગ્રીસની સંસ્કૃતિ અને એથેન્સ નગરની માનવીય ભાવનાનું દર્શન કરાવતી આ કથા, ડેલ્ફીની દેવી, દેવદર્શિની, પેરિલિકશ, વારાંગના કે પછી રાજાનો વિસામો શી એશ્યેશિયા, તેની દીકરી મીડીયા, સોક્રેટીસના બે શિષ્યો અને કટ્ટર હરિફો એપોલો ડોરસ અને ક્રિશ્યશ, પ્રજાકલ્યાણ ઈચ્છતો પેરિલિક્સ અને ખંધો વેપારી એનેટ્સ અને સૌથી નાનું પણ મહત્ત્વનું સ્ત્રીપાત્ર સોક્રેટીસની પત્ની અને બીજાં અનેક પાત્રોના માધ્યમથી જીવનના બધા રસોમાં ગૌતમ બુદ્ધના મધ્યમ માર્ગને જાણે-અજાણે પ્રતિબિંબિત કરે છે.

સ્પષ્ટ સ્વરૂપે દેવોનો ઈન્કાર ન કરતાં સોક્રેટીસ, મીડીયા સાથેના સંવાદમાં 'ચાંદની માત્ર ડેલ્ફીમાં જ વરસે છે, એવું કંઈ થોડું છે?" કહી "જ્યાં હો ત્યાં દેવોના પ્રિય થઈને રહેવું" એવું સરળ સત્ય સમજાવે છે ત્યારે ઈશ્વરભક્તિના દેખાડા કરતાં માનવ આચરણનું મહત્ત્વ વધારી મૂકે છે.

પેરિલિકસ સાથેના સંવાદોમાં પ્રજાકલ્યાણની રાજનીતિ, લોકશાહીના સદ્ઉપયોગની સાથે દૂરઉપયોગની ચિંતા પણ વ્યક્ત થાય છે જે સાંપ્રત સમયમાં ભારતીય લોકતંત્રના મૂળ એવા નાગરિકો માટે ચિંતનનો અવસર પૂરો પાડી શકે તેમ છે.

એપોલો ડોરસના માધ્યમથી વીરતાની સાથે સાથે પ્રામાણિકતા ઉપરાંત ભૌતિક જરૂરિયાતો કરતાં જ્ઞાનનો મહિમા સમજાવવામાં કથાકાર સફળ થાય છે. જ્યારે મીડીયા સાથેની વાતચીત દરમિયાન સોક્રેટીસ કહે છે, "સેનાપતિઓ અને રાજનીતિજ્ઞોને મૂકીને એપોલો ડોરસ પેલાની પાસે શા માટે આવે છે?" ક્રિશ્યશના માધ્યમથી નફરત કરતાં પ્રેમતત્ત્વ માણસને જીવનું વધુ બળ આપે છે, ઉદ્વેગરહિત મૈત્રી તરફ ચલાવે છે એવો સ્પષ્ટ સંદેશ સોક્રેટીસને થયેલા દેહાંતદંડની સજા પછી ક્રિશ્યશના મુખે ઉચ્ચારાતાં વાક્યોમાં પડઘાય છે.

એપોલો ડોરસને ધિક્કારતો ક્રિશ્યશ માત્ર સોક્રેટીસના મૈત્રીપૂર્ણ પ્રેમપ્રભાવને કારણે પૂર્ણવત્ ધિક્કારી નથી શકતો ત્યારે સોક્રેટીસને પૂછી બેસે છે કે તમારા વશીકરણમાંથી કેવી રીતે છૂટી શકાય? આમ, મૈત્રીબંધનની મહત્તા સામે નફરતનું ઝેર લાચાર બની જાય છે અને અંતે શાશ્વત સત્ય.

"જીવતર કિંમતી છે કે સાચું જીવતર?"

તમામ માનવો માટેનો યક્ષ પ્રશ્ન. ઉત્તર જડે તો ગાંધી, ઈશુ, સોક્રેટીસ કે પછી...

મૈત્રી...

સોરઠી બહારવટિયા

- ઝવેરચંદ કાલીદાસ મેઘાણી

'પહાડનું બાળક' તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરનાર અને રાષ્ટ્રીય શાયરનું સન્માન પામેલા સોરઠી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ તેમના ગદ્યમાં સોરઠી લોકજીવનને ખૂબ સરળ, સહજ અને છતાંય રસપ્રદ રીતે રજૂ કર્યું છે.

સોરઠની ભૂમિ સંતો અને વીરોની ભૂમિ છે. સામાન્ય પ્રજા માટે રક્ષક અને પ્રજાને ખોટી રીતે રંજાડનારાઓ માટે ભક્ષક એવા શૂરા બહારવટિયાઓની કથાઓ 'સોરઠી બહારવટિયા'માં ખૂબ સરસ રીતે રજૂ થઈ છે. મેઘાણીએ તેને જીવંત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ ત્રણ ભાગમાં રજૂ થયેલી વાતો એ કપોળ કલ્પિત ઘટનાઓ કે કોઈ રાજકુમારની વાત નથી. અહીં તો જે છે તે ભૂતકાળમાં થઈ ગયેલા અન્યાય સામે લડનારા આપણા જ લોકોની વાત છે. આ સંગ્રહમાં કોઈ ડાકુ કથા કે દંતકથા નથી પણ આપણી જ ધરા પર થઈ ગયેલા જેના સાક્ષી અને પુરાવા ઈતિહાસમાંથી મળી આવે છે, તેવા બહારવટે ચઢનારા લોહીની વાતો છે. સોરઠની ધરતી માથે જ્યારે અસામાજિક તત્ત્વોનો ત્રાસ વધ્યો કે ગોરા અંગ્રેજોની જોરજુલ્મી વધી ત્યારે આ ભૂમિએ એવા વીરપુરુષોને જગાડ્યા કે જેમણે આ દુષ્ટોને આ ભૂમિ પરથી ખદેડવા માટે, તેમનું નામોનિશાન મિટાવી દેવા માટે, તેમના જુલમનો અંત આણવા માટે હથિયાર ઉપાડ્યાં.

જોધો માણેક, મૂળુ માણેક, રામ વાળો, ચાંપરાજ વાળો, વાલો નામેરી, કાદુ મકરાણી જેવાં કેટલાંક એવાં નામો છે, જે આ ગ્રંથનો આસ્વાદ કરવાનું આમંત્રણ આપે છે. આ બહારવટિયાઓ વિશે જુદાં-જુદાં પ્રમાણભૂત સૂત્રો જેવાં કે બ્રિટીશ અધિકારીઓની નોંધો, તેમનાં સગાંસંબંધીઓ અને સાથી મિત્રો પાસેથી માહિતી લઈ તે માહિતીના આધારે જે તે સમયની સામાજિક પરિસ્થિતિનું ચિત્રણ થયેલું છે. તેમાં આછું આછું કલ્પનાનું મિશ્રણ પણ જોઈ શકાય છે, પણ કથાના મુખ્ય પ્રવાહમાં તો વાસ્તવિકતા જ કેન્દ્રમાં રહે છે.

ઝવેરચંદ મેઘાણીના ગદ્ય સાહિત્યની પ્રશંસા કરતાં દિનેશ કોઠારીએ લખ્યું છે :

> "સોરઠી શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ, અલંકાર છટા, લય લહેકાને કારણે ગુજરાતી ગદ્યનો એક નવો રંગ ઊઘડ્યો છે."

આમ, મેઘાણીએ સોરઠની ભૂમિની વાતોને 'સોરઠી બહારવટિયા'માં ફરી જીવંત કરી છે.

હયાતી

- હરીન્દ્ર દવે

'હયાતી' કાવ્યસંગ્રહ એ મૂળે તો હરીન્દ્ર દવેની કવિતાનું અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથે શ્રી સુરેશ દલાલે કરેલું સંપાદન છે, જેમાંથી હરીન્દ્ર દવેની સર્જક તરીકેની સુચારુ છાપ ઊપસી આવે છે. તેઓએ સમયાંતરે ગુજરાતી કવિતામાં પોતાની આગવી કવિવ્યક્તિતા પ્રગટાવવાનો સર્જનાત્મક ઉદ્યમ કર્યો છે. એક વિકાસોન્મુખ સૌંદર્યરાગી કવિ તરીકે હરીન્દ્ર દવે ગુજરાતી કાવ્ય સાહિત્યમાં એક આગવું મહત્ત્વ ધરાવે છે. તેમની કવિતાઓમાં પરંપરાની સાથે-સાથે સાંપ્રતકાલીન કાવ્યપ્રવાહ સાથેનું સંધાન પણ જોવા મળે છે. પ્રેમને જીવનનું સર્વસ્વ માનતા હરીન્દ્રની કવિતાઓમાં વારંવાર પ્રેમનો રણકાર સંભળાય છે. "પ્રેમમાં ચાલને ચકચૂર થૈ ચાલ્યા કરીએ" કે "પ્રેમનું કોઈ અજબ પૂર થૈ ચાલ્યા કરીએ" જેવું ખુલ્લંખુલ્લા કહેતાં હરીન્દ્રનાં સંખ્યાબંધ કાવ્યોમાં પ્રેમની અનુભૂતિની સચ્ચાઈનો રણકો સંભળાય છે. પ્રેમના મર્મને વિલક્ષણ રીતે ઉદ્ઘાટિત કરતાં કહે છે :

તેં પૂછ્યો પ્રેમનો મર્મ
અને હું દઈ બેઠો આલિંગન
જ્યાં પ્રથમ મેઘ વરસ્યો
સરિતાએ તોડ્યાં, તટનાં બંધન.

આ ઉપરાંત, 'માંડ રે મળી છે', 'હોઠ મલકે તો', 'અંબોડે ગૂંથી' વગેરે કાવ્યોમાં પ્રેમનું નજાકતભર્યું નિરૂપણ છે. તો તેમનું ખૂબ જ જાણીતું ગીત - 'ને તમે યાદ આવ્યાં' પ્રકૃતિની આડમાં પ્રણયસંવેદન આલેખતું ગીત છે :

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.

ગુજરાતી સાહિત્યમાં રાધા-કૃષ્ણની વાત કરતાં અનેક કાવ્યો રચાયાં છે. જેમાં 'હયાતી'માં સંગ્રહિત 'મારી બલ્લા', 'શ્યામ શમણે મળ્યા કે', 'માધવ ક્યાંય નથી મધુવનમાં', 'કોણ માનશે?' ખૂબ લોકપ્રિય થયાં છે. ત્યાં સુધી કે 'માધવ ક્યાંય નથી મધુવનમાં' એ ગુજરાતી સાહિત્યનાં અર્વાચીન કાવ્યોમાં, કૃષ્ણ-કાવ્ય અંતર્ગત પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવું છે.

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં
માધવ ક્યાંય નથી મધુવનમાં.

ગીત, ગઝલ, છાંદસ, અછાંદસ - કવિતા બધે જ હરીન્દ્ર દવેની કુશળ આવડત દેખાઈ આવે છે. તેઓ કવિતા કરતા નથી, કવિતા થઈ જાય છે.

કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.
પંખી માળો બાંધે છે, માણસ ઘર, પ્રાણીઓ નહોરથી વેર લે છે,
માણસ રચે છે કારાગાર.

હિમાલયનો પ્રવાસ

- કાકાસાહેબ કાલેલકર



કાકાસાહેબ કાલેલકર એવું કહેતાં જ ગુજરાતી સાહિત્યમાં નિબંધના નામે સાહિત્ય પ્રકારનું હૃદય ધડકવા લાગે છે. કાકા સાહેબે તેમના નિબંધમાં ભારતનાં વિભિન્ન સ્થળો અને પ્રકૃતિ વૈભિવ્યનો જે પરિચય કરાવ્યો છે તે ચિર-સ્મરણીય છે.

ઈ.સ. ૧૯૧૨માં કાકા સાહેબ કાલેલકરે ૪૦ દિવસનો હિમાલયનો પ્રવાસ કર્યો હતો. એ વાત તેમના સ્મરણ પટ પર અંકિત થઈ ગઈ. પ્રવાસ કર્યાના લગભગ સાત વર્ષ પછી તેમણે પ્રવાસના એ પ્રસંગો અને યાદોને કાગળ પર ઉતારવાનો પ્રયત્ન કર્યો અને એ જ કારણે આપણને આટલું ઉત્તમ પ્રવાસ સાહિત્ય મળ્યું છે. પ્રવાસ વર્ણનમાં ૪૪ જેટલાં પ્રકરણો છે.

કાકા સાહેબે આ પ્રવાસ વર્ણનમાં જે ઊંડું અવલોકન રજૂ કર્યું છે તે વાચકને જાણે કે હિમાલય સુધી લઈ જતો હોય તેવી અનુભૂતિ કરાવે છે. અયોધ્યા, કાશી, હરદ્વાર, અલમોડા, બેલુડમઠ, ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ અને બદરીનારાયણની યાત્રામાં તેના પર્વતો, ખીણો, ઝરણાં, નદીઓ, વન, ત્યાનું લોકજીવન, યોગીઓ, સાધકો, ત્યાંની માન્યતાઓ, ધાર્મિક સાંસ્કૃતિક પરિબળો જેવી અનેક વિશેષતાઓને નિબંધોમાં જીવંત આલેખી છે. પ્રવાસની સાથે પ્રકૃતિમાં ઓતપ્રોત કરી નાખતા તેમના નિબંધો ક્યારેય નિબંધ વાંચતા હોય તેવું લાગવા દેતા નથી. તે કોઈ નવલકથાના અદ્‌ભુત વર્ણનોથી જરાય ઉતરતી કક્ષાના નથી.

એક અવતરણ જે તેમના “હિમાલયના પ્રવાસ”ના ‘નગાધિરાજ’ પ્રકરણમાં આવે છે :

“હિમાલય એ ભૂલોકનું સ્વર્ગ, યક્ષકિન્નરનું વસતિ સ્થાન છે. જગતનાં સર્વ દુઃખોને સમાવી લે એવડો તે વિશાળ છે. સર્વ ચિંતાગ્નિને સમાવી દે એટલો એ ઠંડો છે. કુબેરને પણ આશ્રય આપી શકે એવડો તે ધનાઢ્ય છે અને મોક્ષની સીડી બની શકે એવડો એ ઊંચો છે.”


જ્ઞાનચક્ર
(ગુજરાતી સાઈક્લોપીડિયા)
રતનજી ફરામજી શેઠ

જ્ઞાનચક્ર (ગુજરાતી સાઈક્લોપીડિયા)

- રતનજી ફરામજી શેઠ

ભારતે 'અગ્નિપુરાણ' નામે વિશ્વનો પ્રથમ જ્ઞાનકોશ કહી શકાય તેવો ગ્રંથ આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે વિશ્વને ભેટ ધર્યો છે. એનો વિશાળ ફલક માનવજીવન અને જગતનાં લગભગ બધાં જ પાસાંને સમાવી લે છે.

ગુજરાતીમાં ભાષામાં વાચ્છા અને સોલન નામના બે પારસી ગૃહસ્થોએ સર્વવિદ્યામાળા નામે કોશ રચવા પ્રયત્ન કર્યા પણ તેઓ સફળ થયા નહિ. કોશ રચવાની સફળતા રતનજી ફરામજી શેઠને મળી. તેમણે એક પારસી અરદેશર સોરાબજી કામદીનના દાનથી જ્ઞાનકોશ લખવાનું શરૂ કર્યું અને સફળ પણ થયા અને ગ્રંથ રચ્યો 'જ્ઞાનચક્ર' યાને ગુજરાતી સાઈક્લોપીડિયા.

૪૦૦થી ૪૨૫ જેટલાં પાનાંનો એક એવા કુલ ૯ (નવ) ખંડોમાં તેમણે કોશની રચના કરી છે. પ્રથમ ખંડ ૧૮૯૯માં પ્રકટ થયો. કોશની ભાષા, શુદ્ધ સાહિત્યિક ગુજરાતી રાખવાનો પ્રયત્ન કર્યો છે પણ ક્યાંક ક્યાંક પારસી ભાષાની છાંટ વર્તાય છે. ગ્રંથની વિગતો આ પ્રમાણે છે :

ખંડ	વર્ષ	પેજ	વર્ણ	લેખો
૧	૧૮૯૯	૪૨૦	અથી આજ્ઞા	૪૦૦૦
૨	૧૯૦૧	૫૦૪	ઈથી ઔક્ષી	૪૫૦૦
૩	૧૯૦૨	૩૯૪	કથી કેરોલિન	૪૦૦૦
૪	૧૯૦૩	૪૦૦	કેરોલિનથી ઘાસ	૩૫૦૦
૫	૧૯૦૪	૪૧૪	ઘાસથી ચીનાઈથી ઝોસી	૪૦૦૦
૬	૧૯૦૫	૪૨૪	ટથી ફ્રોળ	૪૦૦૦
૭	૧૯૦૮	૪૦૦	નથી બીગોનિયા	૩૦૦૦
૮	૧૯૦૯	૪૧૨	બીજથી રેસીના	૩૫૦૦
૯	૧૯૧૦	૪૪૪	રૈથી જ્ઞાનતંતુ	૩૦૦૦
કુલ : ૯	૧૨	૩૮૧૨	અથી ક્ષ, જ્ઞ	૩૫૦૦૦

જ્ઞાનસંહિતા

- બંસીધર છગનલાલ શુક્લ

વર્તમાન વિશ્વના માનવી પાસે ધન નહીં હોય તો એક સમયે ચાલી જશે પણ જ્ઞાન અવશ્ય જોઈશે. હા, આજે જ્ઞાનનો મહિમા વધી ગયો છે. દૈનિક કામોમાં ડગલેને પગલે વિવિધ માહિતીની જરૂર પડે છે. વિશ્વને નિહાળવા આંખ જરૂરી છે તો જાણવા માટે જ્ઞાન. કામ નાનું હોય કે મોટું, સામાન્ય જ્ઞાન વિના અટકી પડે છે. જેમ કે, તોલમાપની માહિતી. તોલો એટલે કેટલા ગ્રામ? માઈલ અને કિલોમીટરમાં કોનું અંતર વધારે? સોનાના કેરેટ અને હીરાના કેરેટમાં ફેર શાનો? વગેરે. 'જ્ઞાનસંહિતા' તમારા જ્ઞાન-ભંડારને સમૃદ્ધ બનાવે છે. બંસીધર છગનલાલ શુક્લ (જ.૧૯૩૧)નું લખેલું આ પુસ્તક સામાન્ય જ્ઞાનનું શ્રેષ્ઠ પુસ્તક છે. 'જ્ઞાનસંહિતા' ચાવી છે, તેનાં પાનાં ઊથલાવો એટલે તાળું ખૂલી જશે. જ્ઞાનનો ખજાનો તમારી સામે હાજર થઈ જાય છે. ક્યારેક કોઈક તારીખ-તિથિ વિશે કંઈક જાણવું છે, યાત્રા સમયે જોવા જેવાં સ્થળો વિશે વિગતો જાણવી છે, તો તમને જરૂર છે 'જ્ઞાનસંહિતા'ની. જરૂરી માહિતી સદાય હાથવગી રહેતી નથી ત્યારે આવા ગ્રંથો આશીર્વાદ સમાન નીવડે છે. સામયિક કદનાં ૬૦૦થી વધારે પાનાંમાં લેખકે એકવીસ અધ્યાયોમાં આયોજનપૂર્વક લગભગ દરેક વિષયની ભરપૂર માહિતી, સૂચિ, કોઠા તથા વિવરણ સ્વરૂપે આપી છે. આ માહિતી જેટલી ઉપયોગી છે તેટલી જ રોચક પણ છે. કંઈક નવું જાણ્યાનો આનંદ વાચકને લેખક કરાવશે એની ગેરંટી. એટલે જ તો પ્રતિવર્ષ નવી આવૃત્તિ પ્રગટ કરવી પડી છે.

આ 'જ્ઞાનસંહિતા'માં તોલમાપ અને માનસન્માનના પ્રથમ બે અધ્યાય પછી ત્રીજો અધ્યાય છે બ્રહ્માંડ. જેમાં બ્રહ્માંડ, મંદાકિની, આકાશગંગા, તારામંડળ, રાશિ અને નક્ષત્ર, તારા, સૂર્ય, ગ્રહણ, ઉલ્કા, ગ્રહ, ધૂમકેતુ, ગ્રહમંડળ, લઘુગ્રહ, ચંદ્ર, ખગોળ વિકાસ, ઉપયોગી આંકડા, પંચાંગ, વર્ષ, ઋતુ, મહિનો, વાર, સંવતો, પ્રમાણ સમય, દિવસ, વિશ્વનો સમય, સૂર્યોદય-અસ્તના સમય, સ્થાયી પંચાંગ, જ્યોતિષશાસ્ત્ર, કાલગણના, કુંડળી, મુહૂર્ત, ખગોળશાસ્ત્રીઓ, ખગોળનાં માપ, ખગોળકોશ તથા ખગોળના વિક્રમો વગેરેની પાને પાને માહિતી પથરાયેલી છે.

પૃથ્વી અધ્યાય ચોથા ક્રમે છે. જેમાં પૃથ્વીને લગતી માહિતી આપી છે. પાંચમા અધ્યાયમાં ભારતદર્શન છે. ભૌગોલિક માહિતીથી માંડીને રાજ્યો તથા પ્રદેશોની માહિતી છે. છઠ્ઠો અધ્યાય ગુજરાત છે. સાતમો અધ્યાય જિજ્ઞાસુને વિજ્ઞાનની સફર કરાવે છે. આઠમા અધ્યાયનું નામ છે ઈજનેરી અને પ્રાદ્યૌગિકી. જીવસૃષ્ટિ નવમો અધ્યાય છે તો ધર્મ નામના દસમા અધ્યાયમાં બાર મુખ્ય ધર્મોની સંપૂર્ણ માહિતી ઉપરાંત સંલગ્ન જરૂરી તમામ જ્ઞાનનો ખજાનો સાંપડે છે. અગિયારમો અધ્યાય ભાષા અને સાહિત્યનો છે. બારમામાં શિક્ષણ અને સંસ્કૃતિની વાત કરી છે. સમાજ અને ઘર છે તેરમો અધ્યાય. શરીર, આરોગ્ય અને રમતગમત ચૌદમો અધ્યાય છે. 'રમત-ગમત' ચૌદમો, 'કલા' સોળમો, 'શાસન' સત્તરમો, 'અર્થકારણ' અઢારમો અધ્યાય છે. ઓગણીસમા અધ્યાયનું નામ છે ઉદ્યોગ અધિકરણ. જેમાં વ્યાપાર-ઉદ્યોગની માહિતી અપાઈ છે. વીસમા અધ્યાયમાં તાર-ટપાલ, ટેલિફોન, આકાશવાણી, દૂરદર્શન જેવાં સંચાર માધ્યમોની અને વિવિધ પરિવહનની સંપૂર્ણ માહિતી છે.

છેલ્લા અધ્યાયમાં પ્રાચીન સંસ્કૃતિઓ, વિવિધ દેશના વડાઓ, ભારતના શાસકો, ગુજરાતના શાસકોની માહિતી તેમજ યુદ્ધોની માહિતી આપેલી છે.

પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મુદ્રક : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ